ગુજરાતનું વિશ્વસનિય દૈનિક

# પાક્કો ગુજરાત

RNI NO. : GUJGUJ/2016/67425



14 JANUARY, 2026 WEDNESDAY


પેજ 2 દર્ભાવતી સ્પોર્ટ્સ સંકુલ નો લોકાર્પણ કાર્યક્રમ યોજાયો



પેજ 3 ખનીજ વહન કરતાં વાહનો ઝડપાયા તો 30 દિવસ સુધી નહીં છૂટે



પેજ 7 બ્રહ્મકુમારીઝ સંસ્થા અને મોડેલ સામસામે



પેજ 5 વૃક્ષો વાવવા અને ઉછેરવા એ દરેક નાગરિક ની જવાબદારી: ફોરેસ્ટર અરુણ સરવૈયા

I Pakkogujarat/ I VOL : 10 I Issue : 298 I Page : 8 I Price : 1.00/- Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN •MO : 9662420070 •E-Mail : pakkogujarat7@gmail.com

### આર્મી ચીફની પાકિસ્તાનને ચેતવણી

# ઓપરેશન સિંદૂર હજુ ચાલુ છે, 8 આતંકી કેમ્પ રડાર પર

### ભારતીય સેના હવે આધુનિક ટેક્નોલોજી તરફ ઝડપથી આગળ વધી રહી છે : જમ્મુ-કાશ્મીરમાં સ્થિતિ હાલ સંવેદનશીલ હોવા છતાં સંપૂર્ણપણે ભારતીય સેનાના નિયંત્રણમાં છે

• નવી દિલ્હી

ભારતીય આર્મી ચીફ જનરલ ઉપેન્દ્ર દ્વિવેદીએ 15 જાન્યુઆરી 'આર્મી ડે' પહેલાં યોજાયેલી વાર્ષિક પ્રેસ કોન્ફરન્સમાં પાકિસ્તાન અને ચીન સહિત દેશની આંતરિક સુરક્ષા પર મહત્ત્વના નિવેદનો આપ્યા છે. 13 જાન્યુઆરીના રોજ માણેકશો સેન્ટર ખાતે આયોજિત આ કોન્ફરન્સમાં તેમણે સ્પષ્ટ ચેતવણી આપી હતી કે ઈન્ટરનેશનલ બોર્ડર(IB) અને લાઈન ઑફ કંટ્રોલ(LC)પર હાલમાં 8 જેટલા આતંકી કેમ્પ સક્રિય છે. સેના આ કેમ્પોની દરેક હિલચાલ પર નજર રાખી રહી છે અને જો પાકિસ્તાન કોઈ પણ ભૂલ કરશે તો ભારત તરફથી ત્વરિત અને કડક કાર્યવાહી કરવામાં આવશે.

જનરલ દ્વિવેદીએ જણાવ્યું હતું કે, 'પહલગામ હુમલા બાદ માત્ર 22 મિનિટમાં 'ઓપરેશન રીસેટ' વ્યૂહરચના હેઠળ વળતો પ્રહાર કરવામાં આવ્યો હતો. હાલમાં 'ઓપરેશન સિંદૂર' હજુ પણ ચાલુ છે. પાકિસ્તાનની પરમાણુ ધમકીઓની અસર હવે ભારત-ચીન સરહદ પર બેઅસર થઈ ગઈ છે. જમ્મુ-કાશ્મીરમાં સ્થિતિ હાલ સંવેદનશીલ હોવા છતાં સંપૂર્ણપણે ભારતીય સેનાના નિયંત્રણમાં છે.'ચીન સાથેની ઉત્તરી સરહદ અંગે આર્મી ચીફે સકારાત્મક સંકેત આપતાં કહ્યું કે, 'ઉચ્ચ સ્તરીય વાટાઘાટોને કારણે સ્થિતિ ધીમે-ધીમે સામાન્ય થઈ રહી છે. સરહદ પર સ્થિતિ સ્થિર છે, પરંતુ સેના સતત સતર્ક છે. તેમજ મણિપુરમાં સુરક્ષા દળો અને સરકારના સંકલિત પ્રયાસોને કારણે શાંતિ સ્થપાઈ રહી છે. આ ઉપરાંત, મ્યાનમારમાં ચૂંટણી બાદ બંને દેશોની સેનાઓ વચ્ચે સહયોગ વધવાની આશા છે.'

ભારતીય સેના હવે આધુનિક ટેક્નોલોજી તરફ ઝડપથી આગળ વધી રહી છે. જનરલ દ્વિવેદીએ જાહેરાત કરી કે સેના ટૂંક સમયમાં અદ્યતન બ્રહ્મોસ મિસાઈલ, હાઈ-ટેક ડ્રોન અને લોટરિંગ મ્યુનિશન(હવામાં ઘૂમીને હુમલો કરતી મિસાઈલ) અપનાવશે. ખાસ વાત એ છે કે સેનાનો 90 ટકાથી વધુ દારૂગોળો હવે સ્વદેશી છે. સેનાએ વર્ષ 2026ને 'નેટવર્કિંગ અને ડેટા સેન્ટ્રિસીટીનું વર્ષ' જાહેર કર્યું છે, જેનાથી યુદ્ધના મેદાનમાં રિયલ-ટાઈમ નિર્ણય લેવાની ક્ષમતા વધશે.

### સલામતીના 83 માપદંડોનું પાલન કરવવા માટે સરકાર

## સાઈબર ફ્રોડ રોકવા 'એપ'ને બેકગ્રાઉન્ડમાં કેમેરા-માઈક્રોફોન વાપરવા પર પ્રતિબંધ મૂકાશે

વોશિંગ્ટન : કેન્દ્ર સરકાર સાઈબર ફ્રોડ રોકવા માટે મોબાઈલ ફોન કંપનીઓ પર લગામ કસવાની તૈયારીમાં છે. આ માટે ફોન કંપનીઓની એપમાંથી કેમેરા અને માઈક્રોફોન પર પ્રતિબંધ લગાવવામાં આવશે. તેની સાથે સલામતીના ૮૩ માપદંડ રચવામાં આવ્યા છે, તેનું પાલન કરવું પડશે. આ સિવાય કંપનીઓએ ફોન જેના દ્વારા ચાલે છે તે સોર્સ કોડની જાણકારી આપવી પડશે, કંપનીઓએ આ બધાનો વિરોધ કર્યો છે.

કેન્દ્ર સરકારનું કહેવું છે કે આ સોર્સ કોડનું ભારતની અંદર લેબમાં વિશ્લેષણ કરવામાં આવશે અને જરૂર પડે તો તેની તપાસ પણ થશે. સંચાર સુરક્ષા પ્રસ્તાવમાં સરકારે કંપનીઓને સોફ્ટવેરમાં ફેરફાર કરવાની પણ વાત કહી છે, જેના દ્વારા ફોનમાંથી પહેલા અનિવાર્ય રીતે ઈન્સ્ટોલ એપને હટાવી શકાય. પ્રસ્તાવ મુજબ કંપનીઓએ કોઈપણ સોફ્ટવેરનું અપડેટ અને સુરક્ષાની બધી જાણકારી નેશનલ સેન્ટર ફોર કમ્યુનિકેશન સિક્યોરિટીને આપવી પડશે.

સાઈબર ભયનો સામનો કરવા માટે સમયાંતરે ફોનમાં ઓટોમેટિક મેલવેરની સ્કેનિંગ થશે. સૂત્રોએ જણાવ્યું હતું કે કેન્દ્ર સરકારનો આ પ્રસ્તાવ ૨૦૨૩માં તૈયાર કરવામાં આવ્યો હતો, પરંતુ સરકાર હવે તેને કાયદેસર રીતે લાગુ કરવા માંગે છે. આ માટે સરકારનું ઈન્ફોર્મેશન એન્ડ ટેકનોલોજી મંત્રાલય મોબાઈલ ફોન કંપનીઓની સાથે બેઠક યોજી શકે છે.

સરકારે સુરક્ષાના ૮૩ માપદંડો તૈયાર કર્યા છે તેનો ફોન કંપનીએ વિરોધ કર્યો છે. લોકોને સાઈબર સુરક્ષા પૂરી પાડવી પીએમ મોદીની અગ્રતાઓમાં એક છે. તેના હેઠળ સાઈબર સુરક્ષા ચક્ર મજબૂત બનાવવા સાથે લોકોની વ્યક્તિગત જાણકારીને સુરક્ષિત કરવાનો સમાવેશ થાય છે. ભારત વિશ્વનું બીજા નંબરનું સૌથી મોટું સ્માર્ટફોન બજાર છે, જ્યાં ૭૫ કરોડ લોકો સ્માર્ટફોનનો ઉપયોગ કરે છે.

ઈન્ફોર્મેશન એન્ડ ટેકનોલોજી વિભાગના સચિવ એસ કૃષ્ણને જણાવ્યું હતું કે આ પ્રસ્તાવ પર કંપનીઓપું જે પણ સૂચન અને દરખાસ્ત હશે તેના પર ખુલ્લા મનથી વિચાર થશે. જો કે હજી આ બધુ પ્રારંભિક સ્તર પર છે તેના અંગે હાલમાં કશું કહી ન શકાય. આ અંગે સ્માર્ટફોન ઉત્પાદકોનું કહેવું છે કે તેઓ સોર્સ કોડની સલામતીને લઈને ખૂબ જ ગંભીર છે. એપલે ૨૦૧૪થી ૨૦૧૬ દરમિયાન ચીન દ્વારા કેટલીય વખત સોર્સ કોડની કરવામાં આવેલી માંગ નકારી કાઢી હતી.

અમેરિકન કાયદાકીય એજન્સીઓએ પણ કેટલીય વખત સોર્સ કોડ જાણવાનો પ્રયત્ન કર્યો છે, પરંતુ તેને નિષ્ફળતા મળી છે. ભારતના મેન્યુફેક્ચર્સ એસોસિયેશન ફોર ઈન્ફોર્મેશન ટેકનોલોજી (એમએઆઈટી)એ ગયા સપ્તાહે સરકારને આ પ્રસ્તાવ ખતમ કરવાનું કહ્યુ હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. કેન્દ્રના આ નિયમ અંગે કંપનીઓનું

## ઈરાન સાથે વેપાર કરતાં દેશો પર 25 ટકા ટેરિફની જાહેરાત કરવામાં આવી

તહેરાન : ઈરાનમાં સરકાર વિરુદ્ધ ઉગ્ર આંદોલન થઈ રહ્યા છે. એવામાં અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાનને મોટો ઝટકો આપ્યો છે. ટ્રમ્પે જાહેરાત કરી છે કે ઈરાન સાથે કોઈ પણ પ્રકારનો વેપાર કરતાં દેશો પર અમેરિકામાં 25 ટકા ટેરિફ લગાવવામાં આવશે. ડોનાલ્ડ ટ્રમ્પે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ટ્રુથ પર આ અંગે જાહેરાત કરી. જે બાદ હવે ઈરાન પર આર્થિક દબાણ હજુ વધશે. પહેલેથી જ ઈરાનની અર્થવ્યવસ્થા નબળી અવસ્થામાં છે. ટ્રમ્પે કહ્યું છે કે ટેરિફનો આ નિયમ તાત્કાલિક જ લાગુ થશે. ટ્રમ્પે કહ્યું છે કે, ઈસ્લામિક રિપબ્લિક ઓફ ઈરાન સાથે બિઝનેસ કરતાં દેશો પર અમેરિકા સાથે થતાં તમામ બિઝનેસ પર 25 ટકા ટેરિફ લાગશે. APના અહેવાલ અનુસાર હાલ ઈરાન સાથે ચીન, બ્રાઝિલ અને રશિયાના વેપારના સંબંધો છે. એવામાં આ દેશો પર ટ્રમ્પના નિર્ણયની અસર પડશે. નોંધનીય છે કે ઈરાનમાં નબળી અર્થવ્યવસ્થા મુદ્દે ઉગ્ર આંદોલન શરૂ થયા હતા. જે બાદ હવે લોકો સરકારને જ ઉખાડી ફેંકવાની માંગ કરી રહ્યા છે. ઈરાનના સુપ્રીમ લીડરને પદથી હટાવી દેવાની માંગ થઈ રહી છે. એવામાં અમેરિકાએ ઈરાનના આંદોલનને ખુલ્લુ સમર્થન આપ્યું છે. છેલ્લા 1 મહિનામાં અમેરિકાએ વારંવાર ઈરાન પર હુમલો કરવાની સીધી ધમકી પણ આપી છે. આંતરરાષ્ટ્રીય મીડિયા અહેવાલોનો દાવો છે કે ઈરાનના આંદોલનોમાં 600થી વધુ લોકોના મોત થયા છે જ્યારે 10 હજારથી વધુની ધરપકડ કરી લેવાઈ છે. બીજી તરફ ઈરાનની સરકાર દેખાવો કરી રહેલા લોકોને આતંકવાદી ગણાવી રહી છે. ઈરાનની સરકારનો દાવો છે કે દેશમાં થઈ રહેલા આંદોલન પાછળ વિદેશી શક્તિઓનો હાથ છે. જો અમેરિકા ઈરાન પર હુમલો કરશે તો અમેરિકાના સૈન્ય ઠેકાણા પર હુમલા કરી જવાબ આપવામાં આવશે.

### ડાયાબિટીસ હવે ભારતમાં માત્ર વ્યકતિગત આરોગ્યની સમસ્યા રહી નથી

## ડાયાબિટીસ : આરોગ્યની સાથે સાથે ભારતની અર્થવ્યવસ્થાને પણ ખોખલી કરતી બિમારી !!

• નવી દિલ્હી

તાજેતરના આંતરરાષ્ટ્રીય અભ્યાસ મુજબ, ડાયાબિટીસના કારણે ભારત પર અંદાજે 11.4 ટ્રિલિયનનો આર્થિક ભાર છે, જે વિશ્વમાં બીજો સૌથી મોટો ભાર ગણાય છે. આ યાદીમાં અમેરિકા પ્રથમ ક્રમે છે, જ્યાં આ ખર્ચ 16.5 ટ્રિલિયન સુધી પહોંચે છે, જ્યારે ચીન 11 ટ્રિલિયન સાથે ત્રીજા ક્રમે છે.

આ તારણો એવા સમયે સામે આવ્યા છે, જ્યારે ભારત પહેલેથી જ દુનિયાનો સૌથી મોટો ડાયાબિટીસનો ભાર વહન કરી રહ્યું છે. NCD રિસ્ક ફેક્ટર કોલેબોરેશન (NCD-RisC) અને વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (WHO) દ્વારા 'ધ લેન્સેટ'માં પ્રકાશિત અહેવાલ અનુસાર, વર્ષ 2022માં વિશ્વભરના કુલ 828 મિલિયન ડાયાબિટીસ દર્દીઓમાંથી ચોથી ભાગથી વધુ માત્ર ભારતમાં હતા. ચિંતાજનક વાત એ છે કે ભારતમાં ડાયાબિટીસ ધરાવતાં લગભગ 62 ટકા લોકો કોઈપણ પ્રકારની સારવાર લઈ રહ્યાં નથી.

'નેચર મેડિસિન' જર્નલમાં પ્રકાશિત નવા અભ્યાસમાં વર્ષ 2020થી 2050 દરમિયાન 204 દેશોમાં ડાયાબિટીસના આર્થિક પ્રભાવનું વિશ્લેષણ કરવામાં આવ્યું છે. આ અભ્યાસમાં માત્ર મેડિકલ ખર્ચ નહીં, પરંતુ ઉત્પાદન ક્ષમતામાં થતો ઘટાડો અને સંભાળ રાખનારાઓ (caregivers) પર પડતો બોજ પણ ધ્યાનમાં લેવામાં આવ્યો છે.

વિશ્વ સ્તરે જોવામાં આવે તો, પરિવારજનો દ્વારા આપવામાં આવતી બિનમૂલ્ય કાળજીનો સમાવેશ કર્યા વગર પણ ડાયાબિટીસનો ખર્ચ લગભગ 10 ટ્રિલિયન થાય છે, જે વિશ્વનાં વાર્ષિક GDPના લગભગ 0.2 ટકા જેટલો છે. પરંતુ જ્યારે અનૌપચારિક સંભાળનો સમાવેશ કરવામાં આવે છે, ત્યારે કુલ વૈશ્વિક ખર્ચ સીધો 152 ટ્રિલિયન સુધી પહોંચી જાય છે, જે વૈશ્વિક GDPના 1.7 ટકા બરાબર છે. નિષ્ણાતોના જણાવ્યાં અનુસાર, ડાયાબિટીસના કુલ આર્થિક ભારમાંથી લગભગ 90 ટકા ભાર અનૌપચારિક સંભાળમાંથી આવે છે. કારણ કે ડાયાબિટીસ સાથે લોકો દાયકાઓ સુધી જીવતાં રહે છે અને તેનો પ્રસાર મૃત્યુદર કરતાં ઘણો વધારે છે. સંભાળ રાખનારાઓ ઘણીવાર અંશતઃ અથવા સંપૂર્ણપણે રોજગાર બજારથી દૂર થઈ જાય છે, જેનાથી વધારાનો આર્થિક ખર્ચ ઊભો થાય છે. આર્થિક દ્રષ્ટિએ, અમેરિકા પર ડાયાબિટીસનો સૌથી વધુ ભાર છે, ત્યારબાદ ભારત અને ચીન આવે છે. ભારત અને ચીનમાં ઊંચા ખર્ચનું મુખ્ય કારણ ડાયાબિટીસથી પીડિત લોકોની વિશાળ સંખ્યા છે, જ્યારે અમેરિકા માટે ઊંચી સારવાર ખર્ચ અને ભૌતિક મૂડીનું નુકસાન મુખ્ય કારણ છે. અભ્યાસે ધનવાન અને ગરીબ દેશો વચ્ચેનો તફાવત પણ ઉજાગર કર્યો છે. ઊંચી આવક ધરાવતાં દેશોમાં ડાયાબિટીસના કુલ આર્થિક ભારમાંથી 41 ટકા ખર્ચ સારવાર પર થાય છે, જ્યારે નીચી આવક ધરાવતાં દેશોમાં આ આંકડો માત્ર 14 ટકા છે, જે આરોગ્ય સેવાઓ સુધી મર્યાદિત પહોંચ દર્શાવે છે.

## પશ્ચિમ બંગાળમાં નિપાહ વાઈરસના બે શંકાસ્પદ કેસ મળી આવતા અફડાતફડી


### બંને દર્દીઓની હાલત ગંભીર, વેન્ટીલેટર પર

• પરગણા

પશ્ચિમ બંગાળના પરગણા જિલ્લાના બારાસાતમાં નિપાહ વાયરસના બે શંકાસ્પદ કેસ સામે આવતા સમગ્ર વિસ્તારમાં ફફડાટ ફેલાયો છે. આ બંને દર્દીઓ બારાસાતની એક ખાનગી હોસ્પિટલમાં મેલ અને ફીમેલ નર્સ તરીકે ફરજ બજાવે છે. હાલ તેમની હાલત અત્યંત ગંભીર હોવાનું જણાવાયું છે અને તેમને વેન્ટિલેટર પર રાખવામાં આવ્યા છે. અહેવાલ મુજબ, આ બંને નર્સ ડિસેમ્બર મહિનામાં મિદનાપુર અને બર્ધમાન સ્થિત પોતાના ઘરે ગયા હતા, જ્યાં તેઓ બીમાર પડ્યા હતા.

બંગાળના મુખ્ય સચિવ નંદિની ચક્રવર્તીએ આ મામલે પુષ્ટિ કરતા જણાવ્યું હતું કે, બંને શંકાસ્પદ દર્દીઓ એક જ હોસ્પિટલમાં કામ કરે છે અને હાલ ત્યાં જ સારવાર હેઠળ છે. વાયરસના ફેલાવાને રોકવા માટે તંત્ર દ્વારા તાત્કાલિક 'કોન્ટેક્ટ ટ્રેસિંગ' શરૂ કરી દેવામાં આવ્યું છે. આ બંને વ્યક્તિઓના સેમ્પલ પુષ્ટિ માટે પુણેની નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ વાયરોલોજી(NIV) ખાતે મોકલવામાં આવ્યા છે. કેન્દ્ર સરકારને પણ આ અંગે જાણ કરવામાં આવી છે.

અને રાજ્યના ઉચ્ચ અધિકારીઓએ અસરગ્રસ્ત જિલ્લાઓના મેડિકલ ઓફિસરો સાથે તાકીદની બેઠકો યોજી છે. નિપાહ વાયરસ મુખ્યત્વે ચામાચીડિયા(Fruit Bats)




દ્વારા ફેલાય છે. જોકે, ચામાચીડિયામાંથી તે ડુક્કર, પશુઓ કે મનુષ્યોમાં કેવી રીતે પ્રવેશે છે તે અંગે વૈજ્ઞાનિકો પાસે હજુ કોઈ ચોક્કસ તારણ નથી. કેન્દ્રીય આરોગ્ય મંત્રી જે.પી. નડ્ડાએ આ સ્થિતિ અંગે પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જી સાથે ફોન પર વાત કરી હતી.

અને કેન્દ્ર તરફથી તમામ ટેકનિકલ અને લોજિસ્ટિક મદદની ખાતરી આપી છે. કેન્દ્ર દ્વારા એક 'નેશનલ જોઈન્ટ આઉટબ્રેક રિસ્પોન્સ ટીમ' તૈનાત કરવામાં આવી છે અને વાયરસના સંક્રમણને નિયંત્રિત કરવા માટે જરૂરી પ્રોટોકોલ જાહેર કરવામાં આવ્યા છે.

### હવે 10 મીનીટમાં ડીલીવરી બંધ : કેન્દ્રનો આદેશ

## ડીલીવરી કર્મચારીઓને મોટી રાહત મળશે




નવી દિલ્હીઃ દેશમાં ઈ-કોમર્સ કંપનીઓ દ્વારા નવી 10 મીનીટમાં ડીલીવરી પર કેન્દ્ર સરકારે પ્રતિબંધ મુકી દીધો છે. હવે કોઈ ડીલીવરી પ્લેટફોર્મ કે ઈ-કોમર્સ કંપની તેના ડીલીવરી કર્મચારી માટે આ પ્રકારે સમય નિશ્ચિત કરી શકશે નહી.

કેન્દ્રીય કામદાર મંત્રી શ્રી મનસુખભાઈ માંડવીયાએ આ નિર્ણય લેવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી તથા તેઓએ કંપનીઓને આ પ્રકારના ટાઈટ-ડિલીવરી શેડયુલ પર પુનઃ વિચારણા કરવા જણાવ્યું હતું જે બાદ હવે એક બાદ એક કંપની તેના એપ. માંથી 10 મીનીટમાં ડીલીવરીની ઓફર દુર કરી રહી છે.

બ્લીંકઈટે તો સતાવાર જાહેરાત પણ કરી છે. આ અગાઉ કેન્દ્ર સરકારે આ પ્રકારના પ્લેટફોર્મના સંચાલકો સાથે બેઠક યોજી હતી જેમાં બ્લીંકઈટ, ઝેપ્ટો, સ્વીગી, ઝોમેટો સહિતના પ્લેટફોર્મ સંચાલકો હાજર હતા.

જેમાં 10 મીનીટમાં ડીલીવરીમાં ગીગ-વર્કસ તરીકે ઓળખાતા ડીલીવરી કર્મચારીઓ માટે આ શેડયુલ તનાવભર્યુ અકસ્માત સર્જનાર અને ગ્રાહક સાથે વિવાદ પણ સર્જી શકે છે તેવું ગણાશે તે દુર કરવા જણાવાયુ હતું. 10 મીનીટ ડીલીવરીમાં બીગ બાસ્કેટ રિલાયન્સ માટે વિ. પણ જોડાતા સ્પર્ધા વધી હતી

## રખડતા કુતરા કરડે તો સરકારે વળતર આપવુ પડશે! સુપ્રીમ

### આખરે કોકની તો જવાબદારી નિશ્ચિત થશે જ : સંકેત

નવી દિલ્હીઃ દેશમાં આવારા-રખડતા શેરીઓ સહિતના કુતરાઓ દ્વારા બાળકોથી વૃદ્ધ સહિત તમામને કરડવા અને હડકવાના વધતા જતા કેસો સામે આખરે સુપ્રીમ કોર્ટે લાલ આંખ કરી છે. આજે સુનાવણી સમયે સર્વોચ્ચ અદાલતે જાહેર કડક રીતે જણાવ્યું કે ડોગ નાઈટસમાં અંતે કોઈની જવાબદારી નિશ્ચિત કરવી પડશે.



આથી જો રખડતા આવારા કુતરા કરડે તો સરકારે વળતર આપવું પડશે તેવો આદેશ અમો આપીશું. સર્વોચ્ચ અદાલતે જે સંગઠનો શેરીઓના રખડતા કુતરાઓને ભોજન વિ. ઉપલબ્ધ બનાવે છે. તેઓને પણ આડે હાથે લેતા જણાવ્યું કે જે આ પ્રકારે ડોગ લવર્સ છે તેઓએ આ કુતરાઓને ઘરે લઈ જવા જોઈએ.

સર્વોચ્ચ અદાલતના ન્યાયમૂર્તિ વિક્રમનાથની ખંડપીઠે જણાવ્યું કે ડોગ લવર્સની જવાબદારી પણ નિશ્ચિત થવી જોઈએ. પાલતુ શ્વાનને સાચવવાની જવાબદારી તેમના માલીકની છે તેનો કોઈ પર હુમલો કરે તો માલીક જવાબદાર રહેશે.

સુપ્રીમ કોર્ટે કહ્યું કે કુતરાઓના કરડવામાં ખાસ વાયરસ હોય છે તે ગંભીર બિમારી થઈ શકે છે તો આ માટે કોણ જવાબદાર! સરકાર તો કશું કરતી નથી પણ અમો એવો આદેશ આપી શકીએ છીએ કે આ પ્રકારના સમયે સરકારે વળતર ચુકવવું પડશે.

સુપ્રીમ એ પણ જણાવ્યું કે, કોઈ સોસાયટીમાં ૧૧% લોકો કુતરા રાખવાની તરફેણમાં હોય પણ એક વ્યક્તિ વાંધો ઉઠાવે તો તેની ચિંતા કરવી પડશે. માલીકોની પણ જવાબદારી નકકી થશે. હોસ્પીટલો, બસસ્ટેન્ડ તથા રેલ્વે સ્ટેશનો પર આ રીતે મંજુરી આપી શકાય નહી કે કુતરાઓ ઈચ્છે ત્યાં રખડી શકે છે.


ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખોઃ 9662420070

# જેતપુરના રબારીકા રોડ પરથી મહિલાની લાશ મળવાનો મામલો : હત્યા કરનાર પતિની ધરપકડ

## ચાર વર્ષથી પ્રેમસંબંધ હોય જેથી એકબીજા સાથે રહેતા હતા

• સુરેશ ભાલીયા જેતપુર

જેતપુર, રબારિકા રોડ, ઉદ્યોગનગર વિસ્તારમાં, સગુણા પ્રિન્ટ નામના સાડીના કારખાનાની દિવાલ પાછળ ખંઢેર હાલતની ખુલ્લી ઓરડીમાં એક અજાણી મહીલાનો મૃતદેહ પડેલ છે. જેથી બનાવની ગંભીરતાને ધ્યાને રાખી, તુરત જ જેતપુર ઉદ્યોગનગર પો.સ્ટે. દ્વારા બનાવવાળી જગ્યાએ જઈ તપાસ કરી, મરણજનારની મહીલાની ઓળખ કરવા અલગ-અલગ ટીમો બનાવી તપાસ કરી કરાવતા, તપાસ દરમ્યાન અજાણી મહિલાનું નામ અનિતાબેન સંજયભાઈ રાવત ઉ.વ.૩૦, ધંધો.મજુરી રહે હાલ જેતપુર રબારીકા રોડ, સગુણા પ્રીન્ટ નામાના કારખાનાની ઓરડીમાં તા.જેતપુર મુળ રહે.નિયોલ ગામ, જુના હલપતીવાસ તા.પલસાણા જી.સુરત વાળી હોવાનું જણાય આવેલ હોઈ અને તેના ભાઈ સુરત મુકામે મજુરી કામ કરતા હોઈ જેથી તેઓનો સંપર્ક કરી, જેતપુર ખાતે બોલાવવા તજવીજ કરી, બનાવવાળી જગ્યાએ ઈન્કવેસ્ટ પંચનામું તૈયાર કરી, જરૂરી પુરાવા ગુનાના કામે કબજે કરી, લાશનું ફોરેન્સીક પી.એમ. કરાવવામાં આવેલ. બાદ આ કામે મરણજનાર ભાઈએ જેતપુર ઉદ્યોગનગર પો.સ્ટે. ખાતે આવી પોતાની ફરીયાદ જાહેર કે, મરણજનાર તેની બહેન તથા ગજાધર સિંહ એમ બંને જેતપુરમાં, સગુણા કારખાનામાં કામ કરતા હતા અને ત્યાં ઓરડીમાં સાથે રહેતા



હતા. તે દરમિયાન આ ગજાધર સિંહ ઉર્ફે મામુએ તેની બહેન સાથે ઝઘડો કરી, તેનું મોત નિપજાવી, પોતે ભાગી ગયેલ છે. બનાવ ખુનનો ગંભીર પ્રકારનો ગુનો હોય રાજકોટ જીલ્લાના પોલીસ અધિક્ષક વિજયસિંહ ગુર્જર નાઓ દ્વારા તાત્કાલીક આરોપીને શોધી કાઢવા સુચના કરેલ હોય, તેમજ આરોપી પરપ્રાંતીય હોઈ અને ગુજરાત રાજ્યની હદ છોડી નાસી જાઈ તેવી સંભાવના હોઈ જેથી જેતપુર વિભાગના નાયબ પોલીસ અધિક્ષક આર.એ.ડોડીયા નાઓના માર્ગદર્શન હેઠળ પોલીસ ઈન્સ્પેકટર ડો. એમ.એમ. ઠાકોર ની સુચના મુજબ પોલીસની અલગ અલગ ટીમો બનાવી, હ્યુમન સોર્સ, ટેકનીકલ સોર્સ તથા બનાવવાળીની જગ્યાની આસપાસના સીસીટીવી ચેક કરી, આરોપીને શોધી કાઢવા રેલ્વે સ્ટેશન, બસ સ્ટેશન તથા પરપ્રાંતીય મજુરોના રહેઠાણ વાળા વિસ્તારોમાં આરોપીને શોધી કાઢવા પ્રયત્નશીલ હતા. દરમ્યાન જેતપુર ઉદ્યોગનગર પો.સ્ટે. સર્વેલન્સ ટીમને મળેલ હકીકત આધારે આ કામના આરોપી ગજાધરસિહ રાજમનસિહ પટેલ હાલ રહે જેતપુર રબારીકા રોડ સગુણા પ્રીન્ટ નામના કારખાનાની ઓરડીમાં મુળ રહે તાલાપરા ગામ જી.અલ્હાબાદ ને જેતપુર, ભાદરના સામાકાંઠે, મામાદેવના મંદીર પાસેથી નાસી જાઈ તે પહેલા પકડી પાડી, કાયદેસરની કાર્યવાહી કરેલ છે. આરોપીની મૌખીક પુછપરછ કરતા ગુનાની કબુલાત આપી જણાવેલ છે કે, તેને મરણજનાર મહીલા સાથે છેલ્લા ચારેક વર્ષથી પ્રેમસંબંધ હોય અને મરણજનારના પતી મરણ ગયેલ હોય જેથી તેની સાથે જેતપુર મુકામે રબારીકા રોડ ઉપર આવેલ સગુણા પ્રીન્ટ નામના કારખાનામા સાથે રહેતા હતા અને મજુરી કામ કરતા હતા. ગઈ તા.૦૯/૦૧/૨૦૨૬ ના રાત્રીના દશથી અગીયારેક વાગ્યાની આસપાસ બન્ને વચ્ચે ઝઘડો થયેલ હોય જેનો ખાર રાખી આરોપીએ હાથથી ગળુદબાવી મરણજનાર અનીતાબેનનું મોત નિપજાવી લાશને ઓરડીમાં ચાદરમાં બાંધી તા.૧૦/૦૧/૨૦૨૬ ના રાત્રીના સાડા અગીયારેક વાગ્યાની આસપાસ કોઈ જુએ નહીં તે રીતે ઢસડીને કારખાનાની પાછળ આવેલ ખંઢેર હાલતની ઓરડીમાં લાશને ફેંકી આવેલ હતો.

કામગીરી

ધારાસભ્ય શ્રી શૈલેષભાઈ મહેતાના માર્ગદર્શન હેઠળ

# ડભોઈ નગરપાલિકા દ્વારા નિર્માણ પામેલ દર્ભાવતી સ્પોર્ટ્સ સંકુલ નો લોકાર્પણ કાર્યક્રમ યોજાયો

## લોકગાયક શ્રી ઉમેશભાઈ બારોટ અને તેમની ટીમનો લોકડાયરાનું આયોજન કરવામાં આવ્યું

• ફકીરા ખત્રી ડભોઈ

ડભોઈ નગરપાલિકા દ્વારા નિર્માણ પામેલ દર્ભાવતી સ્પોર્ટ્સ સંકુલ નો લોકાર્પણ કાર્યક્રમ યોજાયો.ડભોઈ નગરપાલિકા દ્વારા સરકારશ્રીની સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અને 15 મું નાણાપંચની 6 કરોડ કેટલી ગ્રાન્ટનો ઉપયોગ કરી નગરજનો અને યુવાનો, બાળકો માટે ડભોઈના લોકલાડીલા ધારાસભ્ય શ્રી શૈલેષભાઈ મહેતાના માર્ગદર્શન હેઠળ પ્રમુખશ્રી બિરેનભાઈ શાહ, ઉપપ્રમુખશ્રી, કારોબારી ચેરમેન તથા નાણાંપંચ ચેરમેનશ્રી વિશાલભાઈ શાહ અને તેમની નગરપાલિકા ટીમ દ્વારા ડભોઈ નગરના નગરજનો માટે ભવ્ય દર્ભાવતી સ્પોર્ટ્સ સંકુલ નું નિર્માણ કરવામાં આવ્યું છે. જે દર્ભાવતી સ્પોર્ટ્સ સંકુલનું આજે ધારાસભ્ય શ્રી શૈલેષભાઈ મહેતાના વરદ હસ્તે લોકાર્પણ કાર્યક્રમ યોજાયો હતો. આ લોકાર્પણ કાર્યક્રમ નિમિત્તે સ્પોર્ટ્સ સંકુલમાં સત્યનારાયણ ભગવાનની કથા પણ કરી ભગવાનની પૂજા અર્ચના કરવામાં આવી હતી. આ સ્પોર્ટ સંકુલમાં ખૂબ વિશાળ સ્કેટિંગ ટ્રેક, વિશાળ બોક્સ ક્રિકેટ, બેડમિન્ટન, ટેબલ ટેનિસ



ફુલ રેકેટ ચેસ, કેરમ જેવી વિવિધ રમતોનો સમાવેશ કરવામાં આવેલ છે.લોકાર્પણ કાર્યક્રમ બાદ ગુજરાતના લોકલાડીલા લોકગાયક શ્રી ઉમેશભાઈ બારોટ અને તેમની ટીમનો લોકડાયરાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ લોક ડાયરામાં ધાર્મિક, દેશભક્તિ તથા ફિલ્મી ગીતોની રમઝટ થી લોકોએ અનેરો આનંદ ઉઠાવ્યો હતો. ડભોઈ નગરપાલિકા દ્વારા છેલ્લા પાંચ વર્ષમાં વિવિધ વિકાસના કામો કરવામાં આવ્યા છે ત્યારે ઢાલનગર ખાતે ઘન કચરા નિકાલ માટેના પ્રોસેસિંગ પ્લાન્ટનું કામ કરનાર માતૃ એનર્જી કોર્પોરેશન સર્વિસીસના પ્રોપરાઈટર શ્રી સમીરભાઈ રાઠોડ, સરદાર બાગના નવીનીકરણનું કામ કરનાર કોન્ટ્રાકટર શ્રી વી એસ પટેલ તેમજ ડભોઈ નગરપાલિકા બિલ્ડીંગ તથા આ સ્પોર્ટ્સ સંકુલના કોન્ટ્રાકટરશ્રી કિર્તીભાઈ માલવીયા, શ્રી નીતિનભાઈ કલસરિયા અને ભૌતિકભાઈ વઘાસિયા ની ટીમને ધારાસભ્યશ્રી ના વરદ હસ્તે મોમેન્ટો આપી સન્માન કરવામાં આવ્યું હતું. ડભોઈના પ્રમુખ બિરેનભાઈ શાહ તથા ચીફ ઓફિસર શ્રી જયકિશન તડવી દ્વારા ડભોઈ નગરપાલિકાની કામગીરીમાં પોતાનો યશસ્વી યોગદાન આપનાર એવા કર્મયોગી કર્મચારી શ્રી વૈભવ આચાર્ય, શ્રી મહેશભાઈ પરમાર તથા શ્રી મહેશભાઈ એચ. વસાવાનું પણ મોમેન્ટો આપી તેઓની કામગીરીને બિરદાવવામાં આવી હતી અને તેઓનું સન્માન કરવામાં આવ્યું હતુ.

દહેગામની અહમદપુરા શાળાનો અનોખો પ્રયાસ

# ઉત્તરાયણ પર્વને પ્રકૃતિના જતન સાથે સાંકળી પર્યાવરણ સંરક્ષણનો સંદેશ અપાયો

સંદેશ

## અનોખી ઉજવણીથી શાળાએ 'આનંદ સાથે જવાબદારી' નો સાચો અર્થ સમાજ સમક્ષ રજૂ કર્યો

• ગાંધીનગર

ગાંધીનગર જીલ્લાના દહેગામ તાલુકા ખાતે આવેલ અહમદપુરા પ્રાથમિક શાળા પીએમ-ગુજરાત દ્વારા ઉત્તરાયણ પર્વને પ્રકૃતિના જતન સાથે સાંકળી પર્યાવરણ સંરક્ષણનો સુંદર અને અર્થસભર સંદેશ આપવામાં આવ્યો હતો. આગામી ઉત્તરાયણ પર્વની ઉજવણી પૂર્વે શાળામાં એક અનોખી અને પ્રેરણાદાયી પ્રવૃત્તિનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં વિદ્યાર્થીઓએ પર્યાવરણ બચાવવાના સંકલ્પ સાથે પતંગ ચગાવવાની તૈયારી કરી હતી. આ પ્રવૃત્તિ અંતર્ગત વિદ્યાર્થીઓએ પતંગ પર ગમ પટ્ટીની મદદથી વિવિધ વૃક્ષોના બીજ ચીપકાવ્યા હતા. જેમાં બાવળ, બોરડી, રાયણ અને લીમડાં જેવા દેશી અને પર્યાવરણ માટે અત્યંત



ઉપયોગી વૃક્ષોના બીજનો સમાવેશ થાય છે. બાળકો દ્વારા વર્ષ દરમિયાન આસપાસના વિસ્તારમાંથી વિવિધ પ્રકારના બીજ એકત્ર કરવામાં આવે છે અને છેલ્લા પાંચ વર્ષથી શાળામાં આ રીતે પતંગ સાથે બીજ ચીપકાવવાની પ્રવૃત્તિ સતત ચાલી રહી છે. આ પ્રવૃત્તિનો મુખ્ય આશય એ છે કે વિદ્યાર્થીઓ જ્યારે ઉત્તરાયણ દરમિયાન પતંગ ચગાવે ત્યારે આ બીજ જ્યાં પણ જમીન પર પડે ત્યાં વૃક્ષ ઉગે. આ વિચારના માધ્યમથી માત્ર પતંગ ચગાવવાની મજા જ નહીં, પરંતુ પ્રકૃતિ પ્રત્યે જવાબદારી અને સંવેદનશીલતા પણ બાળકોમાં વિકસે તેવો હેતુ રાખવામાં આવ્યો છે.શાળાના શિક્ષકોએ બાળકોને વૃક્ષો આપણાં જીવન માટે કેટલા જરૂરી છે તે સમજાવ્યું હતું. તેમણે જણાવ્યું કે વૃક્ષો વગર શુદ્ધ હવા, પાણીનું સંરક્ષણ અને હવામાનનું સંતુલન શક્ય નથી. આજના સમયમાં ક્લાયમેટ ચેન્જ સમગ્ર વિશ્વ માટે મોટો પડકાર બની રહ્યો છે, ત્યારે નાનપણથી જ બાળકો પર્યાવરણ પ્રત્યે જાગૃત બને અને પોતાનું યોગદાન આપે તે અત્યંત આવશ્યક છે. આ પ્રવૃત્તિ દરમિયાન વિદ્યાર્થીઓએ 'પર્યાવરણ બચાવો', 'વૃક્ષો ઉગાવો', 'પૃથ્વી બચાવો' જેવા સંદેશા પણ આપ્યા હતા. બાળકોમાં ખાસ ઉત્સાહ જોવા મળ્યો હતો અને તેમણે પોતાની બનાવેલી પતંગ પર બીજ ચીપકાવવાની પ્રક્રિયા આનંદપૂર્વક કરી હતી. શાળાના શિક્ષકો અને સ્ટાફ દ્વારા પણ આ પ્રયાસને સરાહનીય ગણાવી બાળકોને વધુ પ્રેરણા આપવામાં આવી હતી. અહમદપુરા પ્રાથમિક શાળા પીએમ-ગુજરાત દ્વારા હાથ ધરાયેલ આ પ્રવૃત્તિ અન્ય શાળાઓ માટે પણ પ્રેરણારૂપ સાબિત થાય તેવી છે. પરંપરાગત તહેવારોને પર્યાવરણ સંરક્ષણ સાથે જોડીને ઉજવવાની આ પહેલથી બાળકોમાં સામાજિક જવાબદારી, કુદરત પ્રત્યે પ્રેમ અને સકારાત્મક વિચારધારા વિકસે છે. આ અનોખી ઉજવણીથી શાળાએ 'આનંદ સાથે જવાબદારી' નો સાચો અર્થ સમાજ સમક્ષ રજૂ કર્યો છે.

# TRB જવાનના દૈનિક વેતનમાં રૂ. 150નો વધારો : હવે રૂ. 450 ચૂકવાશે

## 9 વર્ષના લાંબાગાળા બાદ વેતન વધારો

• ગાંધીનગર

ગુજરાતનાં અલગ અલગ શહેરોમાં ટ્રાફિક વ્યવસ્થા જાળવવામાં ટ્રાફિક-પોલીસને મદદરૂપ થઈ રહેલા TRB (ટ્રાફિક બ્રિગેડ)ના જવાનોના માનદ વેતનમાં 9 વર્ષના લાંબા ગાળા બાદ દૈનિક રૂ. 150નો વધારો કરવામાં આવ્યો છે, એટલે કે હવે ટ્રાફિક બ્રિગેડમાં ફરજ બજાવતા જવાનને દૈનિક રૂ. 300ના બદલે રૂ. 450ના વેતનની ચુકવણી કરાશે. રાજ્ય સરકારના આ નિર્ણયથી રાજ્યમાં ટીઆરબીમાં ફરજ બજાવતા 10,000 જવાનને ફાયદો થશે.ટ્રાફિક-પોલીસ સાથે તાપ, ટાઢ વચ્ચે ફરજ બજાવતા રાજ્યના ટ્રાફિક બ્રિગેડના 10,000 જેટલા જવાનોના વેતનમાં 9 વર્ષના લાંબા ગાળા બાદ વધારો કરાયો છે. 2018થી દૈનિક રૂ. 300ના વેતનમાં ફરજ બજાવતા ટીઆરબી જવાનોને હવે દૈનિક રૂ. 450 મળશે.રાજ્યનાં મોટાં શહેરો, જેવા કે સુરત, રાજકોટ અને વડોદરામાં ટ્રાફિક એજ્યુકેશન ટ્રસ્ટ દ્વારા શરૂ થયેલી ટ્રાફિક બ્રિગેડ વ્યવસ્થા આજે સમગ્ર રાજ્યમાં કાર્યરત છે. ટ્રાફિક નિયમનમાં



પોલીસને પૂરક બનતા આ જવાનોના કાર્યક્ષેત્રને ધ્યાને રાખીને રાજ્ય સરકારે તેમના માનદ વેતનમાં વધારો કરવા નિર્ણય લીધો છે.ગૃહ વિભાગના વર્ષ 2018ના ઠરાવ મુજબ અત્યાર સુધી ટ્રાફિક બ્રિગેડના જવાનોને પ્રતિદિન રૂ.300 ચૂકવવામાં આવતા હતા. રાજ્ય સરકાર દ્વારા આ વેતન વધારીને હવે પ્રતિદિન રૂ.450 કરવામાં આવ્યું છે. આ નિર્ણયનો સીધો લાભ રાજ્યના અંદાજે 10,000થી વધુ ટી.આર.બી. જવાનો અને તેમના પરિવારને મળશે. રાજ્ય સરકારના આ સંવેદનાત્મક અભિગમ સાથે લેવાયેલા નિર્ણયનો અમલ આજથી જ કરવામાં આવશે, જે ટ્રાફિક બ્રિગેડના જવાનો માટે આર્થિક રીતે પ્રોત્સાહક બની રહેશે.નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે રાજ્યના માર્ગો પર ટ્રાફિક વ્યવસ્થાપન માટે ખરા સૈનિક તરીકેની ભૂમિકામાં ટ્રાફિક બ્રિગેડના જવાનો છે. કાળઝાળ ગરમી હોય કે મુશળધાર વરસાદ, જનતાની સુરક્ષા અને સુવિધા માટે રસ્તા પર અવિરત ફરજ બજાવતા આ જવાનોના પરિશ્રમની રાજ્ય સરકાર સદાય કદર કરે છે.

# કાળીમહુડી નજીક બસ અને બાઈક વચ્ચે અકસ્માત, બાળકનું મોત



• ઝાલોદ

ગુરુ ગોવિંદ લીમડી તાલુકાના કાળીમહુડી નજીક આવેલા દશા માઁ મંદિર રોડ પર આજે એક ગમખ્વાર માર્ગ અકસ્માત સર્જાયો હતો. ઝાલોદ તરફ જઈ રહેલી ખાનગી ટ્રાવેલ્સની બસ અને બાઈક વચ્ચે થયેલા આ અકસ્માતમાં એક ૯ વર્ષીય બાળકનું ઘટનાસ્થળે જ કરૂણ મોત નીપજ્યું છે, જ્યારે બે યુવકોને ગંભીર ઈજાઓ પહોંચતા તેમને સારવાર અર્થે દાહોદ ખસેડવામાં આવ્યા છે. પ્રાપ્ત માહિતી અનુસાર, બસ નંબર NL-01-B-1504 અને બાઈક નંબર GJ-20-AS-9375 વચ્ચે અચાનક ટક્કર સર્જાઈ હતી. બાઈક પર ત્રણ વ્યક્તિઓ સવાર હતા, જે ઉતરાયણ પર્વ નિમિત્તે પતંગ લેવા જઈ રહ્યા હતા. દરમિયાન ઝાલોદ તરફ આવતી ખાનગી ટ્રાવેલ્સની બસે બાઈકને અડફેટે લેતા આ ગંભીર અકસ્માત સર્જાયો હોવાનું જાણવા મળ્યું છે.

આ અકસ્માતમાં બાઈક પર સવાર બે પિતરાઈ ભાઈઓ અને એક ૯ વર્ષીય બાળકને ગંભીર રીતે ઈજાઓ પહોંચી હતી. જેમાં ૯ વર્ષીય બાળકનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું, જ્યારે અન્ય બેને તાત્કાલિક સારવાર માટે દાહોદ સ્થિત ઝાયડસ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.

અકસ્માતની જાણ થતાં જ ઘટનાસ્થળે મોટી સંખ્યામાં જનસમુદાય ઉમટી પડ્યો હતો. લોકોના ટોળાં એકત્ર થવાથી તેમજ વાહનોની અવરજવર અટકતા માર્ગ પર ભારે ટ્રાફિક જામ સર્જાયો હતો. બાદમાં પોલીસ કાફલો સ્થળ પર પહોંચ્યો હતો અને ટ્રાફિક વ્યવસ્થા પુનઃ શરૂ કરી અકસ્માત અંગે વધુ તપાસ હાથ ધરી છે.

# વાગરામાં પરપ્રાંતીય શ્રમિકનું શંકાસ્પદ મોતઃ ત્રીજા માળેથી પડતા યુવાનનું મૃત્યુ, પોલીસ તપાસ શરૂ

• સૈફ અલી ભટ્ટી વાગરા

વાગરાની હનુમાન ચોકડી ખાતે આવેલા ખુશ્બુ કોમ્પલેક્ષમાં એક પરપ્રાંતીય શ્રમિકનું શંકાસ્પદ મોત થયું છે. બિહારનો 20 વર્ષીય મોનુ કુમાર ઉર્ફે પપ્પુ મંડલ ત્રીજા માળેથી નીચે પટકાયો હતો. મોનુ કુમાર તેના રહેણાક રૂમની ગેલેરીમાંથી કોઈ અગમ્ય કારણસર નીચે પડ્યો હતો. નીચે પટકાવવાને કારણે તેને માથાના ભાગે ગંભીર ઈજા થઈ હતી અને ઘટનાસ્થળે જ તેનું મૃત્યુ થયું હતું.ઘટનાની જાણ થતાં જ વાગરા પોલીસ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી. પોલીસે મૃતદેહનો કબજો લઈ પોસ્ટમોર્ટમ સહિતની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આ ઘટનાને લઈને અનેક સવાલો ઊભા થયા છે. યુવક અચાનક ગેલેરીમાંથી કેવી રીતે પડ્યો, ઘટના સમયે ત્યાં કોણ હાજર હતું અને કોઈ ઝઘડો કે ધક્કામુક્કી થઈ હતી કે કેમ, તે અંગે હજુ સ્પષ્ટતા થઈ નથી. ભૂતકાળમાં પરપ્રાંતીય શ્રમિકો વચ્ચેના આંતરિક વિવાદોમાં ગંભીર ગુનાઓ અને હત્યાના બનાવો સામે આવ્યા છે. આથી, સ્થાનિકો દ્વારા આ બનાવની ઊંડાણપૂર્વક અને નિષ્પક્ષ તપાસની માંગ કરવામાં આવી રહી છે, જેથી કોઈ ગુનાહિત તત્વ સંડોવાયેલું છે કે કેમ તે જાણી શકાય. હાલ પોલીસ તમામ પાસાઓને ધ્યાનમાં રાખી તપાસ કરી રહી છે. પોસ્ટમોર્ટમ રિપોર્ટ અને તપાસના તારણો બાદ જ સ્પષ્ટ થશે કે આ દુર્ઘટના અકસ્માત હતી, હત્યા હતી કે પછી યુવકે આત્મહત્યા કરી હતી. સાચી હકીકત બહાર આવવાની રાહ જોવાઈ રહી છે.

જેતપુરના જેપુર ગામમાં જેટકો કંપનીની દાદાગીરીનો ભોગ બન્યા ખેડૂત

# વીજ પોલ નાખવા મુદ્દે આઘાત લાગતા હાર્ટ એટેકથી મૃત્યુ

## વળતર આપ્યા વિના બળજબરીથી કામગીરી કરાતા ખેડૂતનું નિધન, પરિવારમાં શોકનું મોજુંઃ 'આપ'ના ધારાસભ્ય ગોપાલ ઈટાલિયાએ મુલાકાત લઈ સરકાર પર કર્યા આકરા પ્રહાર

• સુરેશ ભાલીયા જેતપુર


જેતપુર તાલુકાના જેપુર ગામમાં જેટકો (JETCO) કંપની દ્વારા ખેડૂતોની સંમતિ વિના અને યોગ્ય વળતર આપ્યા વગર વીજ પોલ નાખવાની કામગીરી દરમિયાન એક આઘાતજનક ઘટના સામે આવી છે. ખેતરમાં બળજબરીથી થતી કામગીરી જોઈને આઘાત લાગતા ખેડૂત ભગવાનજીભાઈ (જગદીશભાઈ) રૂપાપરાનું હાર્ટ એટેકથી કરુણ મૃત્યુ નિપજ્યું છે. આ ઘટનાને પગલે સમગ્ર પંથકના ખેડૂતોમાં રોષ ફાટી નીકળ્યો છે.બળજબરીથી કામગીરી કરતા ખેડૂત હબક ખાઈ ગયાજેપુર ગામના ખેડૂત ભગવાનજીભાઈના ખેતરમાં શિયાળુ ઘઉંનો પાક ઉભો હતો. તે દરમિયાન જેટકો કંપની દ્વારા પોલીસ પ્રોટેક્શન સાથે કોઈપણ પૂર્વ મંજૂરી કે વળતર આપ્યા વગર વીજ લાઈન અને પોલ નાખવાની કામગીરી શરૂ કરવામાં આવી હતી. વર્ષોની મહેનતથી ઉછેરેલા પાકને નુકસાન થતું જોઈ અને કંપનીના અધિકારીઓની જોહુકમી સામે લાચાર બનેલા ખેડૂત ભગવાનજીભાઈને રાત્રિના સમયે છાતીમાં દુખાવો ઉપડ્યો હતો અને હોસ્પિટલ પહોંચે તે પહેલા જ તેમનું નિધન થયું હતું.આ ઘટનાની જાણ થતા જ વિસાવદર વિધાનસભાના આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ગોપાલભાઈ ઈટાલિયા મૃતક ખેડૂતના ઘરે સાંત્વના આપવા દોડી આવ્યા હતા. તેમણે પરિવારની મુલાકાત લીધા બાદ મીડિયા સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, 'ગુજરાતમાં ભાજપ સરકાર અને ખાનગી કંપનીઓ મિલીભગત કરીને ખેડૂતો પર અત્યાચાર ગુજારી રહી છે. ખેડૂતની પોતાની માલિકીની જમીનમાં તેની મરજી વગર કામગીરી કરવી એ ગુંડાગીરી છે. યોગ્ય વળતરના નામે ખેડૂતોને છેતરવામાં આવે છે.તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, ભગવાનજીભાઈ એક સ્વસ્થ વ્યક્તિ હતા, પરંતુ જેટકોની દાદાગીરીથી તેમને જે માનસિક આઘાત લાગ્યો તે તેમનું મૃત્યુનું કારણ બન્યો છે. આ માટે જવાબદાર અધિકારીઓ સામે કડક પગલાં લેવાવા જોઈએ.જેપુર ગામના ખેડૂતોમાં આ મામલે ભારે રોષ જોવા મળી રહ્યો છે. ખેડૂતોનું કહેવું છે કે જો સરકાર અને કંપની આ જ રીતે જોહુકમી ચાલુ રાખશે તો આવનારા દિવસોમાં ઉગ્ર આંદોલન કરવામાં આવશે. હાલમાં ભગવાનજીભાઈના નિધનથી પરિવાર નોંધારો બન્યો છે અને ગામમાં ગમગીની છવાઈ ગઈ છે.

ગોંડલ પોલીસમાં NDPSના ગુનામાં

# છેલ્લા અઢી મહિનાથી ફરાર શખ્સને દબોચી લેતી સીટી પોલીસ

• સુરેશ ભાલીયા જેતપુર,

ગોંડલ સીટી બી ડિવિઝન પોલીસ મથકના એનડીપીએસના ગુનામાં અઢી મહિનાથી ફરાર આરોપીને જેતપુર સીટી પોલીસે દબોચી લઈ કાયદેસરની કાર્યવાહી કરી હતી. રાજકોટ જીલ્લા વડા પોલીસ અધિક્ષક વિજય સિંહ ગુર્જર તથા જેતપુર ડિવીઝનના નાયબ પોલીસ અધિક્ષક રોહીતસિંહ ડોડીયા નાઓએ પેરોલ ફરાર, ફર્લો ફરાર તેમજ ચોરી, લુંટ, મારામારી, એન.ડી.પી.એસ. એક્ટ જેવા ગંભીર ગુનાઓમાં નાસતા ફરતા આરોપીઓને તાત્કાલીક પકડી પાડવા સુચના આપેલ. જે અંગે પોલીસ ઈન્સ્પેક્ટર એ.ડી.



પરમારના સીધા માર્ગદર્શન હેઠળ જેતપુર સીટી પોલીસ ટીમ નાસતા ફરતા આરોપીઓને પકડવા માટે પ્રયત્નશીલ હતી તે દરમીયાન હેડ કોન્સ. સાગરભાઈ મકવાણા તથા પો.કોન્સ. ભગીરથસિંહ જાડેજા તથા શક્તિસિંહ ઝાલા નાઓને ખાનગી હકીકત આધારે ગોંડલ સીટી બી ડીવીઝન પો.સ્ટે.મા નાર્કોટીક્સ ડ્રગ્સ પદાર્થ અધિનીયમ (એન.ડી.પી.એસ) મુજબના ગુનામાં છેલ્લા અઢી મહિનાથી નાસતા ફરતા ગુનાહિત ઈતીહાસ ધરાવતા વોન્ટેડ આરોપી રીયાઝ ઉર્ફે બોગો હનીફભાઈ રફાઈ, રહે. સહકારી મંડળી પાસે, બાવાવાળાપરા, જેતપુર વાળાને જેતપુરના જુના પાંચપીપળા રોડ, મામાદાદાના મંદિર પાસેથી પકડી આગળની કાર્યવાહી માટે ગોંડલ બી ડિવિઝન પોલીસને સોપવા ક્વાયત હાથ ધરી છે.

## Dial 112 જનરક્ષક સેવા – આપની સુરક્ષા માટે હંમેશા તત્પર

**દાહોદઃ ૧૧૨** કન્ટ્રોલ રૂમમાં કિશોરી સંજયભાઈ તરફથી કોલ પ્રાપ્ત થયો હતો. કોલની માહિતી મુજબ લીમડી વિસ્તારમાં કેટલાક બાળકો એકલા મળી આવ્યા હતા, જેમણે જણાવ્યું હતું કે તેમના ગામ પરત જવા માટે કોઈ સાધન ન મળતાં તેઓ ઘરે જઈ શકતા નહોતા. જે કોલ મળતાની સાથે જ Dial ૧૧૨ની PCR ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી, બાળકોને સુરક્ષિત અને વિશ્વાસભર્યા વાતાવરણમાં રાખી વિગતવાર પૂછપરછ કરી તપાસ કરતા બાળકોએ ગુરુ ગોવિંદ લીમડી તાલુકાના મોટી કોણી, ગોડાઉન ફળિયાના હોવાનું જણાવ્યું હતું બાળકોએ વધુમાં જણાવ્યું હતું કે તેમના માતા-પિતા બહારગામ મજૂરી કામ માટે ગયા છે. PCR ટીમે બાળકોના જણાવ્યા મુજબના ગામ વિસ્તારમાં શોધખોળ કરી અને જરૂરી ખાતરી કર્યા બાદ તમામ બાળકોને સુરક્ષિત રીતે તેમના ઘર સુધી પહોંચાડીને પરિવારજનોને સોંપવામાં આવ્યા હતા. આ સમગ્ર કામગીરી દરમિયાન Dial ૧૧૨ જનરક્ષક ટીમે સંવેદનશીલતા, ઝડપી પ્રતિસાદ અને પ્રશંસનીય માનવતા દાખવી, જે જનરક્ષક સેવાની પ્રતિબદ્ધતા દર્શાવે છે.

**સરકારે નિયમ કડક કર્યાં** આવા તત્ત્વો સાથે જોડાણ ધરાવતો સ્ટાફ હવે કાયદેસરની કાર્યવાહી કરવાના બદલે તેને પ્રોત્સાહન આપવામાં રહેશે

# ગુજરાતમાં ગેરકાયદે ખનીજ વહન કરતાં વાહનો ઝડપાયા તો 30 દિવસ સુધી નહીં છૂટે

**ને દરેક વાહનોમાં જીપીએસ લગાવવાના નવા નિયમથી વાહન ક્યા છે તેમજ ક્યાં રોકાયું છે તે જાણી શકાશે**

• ગાંધીનગર

રાજ્યભરમાં ખનિજનું ગેરકાયદે અથવા ઓવરલોડ વહન કરતા વાહનો સામે કડક કાર્યવાહી કરવાની સૂચના આપવામાં આવી છે. એક વખત વાહન ઝડપાય તો એક મહિના સુધી તે છૂટી નહીં શકે તેમજ ત્રણ વખત ઝડપાશે તો વાહન સરકાર હસ્તક લેવાનો નિર્ણય લેવાયો છે. વર્ષ 2025 પૂર્ણ થતાની સાથે નવુ વર્ષ 2026 બેસતાં જ પહેલા અઠવાડિયામાં ખનિજ વિભાગ દ્વારા મહત્ત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. અત્યાર સુધી એમ હતું કે કોઈ ડમ્પર, ટ્રક અથવા ટ્રેક્ટર સહિતના વાહનો જો ગેરકાયદે ખનિજ વહન કે ઓવરલોડ માટે ઝડપાય તો તે વાહનો સરકારે નક્કી કરેલો દંડ ભરપાઈ કરીને છોડી મૂકાતા હતાં અને ફરીથી તે જ વાહનો ગેરકાયદે ખનિજ પ્રવૃત્તિમાં સક્રિય થઈ જતા હતાં. હવે આ સિસ્ટમ બંધ કરી દેવા નિર્ણય લેવાયો છે. સૂત્રોના જમાવ્યાનુસાર, જો કોઈ વાહન ગંભીર ગેરરીતિમાં ઝડપાશે તો તે વાહન ઓછામાં ઓછા 30 દિવસ સુધી જપ્ત રહેશે. એક મહિના સુધી કોઈ સમાધાન થશે નહીં. નવા નિયમો



મુજબ વાહન જપ્ત થયાના 10 દિવસ સુધી કોઈ અરજી સ્વીકારવામાં પણ નહીં આવે. 30 દિવસ સુધી વાહનની માલિકી, ઓળખ અને તેના ઈતિહાસની તપાસ થશે બાદમાં સમાધાન કરવું કે નહીં તેનો અંતિમ નિર્ણય લેવામાં આવશે. ખનિજ વિભાગમાં ગેરકાયદે પ્રવૃત્તિ સાથે સંકળાયેલા આ વાહનો માટે બીજો પણ એક મહત્ત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. જો કોઈ વાહન વારંવાર આવી પ્રવૃત્તિ કરતા ઝડપાશે એટલે કે ત્રણ વખત પણ પકડાશે તો તે વાહન રાજ્યસાત (સરકાર હસ્તક) કરાશે. આ નિર્ણયથી ખનિજ વિભાગની ગેરકાયદે પ્રવૃત્તિ સાથે સંકળાયેલા તત્ત્વોમાં ફફડાટ વ્યાપ્યો છે. તેની સાથે કાયદેસર ખનનની પ્રવૃત્તિ સાથે જોડાયેલાઓમાં ખુશી પણ વ્યક્ત થઈ છે. મહત્ત્વની વાત એ છે કે આ નવા નિયમોથી ખાણ ખનિજનો સ્ટાફ હવે કોઈ વાહન સામે કાર્યવાહી કરતા ખચકાશે. આવા તત્ત્વો સાથે જોડાણ ધરાવતો સ્ટાફ હવે કાયદેસરની કાર્યવાહી કરવાના બદલે તેને પ્રોત્સાહન આપવામાં રહેશે. રાજ્ય સરકારના નવા પરિપત્રથી ગેરકાયદે પ્રવૃત્તિઓ પર અંકુશ આવશે તેવો દાવો કરવામાં આવ્યો છે. ખાસ કરીને દરેક વાહનોમાં જીપીએસ લગાવવાના નવા નિયમથી વાહન ક્યા છે તેમજ ક્યાં રોકાયું છે તે જાણી શકાશે. માત્ર એટલું જ નહીં પરંતુ નંબર પ્લેટથી વાહનનો ગુનાઈત ઈતિહાસ પણ જાણી શકાશે. સૂત્રોએ કહ્યું હતું કે ઓવરલોડ વાહનો પર અંકુશ આવતા રસ્તાઓને થતું નુકસાન અટકશે. કઈ કઈ પ્રવૃત્તિ અંગે કાર્યવાહી થશે આરટીઓ માન્ય નંબર પ્લેટ ન હોવી અથવા નકલી નંબર પ્લેટ લગાવવી કે વાંચી શકાય તેવી નંબર પ્લેટ ના હોવી. વાહનમાં જીપીએસ ના હોવું અથવા જાણી જોઈને બંધ રખાશે તો ગુનો. નિર્ધારિત ક્ષમતા કરતા વધારે ખનિજ ભરેલુ હોય.

લારીઓના ખડકલા વચ્ચે દરરોજ ટ્રાફિક જામના દશ્યો સર્જાતા રહે છે

# રક્ષા શક્તિ સર્કલ પાસે ટ્રકચાલકે જજની કારને ટક્કર મારી : ડ્રાઈવરનો આબાદ બચાવ

**સિગ્નલ ખુલતાની સાથે જ પાછળથી આવતા એક ટ્રક ચાલકે સરકારી ગાડીના ડ્રાઈવર સાઈડના ભાગે ટક્કર મારતા અકસ્માત સર્જાયો**

• ગાંધીનગર

ગાંધીનગરના રક્ષા શક્તિ સર્કલ પાસે ગઈકાલે સાંજના સમયે ટ્રાફિક સિગ્નલ ખુલતાની સાથે જ એક બેફામ ગતિએ આવતા ટ્રક ચાલકે ડિસ્ટ્રિક્ટ કોર્ટના જજની સરકારી કારને જોરદાર ટક્કર મારી હતી. આ અકસ્માતમાં સદનસીબે જજ ગાડીમાં હાજર નહોતા અને ડ્રાઈવરનો આબાદ બચાવ થયો છે, પરંતુ સરકારી ગાડીને અંદાજે 50 હજાર રૂપિયા જેટલું મોટું નુકસાન પહોંચ્યું છે. આ અંગે ઈન્ફોસિટી પોલીસે ગુનો નોધી કાનુની કાર્યવાહી હાથ ધરી છે. ગાંધીનગરના રક્ષા શક્તિ સર્કલ આડેધડ વાહન પાર્કિંગ અને લારીઓના ખડકલા વચ્ચે દરરોજ ટ્રાફિક જામના દશ્યો સર્જાતા રહેતા



હોવા છતાં તંત્ર ધ્વારા નક્કર પગલાં ભરવામાં આવતા નથી. અહીંના કોમર્શિયલ કોમ્પલેક્ષ આગળ પણ બેઝમેન્ટ ખુલ્લા નહીં હોવાથી સર્વિસ રોડ પણ ચક્કાજામ થઈ જાય છે. જેના લીધે છાશવારે નાના મોટા માર્ગ અકસ્માતો સર્જાતા રહેતા હોય છે. ગઈકાલે સાંજે તો એડિશનલ ડિસ્ટ્રિક્ટ મેજિસ્ટ્રેટની ગાડીને ટ્રકે ટકકર મારી હોવાની ફરિયાદ પોલીસ ચોપડે નોંધાઈ છે. ગાંધીનગર ડિસ્ટ્રિક્ટ કોર્ટમાં એડિશનલ ડિસ્ટ્રિક્ટ મેજિસ્ટ્રેટની ગાડી (GJ-18-GA-2993) પર ડ્રાઈવર તરીકે ફરજ બજાવતા મહેન્દ્રસિંહ રણજીતસિંહ ભાટી ગઈકાલ સાંજના આશરે સવા છ વાગ્યાના અરસામાં મેજિસ્ટ્રેટને તેમના રાંદેસણ સ્થિત નિવાસસ્થાને ઉતારી પરત ગાંધીનગર આવી રહ્યા હતા. આ દરમિયાન સાંજના સાત વાગ્યાના અરસામાં ગિફ્ટ સિટી રોડ પર આવેલા રક્ષા શક્તિ સર્કલ પાસે સિગ્નલ બંધ હોવાથી તેઓ પોતાની લેનમાં ઉભા હતા. ત્યારે સિગ્નલ ખુલતાની સાથે જ પાછળથી આવતા એક ટ્રક ચાલકે સરકારી ગાડીના ડ્રાઈવર સાઈડના ભાગે ટક્કર મારતા અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતને પગલે સર્કલ ટ્રાફિક જામ થતાં અફરાતફરી મચી ગઈ હતી આ અકસ્માત એટલો જોરદાર હતો કે સરકારી ગાડીનો ડ્રાઈવર સાઈડનો દરવાજો ટ્રક સાથે ફસાઈ ગયો હતો, જેથી ડ્રાઈવરે બીજી તરફનો દરવાજો ખોલી બહાર નીકળવું પડ્યું હતું. આ અકસ્માતના પગલે ચક્કાજામ થઈ જતા પોલીસ દોડતી થઈ ગઈ હતી. બાદમાં પોલીસે તપાસ કરતા અકસ્માત સર્જનાર ટ્રક ચાલક સંગ્રામ વિક્રમસિંહ ઝાલા (રહે. રોજડ,તા. તલોદ) એ કબૂલાત કરી હતી કે અચાનક બાઈક ચાલક આડો આવતા તેણે સ્ટીયરીંગ પરથી કાબૂ ગુમાવ્યો હતો. આ અકસ્માતમાં ગાડીનું ટાયર ફાટી ગયું હતું અને બમ્પર તેમજ દરવાજાના ભાગે નુકસાન થયું છે. આ અંગે ઈન્ફોસિટી પોલીસે ગુનો નોધી કાનુની કાર્યવાહી હાથ ધરી છે.

# ખનન માફિયાઓનો આતંક! પોલીસે રોક્યા તો રસ્તા પર જ ખાલી કરી

• અમદાવાદ

અમદાવાદ શહેરમાં સાબરમતી નદીના પટમાંથી ગેરકાયદે રેતી ચોરી કરતા ભૂમાફિયાઓએ હવે કાયદાનો ડર છોડી દીધો હોય તેવા દ્રશ્યો મકરબા વિસ્તારમાં જોવા મળ્યા છે. ખનીજ વિભાગના અધિકારીઓએ રેતી ભરેલા બે ડમ્પરને રોકતા, ડમ્પર માલિકે અધિકારીઓને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી અને ભય ફેલાવવાના ઈરાદે જાહેર રસ્તા પર જ રેતી ખાલી કરી નાસી છૂટ્યા હતા. અસારવા સ્થિત ભૂસ્તર વિજ્ઞાન અને ખનીજ કચેરીને બાતમી મળી હતી કે રાત્રિના સમયે જુહાપુરાથી મકરબા રોડ પર ગેરકાયદે રેતી ભરેલા ડમ્પરોની અવરજવર થાય છે. આ બાતમીના આધારે ખનીજ વિભાગના અધિકારી કિરણ પરમાર અને તેમના સ્ટાફે મકરબા રોડ પર વોચ ગોઠવી હતી. આ દરમિયાન 30-30 ટન રેતી ભરેલા, નંબર પ્લેટ વિનાના બે શંકાસ્પદ ડમ્પર ઝડપાયા હતા. ડ્રાઈવરોની પૂછપરછમાં કબૂલાત થઈ હતી કે



આ રેતી સાબરમતી નદીના પટમાંથી ગેરકાયદે ભરીને કન્સ્ટ્રક્શન સાઈટ પર લઈ જવામાં આવતી હતી. જ્યારે અધિકારીઓએ ડમ્પરને સરખેજ પોલીસ સ્ટેશન લઈ જવાનો આદેશ આપ્યો, ત્યારે મામલો બિચક્યો હતો. ડ્રાઈવરે જાણ કરતા પીપળજમાં રહેતો ડમ્પર માલિક સુરેશ ભરવાડ લાકડી લઈને સ્થળ પર પહોંચ્યો હતો. તેણે અધિકારીઓને ધમકાવતા કહ્યું કે, 'મારી ગાડીઓ રોકી તો વારો પડી જશે.' કાર્યવાહીમાં વિઘ્ન નાખવા અને પુરાવાનો નાશ કરવાના ઈરાદે માફિયાઓએ બંને ડમ્પરની રેતી રસ્તા પર જ ખાલી કરી દીધી હતી. વાતાવરણ તંગ બનતા અધિકારીઓએ તાત્કાલિક પોલીસ કંટ્રોલ રૂમમાં ફોન કર્યો હતો. પોલીસ આવવાની જાણ થતા જ ડમ્પર માલિક અને ચાલકો વાહનો લઈને સ્થળ પરથી નાસી છૂટ્યા હતા. આ મામલે કિરણ પરમારે સરખેજ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસે સરકારી કામમાં રુકાવટ અને જાનથી મારી નાખવાની ધમકી હેઠળ ગુનો નોંધી આરોપીઓને ઝડપી પાડવા તપાસ તેજ કરી છે.

# ધોળકાના વટામણ ચોકડી પાસે બાઈક-ટ્રેક્ટર વચ્ચે અકસ્માત : બાઈક ચાલકનું ઘટના સ્થળે મોત

• અમદાવાદ

અમદાવાદ જીલ્લાના ધોળકા તાલુકાના વટામણ ચોકડી નજીક હાઈવે પર બાઈક અને ટ્રેક્ટર વચ્ચે ગંભીર અકસ્માત સર્જાયો હતો. આ દુર્ઘટનામાં બાઈક ચાલક દિનેશ રાઠોડનું ઘટનાસ્થળે જ મૃત્યુ થયું હતું, જ્યારે તેમની પત્ની પારુલ રાઠોડ ઘાયલ થયા હતા. પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, દિનેશ રાઠોડ અને તેમના પત્ની પારુલબેન તેમના પિયર જવા નીકળ્યા હતા. વટામણ ચોકડી સર્કલ નજીક તેમનું બાઈક એક ટ્રેક્ટર સાથે અથડાતા આ અકસ્માત સર્જાયો હતો. અકસ્માતમાં દિનેશ રાઠોડનું ઘટનાસ્થળે જ મૃત્યુ થયું હતું. પારુલબેનને નાની-મોટી ઈજાઓ પહોંચતા તેમને તાત્કાલિક વટામણની સરકારી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. ઘટનાની જાણ થતાં જ વટામણ 108



એમ્બ્યુલન્સ અને સરકારી પીએસસી 108ની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી. કોઠ પોલીસ અને વટામણ 112ની ટીમ પણ તાત્કાલિક સ્થળ પર દોડી આવી હતી. અકસ્માત જોવા માટે લોકોના ટોળા પણ એકઠા થયા હતા. મૃતક દિનેશ રાઠોડના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ધોળકા ખસેડવામાં આવ્યો હતો. કોઠ પોલીસે આ અંગે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## અમદાવાદ ફર્નિચર એસોસિયેશન માં બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું



ગુજરાતચેમ્બરઓફકોમર્સએન્ડઈન્ડસ્ટ્રીઝઅનેઈન્ડિયનરેડ ક્રોસસોસાયટીનાસંયુક્ત ઉપક્રમે આજરોજ અમદાવાદ ફર્નિચર એસોસિયેશન માં બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં 106 યુનિટ રક્ત એકત્ર કરવામાં આવ્યું હતું. પ્રમુખશ્રી દિનેશભાઈ શેઠ તેમજ સેક્રેટરી શ્રી હિતેશભાઈ બ્રહ્મભટ્ટ અને સમગ્ર કારોબારી સભ્યો હાજર રહ્યા હતા

**કિડ્સ સિટી અને બાલવાટીકા પાસે ટોય ટ્રેન માટે નવા બે સ્ટેશન બનાવાશે**

# અમદાવાદના કાંકરિયા પરિસરમાં ત્રણ મહિનામાં નવી બે ટોય ટ્રેન દોડશે

• અમદાવાદ

અમદાવાદના ફરવાલાયક સ્થળોમાં સૌથી જાણીતા એવા કાંકરિયા લેકફ્રન્ટ પરિસરમાં અટલ એક્સપ્રેસ ટ્રેન ચલાવવામાં આવે છે. મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા હવે નવી બે ટોય ટ્રેન શરૂ કરવામાં આવશે. કિડ્સ સિટી અને બાલવાટીકા પાસે પણ આ ટોય ટ્રેન માટે નવા બે સ્ટેશન બનાવવામાં આવશે. જેથી બંને જગ્યાએથી લોકો ટ્રેનમાં બેસી કાંકરિયાની મજા માણી શકશે. આગામી ત્રણ મહિનામાં આ ટ્રેન શરૂ થાય તેવી શક્યતા છે. આ અંગે સ્ટેન્ડિંગ કમિટિ ચેરમેન દેવાંગ દાણીએ જણાવ્યું હતું કે, કાંકરિયા પરિસરમાં હજારોની સંખ્યામાં લોકો આવે છે. ખાસ કરીને કાંકરીયામાં શરૂ કરવામાં આવેલી ટોય ટ્રેનની મજા નાના બાળકોથી લઈ મોટા લોકો પણ વધારો થાય તે માટે નવી બે ટોય ટ્રેન માટે મંજૂરી આપી છે. બે ટોય ટ્રેન તૈયાર થઈને આગામી



બેથી ત્રણ મહિનામાં કાંકરીયા ખાતે આવી પહોંચશે. જે બાદ નાગરીકોને વધુ આધુનિક અને સુરક્ષીત ટોય ટ્રેનની સફર માણી શકશે. મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા રૂ. 3.54 કરોડના ખર્ચે ટ્રેન ખરીદવામાં આવી રહી છે. આ નવી ટોય ટ્રેન બનાવવા માટે મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા મંજૂરી આપીને ઓર્ડર આપી દીધો છે. જે આગામી 3 મહિનામાં તૈયાર થઈને આવે તેવી શક્યતા છે. ત્યારે આ ટોય ટ્રેન ઉનાળાના વેકેશન પહેલા જ શરૂ થઈ જશે. જેથી કાંકરીયામાં ફરવા આવતાસહેલાણીઓનેવધુએકનજરાણુંમળશે. આ નવી ટોય ટ્રેનનો લુક તો હાલની ટ્રેન જેવો જ રાખવામાં આવ્યો છે. બંને ટ્રેનના એન્જિન વધુ મજબુત, ક્ષમતાપુર્ણ અને ઈલેક્ટ્રિક એન્જિનથી ચાલતા હશે. હાલ સાદુ એન્જિન છે તેને બદલે આ યુકે ટેકનોલોજીથી સજ્જ એન્જિન તૈયાર કરાશે. ટ્રેનના તમામ ઓપન કોચ રહેશે. તે સિવાય આ ટ્રેનની 5 વર્ષની ગેરંટી વોરંટી રહેશે. સુત્રો દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર હાલ ખોડલ કોર્પોરેશન જે.વી. દ્વારા દેશમાં ટ્રેન બનાવવામાં આવે છે.

# એરપોર્ટ પર હાઈ વોલ્ટેજ ડ્રામા: અકાસા એરની ફ્લાઈટનું 2 વાર લેન્ડિંગ ફેલ,

## મુસાફરોના જીવ તાળવે ચોંટ્યા

• મુંબઈ

મુંબઈથી અમદાવાદ આવી રહેલી અકાસા એરની ફ્લાઈટમાં આજે મુસાફરોએ મોતનો સાક્ષાત્કાર કર્યો હોય તેવી દહેશતભરી સ્થિતિ સર્જાઈ હતી. અમદાવાદ રનવે પર બે વાર લેન્ડિંગના નિષ્ફળ પ્રયાસ બાદ વિમાનને આખરે જયપુર ડાયવર્ટ કરવામાં આવ્યું હતું. આજે 13 જાન્યુઆરી, 2026ના રોજ મુંબઈથી અમદાવાદની સફરે નીકળેલા મુસાફરો માટે આ પ્રવાસનો અનુભવ ભયાનક રહ્યો હતો. અકાસા એરની ફ્લાઈટ નંબર QP 1781(Boeing 737 Max 8), જે સવારે 8:40 વાગ્યે મુંબઈથી રવાના થઈ હતી, તેમાં અધવચ્ચે જ એક ગંભીર ટેકનિકલ ખામી સર્જાતા વિમાનમાં સવાર મુસાફરોના જીવ તાળવે ચોંટી ગયા હતા.



નિર્ધારિત સમય મુજબ સવારે 10:00 વાગ્યે અમદાવાદ ખાતે લેન્ડિંગ કરવાનું હતું, પરંતુ ટેકનિકલ ખામીના કારણે મોટી દુર્ઘટનાની દહેશત ઊભી થઈ હતી. અમદાવાદ એરપોર્ટ પર લેન્ડિંગ સમયે સર્જાયેલી આ કટોકટીએ મુસાફરોના જીવ અધ્ધર કરી દીધા હતા. જ્યારે ફ્લાઈટ નિર્ધારિત સમયે લેન્ડિંગની તૈયારીમાં હતી, ત્યારે અચાનક સર્જાયેલી ગંભીર ટેકનિકલ ખામી અથવા પ્રતિકૂળ સંજોગોને કારણે પાયલોટ વિમાનને રનવે પર સ્થિર કરવામાં નિષ્ફળ રહ્યા હતા. પ્રથમ પ્રયાસ દરમિયાન વિમાન રનવેની અત્યંત નજીક પહોંચી ગયું હતું, પરંતુ ટચ-ડાઉન થાય તે પહેલા જ જોખમ પારખી ગયેલા પાયલોટે તેને ફરી હવામાં ખેંચી લેવું પડ્યું હતું. જ્યારે પાયલોટે લેન્ડિંગ માટે બીજો પ્રયાસ કર્યો, ત્યારે ફરી એ જ ગંભીર સ્થિતિનું પુનરાવર્તન થયું હતું. સતત બે વાર રનવેની સાવ નજીક જઈને ફરી એ જ સ્થિતિ સર્જાતા ફ્લાઈટની અંદર ભયનો માહોલ ફેલાઈ ગયો હતો.

આ ભયાનક અનુભવ વિશે જણાવતા એક મુસાફરે ધ્રૂજતા અવાજે કહ્યું હતું કે, 'તે ક્ષણે અમને લાગ્યું કે વિમાન ગમે ત્યારે પછડાશે અને અમારો બચવાનો કોઈ રસ્તો નથી. બે વાર એરપોર્ટની નજીક જઈને વિમાન પાછું હવામાં જતું રહેતા દરેકના શ્વાસ થંભી ગયા હતા.' આ ઘટનાના કારણે એરપોર્ટ ઓથોરિટી પણ હરકતમાં આવી ગઈ હતી. અમદાવાદમાં સતત બે નિષ્ફળ લેન્ડિંગ બાદ એર ટ્રાફિક કંટ્રોલ(ATC) અને પાયલોટે જોખમ ન લેવાનું નક્કી કર્યું હતું. સુરક્ષાના કારણોસર ફ્લાઈટને તાત્કાલિક જયપુર એરપોર્ટ તરફ વાળવામાં આવી હતી. જયપુરમાં વિમાનનું સુરક્ષિત લેન્ડિંગ થતા મુસાફરોએ રાહતનો શ્વાસ લીધો હતો. હાલમાં આ ટેકનિકલ ખામી પાછળનું ચોક્કસ કારણ જાણવા માટે એરલાઈન્સ દ્વારા તપાસના આદેશ આપવામાં આવ્યા હોવાનું મનાય છે.

અણઘડ વહીવટ

AMCની અણઘડ કામગીરી

# શેલા VIP રોડ પર થાંભલા હટાવ્યા વિના જ ડામર રોડ બિછાવી દેવાયો

## 80 કરોડના ખર્ચે બનેલા આ બ્રિજના છેડે દીવાલ હોવાથી તેના ઉપયોગ સામે સવાલો ઉઠ્યા

• અમદાવાદ

અમદાવાદ મહાનગરપાલિકા દ્વારા શહેરના વિકાસના દાવાઓ વચ્ચે તંત્રની ગંભીર બેદરકારીનો એક નમૂનો શેલા વિસ્તારમાં જોવા મળ્યો છે. શેલા VIP રોડ પર વીજળીના થાંભલા હટાવવાની તસ્દી લીધા વિના જ તંત્ર દ્વારા ડામર રોડ બનાવી દેવામાં આવ્યો છે. રોડની બિલકુલ વચ્ચે જ વીજ પોલ ઊભા હોવા છતાં કામ પૂરું કરી દેવાતા કોર્પોરેશનની આ અણઘડ કામગીરી અત્યારે સમગ્ર શહેરમાં ચર્ચાનો વિષય બની છે. વિગતવાર માહિતી મુજબ, આ રોડ બનાવતા પહેલા મહાનગરપાલિકા અને વીજ કંપની વચ્ચે કોઈ પણ પ્રકારનું સંકલન કરવામાં આવ્યું નથી તે સ્પષ્ટ જણાય છે. વીજ પોલ ખસેડવાની પ્રક્રિયા પૂર્ણ કર્યા વિના જ ઉતાવળે રોડ તૈયાર કરી દેવાતા હવે આ થાંભલા વાહનચાલકો માટે જીવતું જોખમ બન્યા છે. વ્યસ્ત એવા આ VIP રોડ પર, ખાસ કરીને રાત્રિના સમયે, રોડની વચ્ચે ઊભેલા આ પોલને કારણે ગંભીર અકસ્માત સર્જાવાની પ્રબળ શક્યતા છે. તંત્રની આ અણઘડ નીતિ અને જનતાના ટેક્સના પૈસાનો વેડફાટ જોઈને સ્થાનિક રહીશોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. અમદાવાદના પૂર્વ વિસ્તારમાં આવેલા હાટકેશ્વર સર્કલ નજીક જર્જરિત ઓવરબ્રિજ તોડવાની કામગીરી હવે જનતા માટે આફત બની છે. બ્રિજ તોડતી વખતે મુખ્ય પીવાની લાઈનમાં ભંગાણ પડવાને કારણે છેલ્લા ત્રણ દિવસથી લાખો લિટર શુદ્ધ પાણીનો વેડફાટ થઈ રહ્યો છે. તંત્રની ઘોર નિદ્રા અને સંકલનના અભાવે આ કિંમતી પાણી જાહેર માર્ગો પર વહીને ગટરમાં જઈ રહ્યું છે. આ વિસ્તારમાં અત્યારે જળબંબાકારની સ્થિતિ છે, છતાં ત્રણ દિવસથી કોઈ અધિકારીએ ત્યાં મુલાકાત લેવાની તસ્દી સુધ્ધાં લીધી નથી. અત્રે નોંધવું રહ્યું કે, બોપલ-ઘુમા વિસ્તારમાં પણ તંત્ર અવારનવાર આવી ભૂલો કરતું રહે છે. અગાઉ ઘુમા-શીલાજ રેલવે ઓવરબ્રિજનો કિસ્સો પણ ચર્ચામાં આવ્યો હતો, જ્યાં AUDA દ્વારા બ્રિજ તો બનાવી દેવાયો હતો પરંતુ તેના બીજા છેડે રસ્તો જ નહોતો! 80 કરોડના ખર્ચે બનેલા આ બ્રિજના છેડે દીવાલ હોવાથી તેના ઉપયોગ સામે સવાલો ઉઠ્યા હતા.



## મુખ્ય લાઈનમાંથી પાણીનો પ્રવાહ સતત ચાલુ રહ્યો હતો

# હાટકેશ્વર સર્કલ નજીક બ્રિજ તોડતા સમયે પાણીની લાઈનમાં ભંગાણ, રસ્તા પર ફુવારા ઊડ્યાં

વેડફાટ

ત્રણ-ત્રણ દિવસથી આટલો મોટો બગાડ થતો હોવા છતાં જવાબદાર અધિકારીઓ દ્વારા કોઈ નક્કર કામગીરી કરવામાં આવી નથી

• અમદાવાદ

અમદાવાદના પૂર્વ વિસ્તારમાં આવેલા હાટકેશ્વર સર્કલ નજીક જર્જરિત ઓવરબ્રિજ તોડવાની ચાલી રહેલી કામગીરી હવે જનતા માટે હાલાકી અને બગાડનું કારણ બની છે. બ્રિજ તોડતી વખતે મુખ્ય પીવાની લાઈનમાં પડેલા ભંગાણને કારણે છેલ્લા ત્રણ દિવસથી લાખો લિટર શુદ્ધ પાણીના ફુવારા ઊડી રહ્યા છે. તંત્રની ઘોર નિદ્રા અને સંકલનના અભાવે આ કિંમતી પાણી જાહેર માર્ગો પર વહીને અંતે ગટરમાં વેડફાઈ રહ્યું છે, જેના કારણે સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. મળતી માહિતી અનુસાર, હાટકેશ્વર સર્કલથી સીટીએમ તરફ જતા માર્ગ પર ખોખરા સ્મશાનગૃહના ગેટની બિલકુલ સામે પાણીની મુખ્ય પાઈપલાઈનમાં મોટું ભંગાણ પડ્યું છે. બ્રિજ તોડવાની કામગીરી દરમિયાન થયેલા આ ભંગાણને કારણે ચારથી પાંચ ફૂટ ઊંચા પાણીના ફુવારા ઊડી રહ્યા છે. આ રેલો સર્કલથી સીટીએમ રોડ સુધી લગભગ 500 મીટર લાંબો વ્હેણ બનીને વહી રહ્યો છે. રસ્તા પર પાણી ફરી વળતા જાણે કેનાલમાંથી પાણી છોડ્યું હોય અથવા ચોમાસા જેવી સ્થિતિ સર્જાઈ હોય તેવા દ્રશ્યો સર્જાયા છે. વાહનચાલકો અને રાહદારીઓને પણ આ જળબંબાકાર જેવી સ્થિતિમાંથી પસાર થવામાં ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે.

AMCના પાણી વિભાગ અને બ્રિજ તોડતા કોન્ટ્રાક્ટર વચ્ચેના સંકલનના અભાવે આ ગંભીર સ્થિતિ ઊભી થઈ છે. નવાઈની વાત તો એ છે કે, સવારે 6થી 8 વાગ્યા સુધી પાણી છોડવાનો નિયત સમય પૂર્ણ થયા બાદ પણ આ મુખ્ય લાઈનમાંથી પાણીનો પ્રવાહ સતત ચાલુ રહ્યો હતો. ત્રણ-ત્રણ દિવસથી આટલો મોટો બગાડ થતો હોવા છતાં જવાબદાર અધિકારીઓ દ્વારા કોઈ નક્કર કામગીરી કરવામાં આવી નથી. એક તરફ લોકોને પાણી બચાવવાના પાઠ ભણાવતું તંત્ર પોતાની જ બેદરકારીને કારણે લાખો લિટર શુદ્ધ પાણી ગટરમાં વહાવી રહ્યું છે.



# મહાવીર ગ્રુપ થરાદ દ્વારા બહેનો માટે મોટિવેશન કાર્યક્રમનું આયોજન કરાયું

## ૩૦૦ જેટલી બહેનોએ કાર્યક્રમમાં ઉપસ્થિત રહી માર્ગદર્શન મેળવ્યું

• પ્રતિનિધિ : થરાદ

મહાવીર ગ્રુપ થરાદ દ્વારા વિદ્યાર્થીની બહેનો માટે મોટિવેશન અને માર્ગદર્શન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં આ કાર્યક્રમના મુખ્ય વક્તા ડૉ. અવનીબેન આલ હતા તેમજ મુખ્ય મહેમાન DySP શિલ્પાબેન ભારાઈ હતા આ કાર્યક્રમમાં અંદાજીત ૩૦૦ જેટલી બહેનો ઉપસ્થિત રહી હતી કાર્યક્રમમાં DySP શિલ્પાબેન ભારાઈ એ પોતાના વક્તવ્યમાં પોતે મેળવેલ સિદ્ધિ તેમજ મહિલા કાયદા વિશે માહિતગાર કર્યા હતા તેમજ ડૉ. અવનીબેન આલ એ બહેનોને પોતાની સુરક્ષા , મોબાઈલ ના ગેરફાયદા તેમજ વિવિધ કલાસ ૩ અને કલાસ ૨ ની સ્પર્ધાત્મક પરીક્ષાઓ વિશે માર્ગદર્શન આપ્યું હતું તેમજ વિક્રમભાઈ જોષીએ યુવાઓ ના માર્ગદર્શક વિવેકાનંદ જી પર વક્તવ્ય રજૂ કર્યું હતું ત્યારે દૈવીકભાઈ પંચાલ દ્વારા આ મહાવીર ગ્રુપ અને તેના પ્રમુખ રાજેશભાઈ જોષી દ્વારા કરાતા આવા કાર્યક્રમો વિશે પોતાનું મંતવ્ય રજુ કર્યું હતું તેમજ આ સમયે મહાવીર ગ્રૂપની યુવા ટીમની ઘોસણા કરવામાં આવી હતી જેમાં યુવા ટીમના પ્રમુખ તરીકે અરવિંદભાઈ પુરોહિત(ભુરિયા) ને જવાબદારી સોંપવામાં આવી હતી અને મંત્રી તરીકે જગદીશભાઈ જોષી સહિત ટીમને જવાબદારીઓ અપાઈ હતી આ કાર્યક્રમમાં શ્રી સેણલ આર્ટ્સ કોલેજ પીલુડા,સરસ્વતી વિદ્યાલય,આનંદ પ્રકાશ વિદ્યાલય, મોડેલ સ્કૂલ સહિત ની બહેનો ઉપસ્થિત રહી હતી અને માર્ગદર્શન મેળવ્યું હતું આ કાર્યક્રમમાં લાયન્સ કલબના પ્રમુખ કીર્તિભાઈ આચાર્ય,મંત્રી દશરથભાઈ સોની,ભારત વિકાસ પરિષદના પ્રમુખ ડૉ. હિતેન્દ્ર શ્રીમાળી,મંત્રી મયારામભાઈ જોષી, વિક્રમભાઈ જોષી(શિહોરી),દૈવિકભાઈ પંચાલ(પાલનપુર),ડૉ. રીતેશભાઈ પ્રજાપતિ, ડૉ. નરબતભાઈ ચૌધરી,ભેમજીભાઈ પટેલ(સેક્રેટરી એ.પી.એમ.સી થરાદ), સુખદેવપુરી સ્વામી(નાનોલ) સહિત આમંત્રિત મહેમાનો પણ ઉપસ્થિત રહ્યા હતા



# થરાદના ભીમપુરામાં અન અધિકૃત રીતે ગૌચરની જગ્યામાંથી વૃક્ષો કપાયા હોવાની બુમરાડ

• રાજેશ જોષી : વાવ-થરાદ

વાવ-થરાદ જિલ્લા સહિત ગુજરાત ભરમાં નવા વૃક્ષોનો ઉછેર થાય અને પાલન થાય તે માટે ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ અને થરાદના ધારાસભ્ય શંકરભાઈ ચૌધરી સતત પ્રયત્નો કરી રહ્યા છે અને તેમાં પણ વાવ-થરાદ ને તો હરિયાળું બનાવવા માટે સતત પ્રયત્નો કરી રહ્યા છે અને બીજી તરફ કેટલાક લોકો ખોટી રીતે વૃક્ષોનું નિકંદન કરી રહ્યા છે ત્યારે વધુ એક આવો બનાવ સામે આવ્યો છે થરાદ તાલુકાના ભીમપુરા ગામનો ત્યાં ગૌચરની જગ્યામાંથી વર્ષો જુના ખેજડાના વૃક્ષોનું નિકંદન ખોટી રીતે ગ્રામપંચાયત દ્વારા કરવામાં આવ્યું હોવાના આક્ષેપો સાથે વિવિધ અધિકારી સહિત કલેકટર કચેરીએ જાગૃત વ્યક્તિઓ દ્વારા લેખિત રજુઆત કરવામાં આવી છે જોકે ઉલ્લેખનીય છેકે ખોટી રીતે વૃક્ષોનું નિકંદન થરાદ તાલુકામાં દિન પ્રતિદિન વધી રહ્યું છે અને આ બાબતે જો



કોઈ ફોરેસ્ટ અધિકારીઓ ને જાણ કરે તો એ અધિકારીઓ રજુઆત બાદ બીજીવાર આ જાણકારી આપનાર વ્યક્તિઓના ફોન પણ ઉપાડતા નથી અને જો વધુ ફોન કરે તો તેને બ્લોક કરી દેતા હોવાથી આ ફોરેસ્ટ અધિકારીઓ સાથે રહીને આ લીલા લાકડાઓનો કાળો કારોબાર કરાવતા હોવાની શંકાઓ ઉભી થઈ રહી છે ત્યારે આવા તત્વો સામે કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ ઉઠી છે

# ચાકલિયામાં ખાખીની આડમાં દારૂનો 'ધંધો', કોન્સ્ટેબલ દ્વારા હેરાફેરી કરાતી હતી

• દાહોદ

ગુજરાતમાં દારૂબંધીના કડક અમલની વાતો વચ્ચે દાહોદ જિલ્લાના ચાકલીયા પોલીસ મથકના ત્રણ પોલીસકર્મી જ દારૂની હેરાફેરી કરતા ઝડપાતા પોલીસ બેડામાં ભારે ખળભળાટ મચી ગયો છે. પોલીસ દ્વારા પોતાના જ સાથી કર્મચારીઓ સામે પ્રોહિબિશનનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. મળતી માહિતી અનુસાર, ચાકલીયા, ઝાલોદ અને લોકલ ક્રાઈમ બ્રાન્ચ(LCB)નો સ્ટાફ જ્યારે સંયુક્ત પેટ્રોલિંગમાં હતો, ત્યારે તેમને ખાનગી બાતમી મળી હતી કે પોલીસકર્મીઓ જ દારૂ ભરેલી ગાડીનું પાયલોટિંગ કરી રહ્યા છે. આ દરમિયાન હેડ કોન્સ્ટેબલ અર્જુન ભુરીયા અને પોલીસ કોન્સ્ટેબલ પ્રકાશ હઠીલા કારમાં આગળ ચાલીને રસ્તો ક્લિયર કરી રહ્યો હતો. તેની પાછળ હેડ કોન્સ્ટેબલ મોહન તાવીયાડની ગાડી આવી રહી હતી, જેમાં વિદેશી દારૂનો જથ્થો ભરેલો હતો. સામેથી પોલીસનો કાફલો જોઈ જતાં દારૂ ભરેલી ગાડી મૂકીને પાયલોટિંગ કરી રહેલા કર્મચારીઓ પોતાની ગાડી લઈને સ્થળ પરથી ફરાર થઈ ગયા હતા.

ચાકલીયા પોલીસે બિનવારસી હાલતમાં મુકાયેલી કારની તપાસ કરતા 66,646 રૂપિયાનો વિદેશી દારૂ અને કાર મળી કુલ 5,66,646 રૂપિયાનો મુદામાલ ઝડપી પાડ્યો પોલીસ વિભાગે શિસ્તના ભંગ બદલ અને ગુનાહિત પ્રવૃત્તિમાં સામેલ થવા બદલ હેડ કોન્સ્ટેબલ અર્જુન ભુરીયા, પોલીસ કોન્સ્ટેબલ પ્રકાશ હઠીલા અને હેડ કોન્સ્ટેબલ મોહન તાવીયાડ સામે ગુનો નોંધી તેમની ધરપકડ માટે ચક્રો ગતિમાન કર્યા છે.

## સમગ્ર કાર્યક્રમ કોલેજ NSS યુનિટ મારફતે સુચારુ રીતે યોજાયો હતો

# એમ. આર. આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજ, રાજપીપળા ખાતે મકરસંક્રાંતિ નિમિત્તે પતંગ ઉત્સવનું ભવ્ય આયોજન

• દીપક જગતાપ, રાજપીપલા

શ્રી એમ. આર. આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજ, રાજપીપળા ખાતે મકરસંક્રાંતિ નિમિત્તે પતંગ ઉત્સવનું ભવ્ય આયોજન રાજપીપળા સ્થિત શ્રી એમ. આર. આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજ કેમ્પસમાં આજે મકરસંક્રાંતિના પાવન અવસરે પરંપરાગત પતંગ ઉત્સવનું આનંદમય આયોજન કરવામાં આવ્યું હતું. આ ઉત્સવમાં કોલેજના પ્રાધ્યાપકો, વિવિધ વિભાગોના વિભાગાધ્યક્ષો (HOD), શિક્ષક તથા બિનશિક્ષક સ્ટાફ સાથે સાથે કોલેજના આશરે ૧૫૦ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ કાર્યક્રમનું આયોજન કોલેજના માનનીય પ્રિન્સિપાલ ડૉ. એસ. જી. માંગરોલા સાહેબના માર્ગદર્શન અને પ્રેરણાથી કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમ કોલેજ NSS યુનિટ મારફતે સુચારુ રીતે યોજાયો હતો. પતંગ ઉત્સવ દરમિયાન વિદ્યાર્થીઓ અને સ્ટાફે પરસ્પર સહભાગિતા, ટીમવર્ક અને સાંસ્કૃતિક પરંપરાનો આનંદ લીધો. મકરસંક્રાંતિ જેવા લોકોત્સવ દ્વારા વિદ્યાર્થીઓમાં ભારતીય સંસ્કૃતિ, સામૂહિકતા અને આનંદભાવના વિકસે તે હેતુસર આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રિન્સિપાલશ્રીએ પોતાના સંબોધનમાં જણાવ્યું હતું કે આવા સાંસ્કૃતિક કાર્યક્રમો વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસમાં મહત્વની ભૂમિકા ભજવે છે તથા શૈક્ષણિક જીવનમાં તણાવ ઘટાડવામાં સહાયક બને છે. કાર્યક્રમ અંતે NSS યુનિટના સંયોજકો તથા સ્વયંસેવકોએ સમગ્ર આયોજન સફળ બનાવવા માટે નોંધપાત્ર યોગદાન આપ્યું હતું. પતંગ ઉત્સવ દરમિયાન સેરડીના સાઠા, તલની ચીકી, તલના લાડુ તથા ચિકીની ભરપૂર મીઠાસ સાથે વિદ્યાર્થીઓએ પરંપરાગત વાનગીઓનો આનંદ માણ્યો. આ રીતે શ્રી એમ. આર. આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજ, રાજપીપળામાં યોજાયેલ પતંગ ઉત્સવ મકરસંક્રાંતિની ઉજવણીનો આનંદદાયક અને યાદગાર પ્રસંગ બન્યો હતો.



### ૭૬માં વનમહોત્સવની ઉજવણી અંતર્ગત ઘેડિયા કોળી સમાજમાં નિઃશુલ્ક ફૂલછોડ રોપા વિતરણ

# વૃક્ષો વાવવા અને ઉછેરવા એ દરેક નાગરિક ની જવાબદારી: ફોરેસ્ટર અરુણ સરવૈયા

## જયુબેલી ઘેડિયા કોળી સમાજ યુવા મિત્ર મંડળના સહયોગથી તાજેતરમાં નિઃશુલ્ક ફૂલછોડ રોપા વિતરણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું

• રિપોર્ટર: વિરમભાઈ કે. આગઠ

પોરબંદર તાલુકાના ૭૬માં વનમહોત્સવ-૨૦૨૬ની ઉજવણીના ભાગરૂપે પોરબંદરના જયુબેલી વિસ્તારમાં આવેલી શ્રી ઘેડિયા કોળી સમાજની વાડી ખાતે વન વિભાગના ઉપક્રમે તથા જયુબેલી ઘેડિયા કોળી સમાજ યુવા મિત્ર મંડળના સહયોગથી તાજેતરમાં નિઃશુલ્ક ફૂલછોડ રોપા વિતરણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં જયુબેલી સહિત પોરબંદર શહેરના નાગરિકો, પ્રબુદ્ધ નાગરિકો તેમજ પર્યાવરણપ્રેમીઓ મોટી સંખ્યામાં ઉમટ્યા હતા.

આજના આધુનિક યુગમાં માનવ પોતાની સ્વાર્થસાધનાની દોડમાં પ્રકૃતિનો અવિચારી રીતે નાશ કરી રહ્યો છે, જેના કારણે સમગ્ર પર્યાવરણ અને તેમાં રહેલા સજીવોના જીવન પર ગંભીર ખતરો ઊભો થયો છે. મનુષ્યના અસંવેદનશીલ વર્તનથી અનેક પશુ-પક્ષી અને પ્રાણીઓ લુપ્ત થઈ ચૂક્યા છે અને અનેક લુપ્તતાના આરે છે. જો આ સ્થિતિ યથાવત રહેશે તો ભવિષ્યમાં સમગ્ર જીવસૃષ્ટિ તેમજ માનવજીવન માટે ગંભીર સંકટ ઊભું થશે. આવી ભયજનક પરિસ્થિતિ ઊભી ન થાય અને લોકો અત્યારથી જ પ્રકૃતિ પ્રત્યે સંવેદનશીલ બને તે ઉમદા હેતુને ધ્યાનમાં રાખી વન વિભાગ દ્વારા આ નિઃશુલ્ક ફૂલછોડ રોપા વિતરણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે પોરબંદર રેન્જ (પ્રોટેક્શન રેન્જ)ના ફોરેસ્ટ ઓફિસર અરુણકુમાર બી. સરવૈયાએ જણાવ્યું હતું કે, પોરબંદર તાલુકા કક્ષાના ૭૬માં વનમહોત્સવ-૨૦૨૫ની ઉજવણી અંતર્ગત નિઃશુલ્ક ફૂલછોડ રોપા વિતરણનો કાર્યક્રમ યોજાયો છે. વૃક્ષો વાવવું અને તેની યોગ્ય માવજત કરવી એ દરેક નાગરિકની ફરજ છે. આવનારી પેઢીના સારાં આરોગ્ય અને સુખાકારી માટે વૃક્ષારોપણ અનિવાર્ય છે. પર્યાવરણની અવનતિના કારણે પૂર, ભૂકંપ, વાવાઝોડું, સુનામી, દાવાનળ અને ભૂસ્ખલન જેવી કુદરતી આફતોનો સામનો કરવો પડે છે. જો આવી કુદરતી આફતોને અટકાવવી હોય તો પર્યાવરણનું સંરક્ષણ અને વૃક્ષારોપણ સાથે તેની ઉછેર અને માવજત કરવી એ જ એકમાત્ર ઉપાય છે. તેમણે પર્યાવરણ પ્રત્યે સજાગતા દાખવનાર યુવા મિત્ર મંડળને અભિનંદન પાઠવ્યા હતા.

આ અવસરે વન વિભાગના બગવદરના ફોરેસ્ટર ગાર્ડ એસ.એસ. કરગિયાએ જણાવ્યું હતું કે, પ્રદૂષણના સમાધાન માટે એકમાત્ર ઉપાય વૃક્ષારોપણ છે. વૃક્ષો વાવો અને તેની સંભાળ રાખો. વૃક્ષો સંત સમાન છે - પોતે તડકામાં ઊભા રહીને અન્યને છાંયડો આપે છે. કુદરત પાસેથી આપણે ઘણું લઈ લીધું છે, હવે વૃક્ષો વાવીને તેની યોગ્ય



માવજત કરી ઉછેરવાની જવાબદારી આપણીએ સ્વીકારવી પડશે.

જયુબેલી ઘેડિયા કોળી સમાજ યુવા મિત્ર મંડળના સેવાકર્મી મહેશભાઈ ભૂવાએ પોતાના પ્રાસંગિક ઉદબોધનમાં વૃક્ષોના મહિમાનું વર્ણન કરતાં જણાવ્યું હતું કે, ભારતની ઈ.સ. ૧૯૫૨ની રાષ્ટ્રીય વન નીતિ મુજબ દેશમાં ૩૩ ટકા વિસ્તાર જંગલથી આવરી લેવો જોઈએ, જ્યારે હાલ દેશમાં માત્ર ૨૩ ટકા અને ગુજરાતમાં તો માત્ર ૧૦ ટકા જ વિસ્તાર જંગલ હેઠળ છે. ભૌતિક લાલસાની અંધ દોડમાં આપણે પર્યાવરણની ભારે અવનતિ કરી છે. જો દરેક પરિવારનો એક સભ્ય એક વૃક્ષ વાવે અને તેની માવજત કરે તો પર્યાવરણની અવનતિને અટકાવી શકાય. તેમણે વન વિભાગના અધિકારી સરવૈયાની વૃક્ષારોપણ માટેની પ્રતિબદ્ધતાની પ્રશંસા કરી અને સૌને વૃક્ષારોપણ માટે આગળ આવવા આહ્વાન કર્યું હતું.

પોરબંદર જયુબેલી ઘેડિયા કોળી સમાજના યુવા શ્રેષ્ઠી પ્રકાશભાઈ બોરીચિયાએ જણાવ્યું હતું કે, કોરોના જેવા કપરા સમયમાં સૌને પ્રાણવાયુ ઓક્સિજનનું મહત્વ સમજાયું છે અને આ ઓક્સિજન આપણને વૃક્ષો આપે છે. આવનારી પેઢીને શુદ્ધ હવા, સ્વચ્છ વાતાવરણ અને સારા સ્વાસ્થ્યનું ભવિષ્ય આપવા માટે વૃક્ષારોપણની વ્યાપક ઝુંબેશ ઉપાડવાની તાતી જરૂર છે.

આ તકે જયુબેલી ઘેડિયા કોળી સમાજમાં છેલ્લા બે દાયકાથી શિક્ષણ, સમાજસેવા અને સામાજિક ક્ષેત્રે ઉત્તમ કામગીરી બદલ યુવા ઉપપ્રમુખ મહેશભાઈ ભૂવાને પોરબંદરના પૂર્વ કાઉન્સિલર સ્વ. ભગવાનજીભાઈ કાળાના પુત્ર પ્રવીણભાઈના હસ્તે ઉષ્માવસ્ત્ર અને શ્રી કૃષ્ણ-સુદામા મૈત્રીની છબી અર્પણ કરી સન્માનિત કરવામાં આવ્યા હતા. સાથે જ ઘેડિયા કોળી સમાજના યુવાનોએ વૃક્ષારોપણની ઝુંબેશ સતત આગળ વધારવાનો સંકલ્પ લીધો હતો. આ નિઃશુલ્ક રોપા વિતરણ કાર્યક્રમમાં ચીકુ, જામફળી, સીતાફળી, લીંબુ, તુલસી, વિવિધ રંગની કરેણ, ગુલાબ, અરડૂસી, સેતુડી, કરંજ સહિતના વિવિધ ફૂલછોડ અને ફળછોડનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ રોપાનો લાભ લેવા પર્યાવરણપ્રેમી ભાઈ-બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા, જે પરથી લોકોમાં પર્યાવરણ પ્રત્યે વધતી જાગૃતિ સ્પષ્ટ રીતે જોવા મળી.

કાર્યક્રમનું સંચાલન યુવા રાજેશભાઈ કરગટિયા તથા મિતલભાઈ બાલસે કર્યું હતું, જ્યારે આભારવિધિ આનંદભાઈ બાલસે વ્યક્ત કરી હતી. કાર્યક્રમમાં પ્રવીણભાઈ બામણિયા, ફોરેસ્ટર ગાર્ડ એસ.એસ. કરગિયા, જયસુખ આર. બામણિયા, ધર્મેશભાઈ બાલસ, ધીરુભાઈ ચાવડા સહિત શહેરના પ્રબુદ્ધ નાગરિકો, પર્યાવરણપ્રેમીઓ અને સમાજના શ્રેષ્ઠીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ વિનામૂલ્ય રોપા વિતરણ કાર્યક્રમને સફળ બનાવવા માટે ઘેડિયા કોળી સમાજ યુવા મિત્ર મંડળના મહેશભાઈ ભૂવાના માર્ગદર્શન હેઠળ રાકેશભાઈ બાલસ, રાજુ ડોડીયા, દિલીપભાઈ, ધર્મેશભાઈ બાલસ, યોગેશ બાલસ, મનદભાઈ બાલસ, અરવિંદભાઈ બામણિયા, વિવેકભાઈ બાલસ સહિત સમગ્ર ટીમે પ્રશંસનીય જહેમત ઉઠાવી હતી.


### અનેક તર્ક-વિતર્ક વચ્ચે પોલીસ તપાસનો ધમધમાટ

# વાગરામાં ત્રીજા માળેથી પટકાતા બિહારના શ્રમિકનું રહસ્યમય મોત: અકસ્માત કે હત્યા?

• વાગરા,

વાગરાની હનુમાન ચોકડી પાસે આ વેલ ખુશ્બુ કોમ્પ્લેક્સમાં ત્રીજા માળેથી નીચે પટકાતા એક ૨૦ વર્ષીય પરપ્રાંતીય શ્રમિકનું મોત નીપજતા સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે. બિહારના વતની મોનુ કુમાર ઉર્ફે પપ્પુ મંડલના શંકાસ્પદ મોતે અનેક સવાલો ઉભા કર્યા છે, જેને પગલે સ્થાનિકોમાં આ ઘટના અકસ્માત છે કે પૂર્વયોજિત કાવતરું તે અંગે ચર્ચાઓ જાગી છે.

પ્રાપ્ત વિગત મુજબ, યુવાન શ્રમિક મોનુ કુમાર પોતાના રહેણાંક



રૂમની ગેલેરીમાંથી રહસ્યમય સંજોગોમાં નીચે પડ્યો હતો, જેમાં માથાના ભાગે ગંભીર ઈજા થવાથી તેનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. વાગરા પોલીસે તાત્કાલિક સ્થળ પર પહોંચી મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડી તપાસ હાથ ધરી છે. ભૂતકાળમાં શ્રમિકો વચ્ચેના આંતરિક વિવાદોના ગુનાહિત ઈતિહાસને જોતા, આ મામલે ઊંડાણપૂર્વક તપાસની માંગ ઉઠી છે. યુવક આપમેળે પડ્યો, કોઈએ ધક્કો માર્યો કે આ આત્મહત્યા છે? તે દિશામાં પોલીસ એફ.એસ.એલ અને પોસ્ટમોર્ટમ રિપોર્ટની રાહ જોઈ રહી છે. ઘટના સમયે હાજર વ્યક્તિઓની પૂછપરછ બાદ જ આ મરકીનો ભેદ ઉકેલાય તેવી શક્યતા છે.

# અંકલેશ્વર હાઈવે પર નોબેલ માર્કેટમાં ભીષણ આગ

• અંકલેશ્વર,

અંકલેશ્વર નજીક નેશનલ હાઈવે નંબર 48 પર આવેલા નોબેલ માર્કેટમાં ગતરોજ વહેલી સવારે ભીષણ આગ ફાટી નીકળતા અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. માર્કેટમાં આવેલા સ્ક્રેપના બે મોટા ગોડાઉનો આગની લપેટમાં આવી જતાં અંદર રાખેલો લાખોનો ભંગાર અને માલસામાન બળીને ખાખ થઈ ગયો હતો. ઘટનાની જાણ થતાં જ ફાયર બ્રિગેડની ટીમોએ સ્થળ પર પહોંચી ભારે જહેમત બાદ આગ પર કાબૂ મેળવ્યો હતો.

પ્રાથમિક તારણ મુજબ, નોબેલ માર્કેટની નજીક આવેલી ભડકોદ્રા ગામની ડમ્પિંગ સાઈટમાં લાગેલી આગ ધીરે ધીરે ગોડાઉન સુધી પ્રસરી હોવાની આશંકા સેવાઈ રહી છે. આગ એટલી વિકરાળ હતી કે તેના ધુમાડાના ગોટેગોટા દૂર-દૂર સુધી જોવા મળ્યા હતા. સદનસીબે આ દુર્ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી, પરંતુ વેપારીઓને મોટું આર્થિક નુકસાન પહોંચ્યું છે. ફાયર વિભાગ અને સ્થાનિક તંત્ર દ્વારા આગ લાગવાનું સચોટ કારણ જાણવા માટે વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

### મોટાસાડા સરસ્વતી વિદ્યાલય ખાતે બાવીસ વર્ષ નોકરી પુણ્ય કર્યા

# મોટાસડા હાઈસ્કૂલ ના આચાર્યનો વયનિવૃત કાર્યક્રમ યોજાયો હતો

• બનાસકાંઠા.... દાંતા

શ્રી રાજપૂત કેળવણી સહાયક મંડળ પાલનપુર સંચાલિત દાંતા તાલુકાની જય શ્રી દ્વારકાધીશ સરસ્વતી વિદ્યાલય મોટાસડા ખાતે બાવીસ વર્ષથી આચાર્ય તરીકે નોકરી પૂર્ણ કરી વયનિવૃત થયેલા દોલતસિંહ ટી રાઠોડ નો સમગ્ર મોટાસડા ગામ, શાળા પરિવાર, તથા કેળવણી મંડળ દ્વારા પરમ પૂજ્ય સંતશ્રી પરથી રામજી મહારાજ ની પ્રેરક ઉપસ્થિતિમાં અને કેળવણી મંડળ ના પ્રમુખ એમ,સી,હડીયોલસાહેબ ના અધ્યક્ષ સ્થાને,, અંબાજી મિલકત ટ્રસ્ટ ના પ્રમુખ એસ,પી, સોલંકી સાહેબ ,દાતા એલ,કે,બારડ સાહેબ,બાવન વાંટા રાજપૂત સમાજ યુવા પ્રમુખ ભરતસિંહ સોલંકી, પૂર્વ પ્રમુખ અને દાતા એમ,બી, સોલંકી સાહેબ,એલ એ રાઠોડ સાહેબ, કેશરસિહ સોલંકી સાહેબ, કાળુજી સોલંકી સાહેબ, ચતુરસિહ રાજપૂત સાહેબ, જવાનસિંહ વાઘેલા સાહેબ, ફુલસિંહ આંબળા સાહેબ, રૂપસિંહ ચૌહાણ સાહેબ, રાજેન્દ્રસિંહ બારડ સરપંચ નીરૂબા રાજપૂત, ઉમેશભાઈ પટેલ,અજમેલસિહ રાજપૂત મંત્રી રણછોડજી ચૌહાણ મંત્રી રણજીતસિંહ ગેલોત વાલી મંડળ પ્રમુખ વિજયસિંહ બારડ, ભીખુ સિંહ પરમાર,મુળરાજસિહ, સોલંકી,વગેરે મુખ્ય મહેમાનો તથા વિશાળ સંખ્યામાં ગ્રામજનો અને આજુબાજુના ગામોના સર્વ સમાજ ના સ્નેહી જનો અને વિશાળ જનમેદની વચ્ચે લાગણી સભર, ભાવપૂર્ણ માહોલ



માં ભાવ દર્શન સમારોહ યોજાયો હતો અને શાળા પરિવાર અને ગ્રામ જનોએ ખૂબ સ્નેહ સભર રીતે વિવિધ ભેટસોગાદો અને રોકડ આપી ડી,ટી, રાઠોડ સાહેબ ને અભૂતપૂર્વ રીતે સન્માનિત કરવામાં આવ્યા, મંચસ્થ મહાનુભાવોએ પોતાના પ્રાસંગિક પ્રવચન આપી શાળાની સિદ્ધિઓનો ચિતાર રજૂ કર્યો, ડી,ટી, રાઠોડે શાળાકક્ષાએ કરેલી કરકસર યુક્ત બચત પાંચ લાખ અને એકાવન હજાર ઉમેરો કરી,૫૫૧૦૦૦/રોકડ નાણાં સંત શ્રી ના હસ્તે કેળવણી મંડળ ને, સાયન્સ પ્રવાહ મોટાસડા માટે અર્પણ કર્યા, ખૂબ સુંદર સાંસ્કૃતિક કાર્યક્રમો સાથે, સમગ્ર કાર્યક્રમનું સંચાલન શાળાના ઈન્ચાર્જ આચાર્ય દીપકભાઈ પ્રજાપતિ એ કર્યું હતું,, અજીતસિંહ ગેલોત અને સમગ્ર સ્ટાફ પરિવારે તથા વાલીમંડળ હોદ્દેદારો એ કાર્યક્રમ ની સફળતા માટે તનતોડ મહેનત કરી હતી,, હેતલબેન રાવલ, મોના બેન કોરજાણી,ધારવીબા ગેલોત, આર્યનસિહ રાજાવત, મિતુલ ભાઈ ચૌધરી એ લાગણી સભર પોતાના પ્રતિભાવો આપ્યા હતા.

# વાઈબ્રન્ટ વિદ્યાલય, થરાદ ખાતે ઉતરાયણની ઉત્સાહભરી ઉજવણી

### વિદ્યાર્થીઓને પતંગો આપવામાં આવ્યા તેમજ સૌ માટે ગોટા નાસ્તાની વ્યવસ્થા કરવામાં આવી

• અહેવાલ પ્રધાનજી ઠાકોર

વાઈબ્રન્ટ વિદ્યાલય, થરાદના શાળા પ્રાંગણમાં ઉતરાયણ પર્વની ભવ્ય અને ઉત્સાહભરી ઉજવણી કરવામાં આવી. આ અવસરે શાળાનું સમગ્ર વાતાવરણ આનંદ અને ઉત્સાહથી છલકાતું રહ્યું.

શાળા પરિવારના માર્ગદર્શન હેઠળ આચાર્ય શ્રી ધુડાભાઈ, માનનીય પ્રમુખ શ્રી રાણાજી પટેલ, મંત્રી શ્રી ભરતભાઈ પટેલ તથા શાળા સંચાલક શ્રી એમ.એમ. પટેલ (માલાણી વિદ્યાલય, સપ્રેડા) ના માર્ગદર્શનથી વિદ્યાર્થીઓ માટે વિશેષ આયોજન કરવામાં આવ્યું. ઉત્સવની ખુશી વહેંચવા માટે વિદ્યાર્થીઓને પતંગો આપવામાં આવ્યા તેમજ સૌ માટે ગરમાગરમ ગોટા નાસ્તાની વ્યવસ્થા કરવામાં આવી.

વાઈબ્રન્ટ વિદ્યાલય, થરાદ શાળા પરિવાર હંમેશા વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ અને ભારતીય સંસ્કૃતિના સંરક્ષણમાં વિશ્વાસ ધરાવે છે. ઉતરાયણ પર્વની ઉજવણી દ્વારા વિદ્યાર્થીઓમાં પરંપરા અને સંસ્કૃતિ પ્રત્યેનો ભાવ વધુ મજબૂત બન્યો.



આ પ્રસંગે શાળા પરિવાર તરફથી તમામ વાલીશ્રીઓ અને વિદ્યાર્થીઓને મકરસંક્રાંતિ પર્વની હાર્દિક શુભેચ્છાઓ પાઠવવામાં આવી.

# ભરૂચ SOG એ આમોદના આછોદ ગામે દુકાનમાંથી 1 લાખનો ગાંજો ઝડપી પાડ્યો

• ભરૂચ/આમોદ,

ભરૂચ સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ (SOG) એ આમોદ પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવતા આછોદ ગામમાં ચોક્કસ બાતમીના આધારે એક દુકાનમાં દરોડો પાડી 1,00,400 ની કિંમતનો 2 કિલો 8 ગ્રામ વનસ્પતિજન્ય ગાંજો ઝડપી પાડી એક ઈસમની ધરપકડ કરી છે.

મળતી વિગત મુજબ, આછોદની પટવા શેરીમાં ભાડાની દુકાનમાં નશાનો વેપાર કરતા ઈદ્રીશ અબ્બાસભાઈ કાઝીને પોલીસે રંગેહાથ દબોચી લીધો હતો. સ્થળ પર થી ગાંજાના જથ્થા ઉપરાંત મોબાઈલ ફોન અને રોકડ મળી કુલ 1,01,200 નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. પ્રાથમિક તપાસમાં



આ માદક પદાર્થના સપ્લાયર તરીકે અંકલેશ્વરની મંગલદીપ સોસાયટીમાં રહેતા દીપક મંડલનું નામ બહાર આવતા પોલીસે તેને વોન્ટેડ જાહેર કરી શોધખોળ તેજ કરી છે. પકડાયેલા આરોપી વિરુદ્ધ આમોદ પોલીસ સ્ટેશનમાં NDPS એક્ટ હેઠળ ગુનો નોંધી ડ્રગ્સ નેટવર્કના મૂળ સુધી પહોંચવા તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

# પરવાનાની નોંધણી વગર હથિયાર સાથે નોકરી કરતા સિક્યુરિટી ગાર્ડની ધરપકડ કરી



• ભરૂચ,

ભરૂચ સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ (SOG) એ સેવાશ્રમ રોડ પરથી પરપ્રાંતીય હથિયાર પરવાનાની સ્થાનિક નોંધણી કરાવ્યા વગર હથિયાર સાથે ફરજ બજાવતા એક સિક્યુરિટી ગાર્ડને ઝડપી પાડી આર્મ્સ એક્ટ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. SOG ટીમને બાતમી મળી હતી કે, સેવાશ્રમ રોડ પર હોસ્ટેલ ગ્રાઉન્ડ પાસે ઉભેલો સિક્યુરિટી ગાર્ડ ઉત્તર પ્રદેશનો હથિયાર પરવાનો ધરાવે છે, પરંતુ તેણે ગુજરાત કે ભરૂચ જિલ્લા મેજિસ્ટ્રેટની કચેરીમાં તેની અનિવાર્ય નોંધણી કરાવી નથી. પોલીસે તપાસ કરતા મૂળ યુપીના ઉન્નાવના વતની અને હાલ સિંધવાઈ ચોકી પાસે રહેતા કૃષ્ણકુમાર વિશ્રામ યાદવ પાસેથી 25,000ની કિંમતની 12 બોરની સિંગલ બેરલ બંદૂક અને 6 જીવતા કારતૂસ મળી આવ્યા હતા. આરોપી છેલ્લા બે માસથી સ્થાનિક જ્વેલર્સ શોપમાં ગાર્ડ તરીકે નોકરી કરતો હોવા છતાં નિયમ મુજબ પોલીસ કે વહીવટી તંત્રને જાણ કરી ન હતી. પોલીસે મુદ્દામાલ જપ્ત કરી ભરૂચ શહેર 'એ' ડિવિઝન પોલીસ મથકે ગુનો દાખલ કરાવ્યો છે.

# થરાદ તાલુકાની શાળાઓમાં શંકરભાઈ ચૌધરી સાહેબ તરફથી પતંગ વિતરણ



• અહેવાલ પ્રધાનજી ઠાકોર

થરાદ તાલુકાની વિવિધ શાળાઓમાં આજે ઉતરાયણ પર્વ નિમિત્તે વિદ્યાર્થીઓ માટે આનંદ અને ઉત્સાહભર્યો પતંગોત્સવ ઉજવાયો હતો. આ કાર્યક્રમ માનનીય શંકરભાઈ ચૌધરી સાહેબ તરફથી આયોજન કરવામાં આવ્યો હતો, જેમાં બાળકોને પતંગો વિતરણ કરી ઉતરાયણ પર્વની ઉજવણી કરાવવામાં આવી.

આ આયોજન અંતર્ગત થરાદ તાલુકાની ગાયત્રી હાઈસ્કૂલ સહિત તાલુકાની અનેક શાળાઓમાં પતંગો આપવામાં આવ્યા હતા. બાળકોમાં ઉતરાયણ પર્વ પ્રત્યે આનંદ, ઉત્સાહ અને સંસ્કૃતિની ભાવના વિકસે તે હેતુથી આ સરાહનીય પહેલ હાથ ધરવામાં આવી. કાર્યક્રમમાં માનનીય શંકરભાઈ ચૌધરી સાહેબના અંગત સચિવ આઈ.એસ. પટેલ સાહેબ, શ્રી સંઘના ચેરમેન જીવરાજ બા, તેમજ હરેશભાઈ કુંભારડી હાજર રહ્યા હતા. ઉપરાંત ભારતીય જનતા પાર્ટી યુવા મોરચાની ટીમ તરફથી મહેન્દ્રભાઈ ગોહિલ, જનકસિંહ લેડાઉ સહિતના કાર્યકર્તાઓએ વિવિધ શૈક્ષણિક સંસ્થાઓમાં જઈ પતંગ વિતરણ કર્યું હતું.

બાળકોમાં પતંગો મેળવી ખાસ ઉત્સાહ જોવા મળ્યો હતો અને શાળા પરિસરમાં પતંગોત્સવનો આનંદમય માહોલ સર્જાયો હતો. આ પ્રકારના કાર્યક્રમોથી વિદ્યાર્થીઓને ભારતીય તહેવારોની પરંપરા અને સંસ્કૃતિ સાથે જોડવાનો સુંદર પ્રયાસ થયો હોવાનું શિક્ષકો તથા વાલીઓએ જણાવ્યું હતું.

# ખેલમહાકુંભ-૨૦૨૫ અંતર્ગત પોરબંદરમાં રાજ્ય કક્ષાની બેડમિન્ટન સ્પર્ધાઓનું ભવ્ય આયોજન

### સરદાર પટેલ રમત સંકુલ બનશે રાજ્યના પ્રતિભાશાળી ખેલાડીઓનું કેન્દ્રબિંદુ

• ગોસા(ઘેડ) તા.૧૩/૦૧/૨૦૨૬

પોરબંદર જિલ્લામાં ખેલમહાકુંભ-૨૦૨૫ અંતર્ગત રાજ્યકક્ષાની અં-૧૧, અં-૧૪ અને અં-૧૭ વયજૂથ માટેની બેડમિન્ટન સ્પર્ધાઓનું ભવ્ય અને સુવ્યવસ્થિત આયોજન કરવામાં આવ્યું છે. જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર, પોરબંદર દ્વારા સરદાર પટેલ રમત સંકુલ ખાતે યોજાનારી આ સ્પર્ધાઓમાં રાજ્યભરના પ્રતિભાશાળી ખેલાડીઓ પોતાની રમતકુશળતા પ્રદર્શિત કરશે.

યુવાનોમાં રમતગમત પ્રત્યે રસ વધે, છુપાયેલી પ્રતિભાને પ્રોત્સાહન મળે અને રાષ્ટ્રીય-આંતરરાષ્ટ્રીય સ્તરે ખેલાડીઓ તૈયાર થાય તે હેતુથી રાજ્ય સરકાર દ્વારા આયોજિત ખેલમહાકુંભ અંતર્ગત આ સ્પર્ધાઓને વિશેષ મહત્વ આપવામાં આવ્યું છે. પોરબંદર જિલ્લામાં યોજાનારી આ રાજ્યકક્ષાની બેડમિન્ટન સ્પર્ધાઓથી જિલ્લાનું રમતક્ષેત્રે ગૌરવ વધશે.

આયોજન મુજબ
તા. ૧૬ જાન્યુઆરીએ અં-૧૭ ભાઈઓની સ્પર્ધા
તા. ૧૮ જાન્યુઆરીએ અં-૧૪ ભાઈઓની સ્પર્ધા
તા. ૨૦ જાન્યુઆરીએ અં-૧૭ બહેનોની સ્પર્ધા
તા. ૨૨ જાન્યુઆરીએ અં-૧૪ બહેનોની સ્પર્ધા
તા. ૨૪ જાન્યુઆરીએ અં-૧૧ બહેનોની સ્પર્ધા
તા. ૨૫ જાન્યુઆરીએ અં-૧૧ ભાઈઓની સ્પર્ધા

આ તમામ સ્પર્ધાઓ સરદાર પટેલ રમત સંકુલ ખાતે યોજાનાર છે, જ્યાં ખેલાડીઓ માટે ઉત્તમ મેદાન, જરૂરી સાધનો તથા વ્યવસ્થાઓ ઉપલબ્ધ કરવામાં આવશે. અનુભવી અમ્પાયરો અને અધિકારીઓની દેખરેખ હેઠળ સ્પર્ધાઓ યોજાશે જેથી ખેલાડીઓને ન્યાયસભર અને પ્રોત્સાહક વાતાવરણ મળે.

જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર, પોરબંદર દ્વારા રાજ્યકક્ષાની આ બેડમિન્ટન સ્પર્ધાઓને સફળ બનાવવા તમામ તૈયારી પૂર્ણ કરવામાં આવી છે. સાથે જ પોરબંદર જિલ્લાના રમતપ્રેમી નાગરિકોને મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી ખેલાડીઓને ઉત્સાહ અને પ્રેરણા આપવા અનુરોધ કરવામાં આવ્યો છે.

ખેલમહાકુંભ જેવી મહત્ત્વની રમતોત્સવ દ્વારા પોરબંદર જિલ્લો રાજ્યના રમતનકશા પર વિશેષ ઓળખ ઉભી કરી રહ્યો છે, જે આવનારા સમયમાં રમતક્ષેત્રે નવી સિદ્ધિઓ તરફ દોરી જશે.

રિપોર્ટર: વિરમભાઈ કે. આગઠ

# નર્મદા સાહિત્ય સંગમ ના સાત જેટલાં શિક્ષકોને ગુજરાત સારવત સન્માન ૨૦૨૬ 'નો એવોર્ડ એનાયત થયો

## ગુણવત્તાયુક્ત શિક્ષણ માટે નો એવોર્ડ, ટ્રોફી, મેડલ અને ખેસ પહેરાવી સન્માન



• દીપક જગતાપ, રાજપીપલા

2026ના નૂતન વર્ષે નર્મદા જિલ્લામાંથી નર્મદા સાહિત્ય સંગમ ના સાત જેટલાં શિક્ષકોને તા. 11 જાન્યુઆરીના રોજ પાલનપુર ખાતે મહાનુભવોના વરદ હસ્તે 'ગુજરાત સારવત સન્માન ૨૦૨૬'નો ગુણવત્તાયુક્ત શિક્ષણ માટે નો એવોર્ડ, ટ્રોફી, મેડલ અને ખેસ પહેરાવી સન્માન કરવામાં આવ્યું હતું. જેમાં નર્મદા સાહિત્ય સંગમના પ્રમુખ દીપક જગતાપ, બોરીદ્રા પ્રાથમિક શાળા ના મુખ્ય શિક્ષક અનિલભાઈ મકવાણા, નમીતા બેન મકવાણા પ્રાથ. શાળા રાણીપરાના મુખ્ય શિક્ષિકા, ચેતન પટેલ વિરપોર સીઆરસી કોઓર્ડીનેટર,સોનલબેન ચૌધરી અને મોનાબેન વસાવા,નાના લીમટવાડા પ્રાથમિક શાળા, સોનલબેન પંચાલ વાગડીયા,પ્રાથમિક શાળાને આ એવોર્ડ એનાયત કરાતા નર્મદા સાહિત્ય સંગમ ના પ્રમુખ દીપક જગતાપ સહીત સદસ્યોએ અભિનંદન પાઠવ્યા હતાં. શિક્ષક મૂલ્યનિષ્ઠ અને નવીન અભિગમથી સમર્પણભાવે કાર્ય કરે છે, તેમજ વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે અવિરત પ્રયત્નો કરે છે, તે સાચું શિક્ષકત્વ છે અને પ્રશંસનીય છે.શિક્ષકની કામગીરીસંસ્કાર ,સંવેદના,શિસ્ત,સર્જનાત્મકતા અને માનવીય મૂલ્યોના સંચાર દ્વારા સમાજને દિશા આપનારી હોય છે. તેના વિચારો,કાર્યશૈલી અને વ્યક્તિત્વ અનેક વિધાર્થીઓ, શિક્ષકો અને સમાજને પ્રેરણા આપે છે. આ યશસ્વી કામગીરી માટે નર્મદા જિલ્લાનું અને નર્મદા સાહિત્ય સંગમનું ગૌરવ વધારતા આનંદ અને ગૌરવ ની લાગણી અનુભવી હતી

સફળતા

પાલનપુર ભ્રમણ અને દર્શન પ્રવાસ સફળતાપૂર્વક સંપન્ન

# 'રખડુ ટોળી' પરિવારની ટીમ દ્વારા 'સહયાત્રી' અંતર્ગત પગપાળા પાલનપુર યાત્રા

### રવિવારના રોજ 'રખડુ ટોળી' પરિવારની ટીમ દ્વારા 'સહયાત્રી' અંતર્ગત "પગપાળા પાલનપુર - પાલનપુર ભ્રમણ અને દર્શન" નામે પાલનપુર શહેરની ઐતિહાસિક યાત્રાનું આયોજન કરવામાં આવ્યું

• પાલનપુર

રવિવારના રોજ 'રખડુ ટોળી' પરિવારની ટીમ દ્વારા 'સહયાત્રી' અંતર્ગત "પગપાળા પાલનપુર - પાલનપુર ભ્રમણ અને દર્શન" નામે પાલનપુર શહેરની ઐતિહાસિક યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ યાત્રામાં રખડુ ટોળી પરિવારના સભ્યો ઈસ્માઈલ અજીબ, કમલ પાલનપુરી, રાહુલ તુરી સાથે પાલનપુર શહેર તથા આજુબાજુના વિસ્તારોના ઈતિહાસપ્રેમી અને સાહિત્યપ્રેમી નાગરિકો મોટી સંખ્યામાં જોડાયા હતા. નગરયાત્રાની શરૂઆત પાતાળેશ્વર મહાદેવ મંદિરેથી કરવામાં આવી હતી. આ પ્રસંગે ડેપ્યુટી મામલતદાર મેઘા જોશી દ્વારા હાજર સહયાત્રી સભ્યોને ડાયરી અને પેન અર્પણ કરી યાત્રાને પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું. સાથે સમાજસેવક મોહન પી. રાજ, આંગિકમ પરિવારમાંથી વિશાલભાઈ ભટ્ટ તથા વિવિધ કાર્યક્ષેત્રના મિત્રોએ યાત્રામાં ભાગ લઈ કાર્યક્રમને સફળ બનાવવામાં સહયોગ આપ્યો હતો. આ પગપાળા યાત્રા દરમિયાન પાતાળેશ્વર મહાદેવ, કીર્તિ સ્તંભ, પથ્થર સડક, રામજી મંદિર, હિરાણી માતા, પલ્લવિયા પાર્શ્વનાથ, જગદગુરુ હીરવિજય સૂરીશ્વરજી સ્મારક, ખોડા લીમડા, ચંદ્રકાંત બક્ષી સ્મારક પછી તમામ સહયાત્રીઓ સાથે પાલનપુરની જૂની ને જાણીતી જનતાની કચોરીનો નાસ્તો કરીને યાત્રા આગળ વધી. સચ્ચીઆઈ માતા, રાજગઢી, નાગણેચી માતા, શૂન્ય પાલનપુરી સ્વસ્થાન, નાની બજાર, મીઠી વાવ, મીરાં ગેટ તેમજ અંતે મૂર્શદ બાવાની દરગાહ ખાતે કાજી અનવર સાહેબના રોજાની મુલાકાત લેવામાં આવી હતી. દરેક સ્થળે પાલનપુરના ઐતિહાસિક,સાહિત્યિક,સાંસ્કૃતિક અને સામાજિક મહત્ત્વ અંગે ચર્ચા કરવામાં આવી હતી. યાત્રાના અંતિમ તબક્કે સર્વ સહયાત્રીઓએ પોતાના આજના અનુભવ અને અભિપ્રાયો વ્યક્ત કર્યા હતા. આ યાત્રા માટે ધારાસભ્ય અનિકેતભાઈ ઠાકર દ્વારા, નગરપાલિકા પ્રમુખ ચિમનભાઈ સોલંકી અને ઘણા નામી અનામી મહાનુભાવો દ્વારા શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.અંતમાં રખડુ ટોળી પરિવાર વતી સભ્ય કમલ પાલનપુરી દ્વારા યાત્રામાં જોડાયેલ તમામ સહયાત્રીઓનો આભાર માનવામાં આવ્યો,સાથે સાથે આજની યાત્રામાં આર્થિક સહયોગી થયેલ દાતાઓ સાગરભાઈ સુથાર, જયેશભાઈ પ્રજાપતિ, આર.બી.રાઠોડ અને વિજયભાઈ મેનપરાનો આભાર માનવામાં આવ્યો. સોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્સર મિત્રો અને



મીડિયાકર્મી મિત્રોનો પણ આભાર માન્યો. સાથે સાથે પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે મદદરૂપ થનાર સૌ સહયોગકર્તાઓનો પણ આભાર માની કાર્યક્રમને પૂર્ણ જાહેર કરવામાં આવ્યો.અને આગામી સમયમાં નવા વિચારો સાથે ફરી આયોજન કરવાના મનસૂબા સાથે સહુ છુટા પડ્યા હતા. આ નગરયાત્રા દ્વારા પાલનપુરના ભૂતકાળ, વારસા અને સંસ્કૃતિને નજીકથી સમજવાની એક અનોખી તક સહયાત્રીઓને મળી હતી અને કાર્યક્રમને સર્વત્ર પ્રશંસા મળી હતી.

# જય અંબે સોસાયટીમાંથી રૂપિયા ૩૬,૦૦૦/- ની પ્રતિબંધિત ચાઈનીઝ દોરી શોધી કાઢતી

• વીરભદ્ર સિંહ સિસોદીયા
મહિસાગર

મહીસાગર જીલ્લા પોલીસ અધિક્ષક સફીન હસન તથા નાયબ પોલીસ અધિક્ષક લુણાવાડા વિભાગ ની સુચનાથી .મહીસાગર જીલ્લા મેજીસ્ટ્રેટ ના એમ.એજી/ઉત્તરાયણ/જાહેરનામુ/વશી/૧૮૪૦/૨૦૨૫ તા.૨૨/૧૨/૨૦૨૫ થી જાહેરનામુ બહાર પાડેલ હોય જે જાહેરનામા આધારે બાલાસિનોર ટાઉન પોલીસ સ્ટેશનનાં પોલીસ ઈન્સ્પેકટર એ.એન.નિનામા સાહેબ નાઓના માર્ગદર્શન હેઠળ. બાલાસિનોર ટાઉન પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલ જય અંબે સોસાયટીમાં ચાઈનીઝ પ્લાસ્ટીક દોરીનો જથ્થો વેચાણ કરતા એક ઈસમને એક પ્લાસ્ટીકની થેલીમાં આરોપી પાસેથી પ્રતિબંધીત ચાઈનીઝ દોરી ફીરકી નંગ -૪૮ કિં. રૂ.૩૬,૦૦૦/- નાં મુદ્દામાલ સાથે આરોપીને ઝડપી પાડી ચાઈનીઝ દોરીનો કેસ શોધી બાલાસિનોર ટાઉન પો.સ્ટેશન ગુ.ર.નં



૧૧૧૮૭૦૦૨૨૬૦૦૨૦/૨૦૨૬ BNS ૨૦૨૩ની કલમ ૨૨૩,૫૪ મુજબ કેસ નોઘી આગળની વધુ તપાસ તજવીજ ચાલુ છે. પકડાયેલ આરોપી(૧) મનોજકુમાર બાબુભાઈ મહેરા રહે.રિલાયન્સ પેટ્રોલપંપ સામે બાલાસીનોર તા.બાલાસીનોર જી.મહીસાગરપકડવાનો બાકી આરોપી(૧) સંજયભાઈ ધીરજભાઈ મહેરા રહે.જય અંબે સોસાયટી બાલાસીનોર તા.બાલાસીનોર જી.મહીસાગર

# ઉજેરી તેમજ સરસ્વતી સન્માન નુ સુંદર આયોજન કરવામાં આવ્યું



• દિપક જોષી દ્વારા

વેરાવળ જાલેશ્વર રામદેવજી મહારાજ ના મંદિર ખાતે વેરાવળ વાણંદ યુવા સંગઠન દ્વારા ઉજેરી તેમજ સરસ્વતી સન્માન નુ સુંદર આયોજન સમસ્ત ખારવા સમાજ ના.પટેલ જીતુભાઈ મોહનભાઈ કુહાડા ને ભાવભેર ફુલહાર પુષ્પગુચ્છ થી સન્માનિત કરેલ જાલેશ્વરમાં આવેલ રામદેવજી મહારાજ ના મંદિરે શ્રી રામદેવજી મહારાજની પ્રસાદી તેમજ રોટલેશ્વર મહાદેવની પ્રસાદી સાથે જમણવારની ઉજેણી તેમજ સરસ્વતી સન્માન કરવામાં આવલ આ પ્રસંગે વેરાવળ વાણંદ યુવા સંગઠન પ્રમુખ જતીન માવઘીયા ઉપ પ્રમુખ ગોપાલભાઈ માવઘીયા તેમજ તમામ સંગઠન આમંત્રણ અને માન આપીને વેરાવળ પાટણ સોમનાથ સનાતન હિન્દુ સેવા સમાજના પ્રમુખ અને વેરાવળ સમસ્ત ખારવા સમાજના પટેલ જીતુભાઈ કુહાડા ને વાણંદ સમાજ ના.અગ્રણીઓ દ્વારા પુષ્પગુચ્છ ફુલહાર થી સન્માનિત કરેલ આ અવસર પર વેરાવળ શહેર ભાજપ પ્રમુખ શૈલેષભાઈ મેસવાણિયા સહિતના ખારવા સમાજ ના અગ્રણીઓ તથા તમામ વાણંદ સમાજના ભાઈઓ બહેનો બહોરી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા

### મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહેશે જનતાને રક્તદાન કરીને પુણ્ય અર્જિત કરવાની હાર્દિક અપીલ

# મકર સંક્રાંતિએ 12મું વિશાળ રક્તદાન શિબિર - જિલ્લા કલેક્ટર કમલરામ મીણાએ પોસ્ટરનું વિમોચન કર્યું

•,બ્યાવર

માનવ સેવા સંકલ્પ દ્વારા મકર સંક્રાંતિ (14 જાન્યુઆરી 2026)ના પાવન અવસરે આયોજિત થનારા 12મા વિશાળ રક્તદાન શિબિરની તૈયારીઓ પૂર્ણ થઈ ગઈ છે. આ મહત્વપૂર્ણ અવસરે જિલ્લા કલેક્ટર શ્રી કમલરામ મીણા જીએ રક્તદાન શિબિરના આકર્ષક અને સંદેશાત્મક પોસ્ટરનું વિધિવત વિમોચન કર્યું અને શિબિરમાં મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહેવાની સંમતિ આપી. પોસ્ટર વિમોચન દરમિયાન જિલ્લા કલેક્ટર શ્રી કમલરામ મીણાએ રક્તદાનના મહત્ત્વ પર પ્રેરણાદાયક સંદેશ આપતાં જણાવ્યું: "મકર સંક્રાંતિનો પાવન તહેવાર સૂર્યના ઉત્તરાયણ થવાનો પ્રતીક છે, જે નવી ઊર્જા, નવી શરૂઆત અને જીવનની ગતિનો સંદેશ આપે છે. રક્તદાન પણ એ જ રીતે છે - તે જીવનને નવી શરૂઆત આપે છે. એક સ્વસ્થ વ્યક્તિનું રક્તદાન ત્રણ લોકોના પ્રાણ બચાવી શકે છે. હું તમામ બ્યાવરવાસીઓને અપીલ કરું છું કે ફતેહપુરિયા બગીચીમાં આયોજિત આ 12મા રક્તદાન શિબિરમાં અવશ્ય પહોંચો, રક્તદાન કરો અને આ પાવન તહેવારે પુણ્ય અર્જિત કરો. તમારું નાનું યોગદાન પણ કોઈ પરિવાર માટે મોટી આશા બની શકે છે." સંસ્થાના પ્રણેતા એડવોકેટ અજય શર્માએ જિલ્લા કલેક્ટર કમલરામ મીણાને માનવ સેવા સંકલ્પની સેવા યાત્રાની માહિતી આપી. તેમણે જણાવ્યું કે માનવ સેવા સંકલ્પ છેલ્લા ઘણા વર્ષોથી સતત સામાજિક સેવામાં સક્રિય છે. અત્યાર સુધીમાં 11 સફળ રક્તદાન શિબિર યોજાઈ છે, જેમાં હજારો યુનિટ રક્ત એકત્રિત કરીને હોસ્પિટલ અને જરૂરિયાતમંદ દર્દીઓ સુધી પહોંચાડવામાં આવ્યું છે. ઉપરાંત શિક્ષણ, આરોગ્ય જાગૃતિ, મહિલા સશક્તિકરણ, વૃદ્ધાશ્રમ સહાય અને આપત્તિ રાહત જેવા કાર્યોમાં પણ સંસ્થા મહત્વપૂર્ણ યોગદાન આપી રહી છે. આવતીકાલનું આ 12મું શિબિર અમારી સેવા યાત્રાની એક વધુ મહત્વપૂર્ણ કડી છે. શિબિર સંયોજક શ્રી મુકેશ ગર્ગે આવતીકાલે યોજાનારા શિબિરની તૈયારીઓ વિશે વિગતવાર માહિતી આપતાં જણાવ્યું: "તમામ વ્યવસ્થાઓને અંતિમ સ્વરૂપ આપવામાં આવ્યું છે. રક્તદાતાઓની સુવિધા માટે પ્રશિક્ષિત તબીબી કર્મચારીઓ, સ્વયંસેવક ટીમ, આધુનિક રક્ત સંગ્રહ સાધનો, પીવાનું પાણી તેમજ સંપૂર્ણ સ્વચ્છતા અને સુરક્ષા વ્યવસ્થા સુનિશ્ચિત કરવામાં આવી છે." સંયોજક શ્રી દીપક રાંકાવતે જણાવ્યું: "અમે શાળા-કોલેજો, મહિલા સમૂહો, વિવિધ સામાજિક સંસ્થાઓ અને સામાન્ય જનતા સુધી વ્યાપક જાગૃતિ અભિયાન ચલાવ્યું છે. બ્યાવરવાસીઓને અમારી અપીલ છે કે સવારે 9 વાગ્યાથી સાંજે 4 વાગ્યા સુધી ફતેહપુરિયા બગીચીમાં આવીને રક્તદાન કરો. આ પાવન અવસર જીવનદાન સાથે પુણ્ય અર્જિત કરવાનો સુવર્ણ અવસર છે." આ અવસરે ઓમપ્રકાશ ગર્ગ, વિજય તંવર, અજય ગોયલ, અભિષેક જૈન સહિત સંસ્થાના મુખ્ય સભ્યો ઉપસ્થિત રહ્યા.

## રાશીફળ (તા.14-01-2026)

- મેષ: આજે આત્મવિશ્વાસમાં વધારો થશે. અટકેલા કામ પૂરાં થઈ શકે છે. કાર્યક્ષેત્રમાં તમારી મહેનતની પ્રશંસા થશે. પરિવારનો સહયોગ મળશે।
- વૃષભ (બ.વ.ઉ): આજે ધૈર્ય રાખીને કામ કરવાનો દિવસ છે. આર્થિક બાબતોમાં વિચારીને નિર્ણય લો. પરિવારનું વાતાવરણ શાંત રહેશે।
- મિથુન: આજે સંવાદ કૌશલ્ય તમારી સૌથી મોટી તાકાત બનશે. નવા સંપર્કો લાભદાયક રહેશે. ટૂંકી મુસાફરીના યોગ બની રહ્યા છે।
- કર્ક: પરિવાર સાથે સમય પસાર કરવાનો મોકો મળશે. ભાવનાઓમાં આવીને નિર્ણય ન લો. કાર્યક્ષેત્રમાં સ્થિરતા રહેશે।
- સિંહ: નેતૃત્વ ક્ષમતા સ્પષ્ટ રૂપે સામે આવશે. માન-સન્માનમાં વધારો થશે. કોઈ શુભ સમાચાર મળી શકે છે।
- કન્યા: આજે મહેનતનો પૂરો ફળ મળશે. યોજનાબદ્ધ રીતે કામ કરો. આર્થિક સ્થિતિમાં સુધારો થશે।
- તુલા: સંતુલન જાળવવું જરૂરી છે. સંબંધોમાં મધુરતા આવશે. સર્જનાત્મક કાર્યોમાં રસ વધશે।
- વૃશ્ચિક: ગુપ્ત શત્રુઓથી સાવચેત રહો. આત્મચિંતનનો દિવસ છે. ધૈર્ય રાખો અને ઉતાવળથી બચો।
- ધન: ભાગ્ય તમારો સાથ આપશે. શિક્ષણ અને કારકિર્દી સંબંધિત બાબતોમાં સફળતા મળશે. મુસાફરીના યોગ બની શકે છે।
- મકર: કામનો દબાણ રહી શકે છે, પરંતુ તમે સ્થિતિ સંભાળી લેશો. વરિષ્ઠોનો સહયોગ મળશે।
- કુંભ: નવા વિચારો અને યોજનાઓ બનશે. મિત્રોનો સહયોગ મળશે. સામાજિક પ્રતિષ્ઠામાં વધારો થશે।
- મીન: મન થોડી ભાવુક સ્થિતિમાં રહી શકે છે. ધ્યાન અને યોગથી લાભ થશે. પરિવારનો સહયોગ મળશે।

### લોકસભા ક્ષેત્રના લોકપ્રિય સાંસદ તેમજ કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહના હસ્તે

# માણસા ખાતે અદ્યતન સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ સહિત રૂપિયા 267.37 કરોડના વિવિધ વિકાસલક્ષી અને પ્રજાલક્ષી પ્રકલ્પોનું લોકાર્પણ તેમજ ખાતમુહૂર્ત

### પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં સમગ્ર ગુજરાતમાં રમતગમત અને વિવિધ સ્પોર્ટ્સ માટે સુંદર વાતાવરણ અને આધુનિક ઇન્ફ્રાસ્ટ્રક્ચર બની રહ્યું હોવાનું જણાવતા શ્રી અમિતભાઈ શાહ

• ગાંધીનગર

ગાંધીનગર લોકસભા ભાજપા મીડિયા વિભાગની અખબારી યાદી જણાવે છે કે, ગાંધીનગર લોકસભા ક્ષેત્રના લોકપ્રિય સાંસદ તેમજ કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહે માણસા ખાતે રાજ્ય સરકારની અર્બન સ્પોર્ટ્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચર યોજના અંતર્ગત સર્વોદય હાયર એજ્યુકેશન સોસાયટી ખાતે અદ્યતન સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સના લોકાર્પણ સહિત રૂપિયા 267.37 કરોડના વિવિધ વિકાસલક્ષી અને પ્રજાલક્ષી પ્રકલ્પોનું લોકાર્પણ તેમજ ખાતમુહૂર્ત કર્યું હતું. આ પ્રસંગે સંબોધન કરતા શ્રી અમિતભાઈ શાહે જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં સમગ્ર ગુજરાતમાં રમતગમત અને વિવિધ સ્પોર્ટ્સ માટે સુંદર વાતાવરણ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર બની રહ્યું છે. માણસામાં આજે બનેલા આ અધ્યતન સ્પોર્ટ કોમ્પ્લેક્સમાં યુવાનો એ માણસાના નગરજનોને વિવિધ રમતો માટે ઉત્કૃષ્ટ સુવિધા ઉપલબ્ધ થવાની છે. ફક્ત ખેલાડીઓ જ નહિ માણસના ઉત્સાહી અને આરોગ્યપ્રેમી યુવાનો અને નગરજનો નજીવા ટોકન દરે સવારે ૬ થી ૧૧ સ્પોર્ટ્સ સંકુલના આધુનિક જીમનેશિયમનો ઉપયોગ કરી શકે તે અંગે વહીવટી તંત્રને જાણ કરી છે. શ્રી અમિતભાઈ શાહે જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન હેઠળ અમદાવાદ સમગ્ર વિશ્વનું ધ્યાન આકર્ષે એવા સ્પોર્ટ્સ હબ સીટી તરીકે વિકસિત કરાઈ રહ્યું છે. 2030 માં 117 દેશના ખેલાડીઓ કોમનવેલ્થ ગેમ્સ માટે અમદાવાદ આવવાના છે. 2029 માં આંતરરાષ્ટ્રીય સ્તરની પોલીસ અને ફાયર સર્વિસની ગેમ્સનું આયોજન પણ અમદાવાદમાં થવા જઈ રહ્યું છે. 2036 નું ઓલમ્પિક પણ અમદાવાદમાં થાય તે માટે સરકાર સતત પ્રયાસ કરી રહી છે. શ્રી શાહે કહ્યું કે, છેલ્લા ત્રણ ચાર વર્ષમાં માણસા તેમજ માણસાની આસપાસના વિસ્તારોમાં ના અનેક કામો હાથ ધરાયા છે. રૂ. 235 કરોડના ખર્ચે અંબોડ ખાતે, રૂ. 260 કરોડના ખર્ચે રામપુર ખાતે તેમજ ગાંધીનગર ખાતે બેરેજ બનવાથી બારેય માસ નદીમાં પાણી રહેવાથી આ વિસ્તારમાં પાણીના તળ ઉંચા આવશે. ઉપરાંત ધરોઈ કમાન્ડ વિસ્તારમાં નર્મદાનું પાણી ગામડાઓ સુધી પહોંચાડવાની વ્યવસ્થા કરાઈ રહી છે. માણસામાં રૂપિયા 250 કરોડના ખર્ચ થી ૧૧ માળની આધુનિક સિવિલ હોસ્પિટલ બનાવાઈ રહી છે પૂર્ણ થવા પર તમામ રોગોની સારવાર માણસમાં જ મળી રહેશે. માણસાની સિવિલ હોસ્પિટલ સાથે વિજાપુર ગોઝારિયા અને માણસા એમ ત્રણેય ક્ષેત્રના પીએચસી અને સીએચસી દ્વારા સમગ્ર પંથકના નાગરિકોને યોગ્ય આરોગ્ય સુવિધા મળે તે સુનિશ્ચિત કરવામાં આવી રહ્યું છે. શ્રી શાહે જણાવ્યું હતું કે, ત્યાં રૂ.110 કરોડના ખર્ચે માણસા થી કલોલ તેમજ રૂ. 80 કરોડના ખર્ચે ગાંધીનગર માણસા ફોરલેન હાઈવેનું કામ પૂર્ણ થયું છે. તેમજ રૂ.110 કરોડના ખર્ચે માણસા થી પિલવાઈ તેમજ રૂપિયા રૂ.100 કરોડના ખર્ચે બાલવા થી ગોઝારીયા ફોરલેન રોડનું કામ શરૂ કરવામાં આવ્યું છે. માણસાને જોડતા રસ્તાઓ ફોરલાઈન બનવાથી માણસાના વિકાસની ગતિ પણ વધશે. માણસામાં રેલવે લાવવાનું કાર્ય પણ પૂર્ણ થયું છે. આજે આધુનિક ફાયર સ્ટેશન, સર્કિટ હાઉસ, પોલીસ સ્ટેશન, બે ઓવરહેડ ટાંકી, પંપ હાઉસ, ગટરના પાણીના નિકાલની વ્યવસ્થા, સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ પ્લાન્ટ સહિતના પ્રકલ્પોના લોકાર્પણ અને ખાતમુહૂર્ત થયા છે. સાતત્યપૂર્ણ પ્રયાસોથી જુના માણસાના 13 તળાવોને એકબીજા સાથે જોડી સુંદર પિકનિક સ્પોટ સ્થળ બનાવી તેમાં નર્મદાના પાણીથી ભરાયેલા રાખવાની વ્યવસ્થા કરવામાં આવી રહી છે. શ્રી શાહે કહ્યું કે, મહમૂદ ગઝનવી દ્વારા સોમનાથ મંદિર પર થયેલા પ્રથમ હુમલાના ૧૦૦૦ થવા પર પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ 11 મી જાન્યુઆરીએ સોમનાથ ખાતેથી સોમનાથ સ્વાભિમાન પર્વની શરૂઆત કરાવી છે. મહમૂદ ગઝનવી, અલાઉદીન ખીલજી, અહમદશાહ, મહંમદ બેગડા તેમજ ઔરંગઝેબ સહિતના આક્રમણકારીઓએ સોમનાથ મંદિર પર હુમલો કરી અનેક વખત તેને તોડવાના પ્રયાસો કર્યા.

# ઈડર તાલુકાના સુરપુર ગામ નજીકથી વિદેશી દારૂનો જથ્થો જપ્ત કરતી પોલીસ

## સુરપુર ગામની સીમમાંથી અલગ અલગ બ્રાન્ડની વિદેશી દારૂની ૧૪૮૫ નંગ બોટલો મળી

• દુર્ગેશ જયસ્વાલ ઈડર..



સાબરકાંઠા જીલ્લામાં ઈડર તાલુકાના સુરપુર ગામની સીમમાંથી અલગ અલગ બ્રાન્ડની વિદેશી દારૂની ૧૪૮૫ નંગ બોટલો મળી આવતા ચકચાર મચી ગઈ છે એલસીબી પોલીસે બાતમી આધારે વિદેશી દારૂની બોટલો તેમજ આશરે ૬ લાખથી વધુના મુદ્દામાલ સાથે બે ઈસમોને ઝડપી લઈ કાર્યવાહી હાથ ધરી હોવાનું જાણવા મળે છે. આ અંગે સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ સાબરકાંઠા લોકલ ક્રાઈમ બ્રાન્ચ (એલસીબી) ને બાતમી મળી હતી અને તે બાતમી આધારે સુરપુર ગામની સીમમાંથી દારૂના જથ્થા સાથે બે ઈસમોને ઝડપી પાડી મોટી કાર્યવાહી હાથ ધરી છે જ્યારે આ દરોડોમાં જી.જે.૦૯. એ.એક્સ. ૭૫૧૦ નંબરની રીક્ષા તથા નંબર વગરની એક્ટિવા સાથે બે શખ્સો શંકાસ્પદ હાલતમાં ઝડપાઈ આવ્યા હતા. પોલીસ તપાસ દરમિયાન ઝડપી પાડવામાં આવેલા ઈસમોની ઓળખ આકાશ વણઝારા અને મુકેશ વણઝારા તરીકે થઈ છે આ બંને ઈસમોની પાસે તથા વાહનોમાંથી અલગ અલગ બ્રાન્ડની કુલ ૧૪૮૫ બોટલ વિદેશી દારૂ મળી આવ્યો હતો. પોલીસે દારૂનો મોટો જથ્થો કબ્જે લઈ બંને વાહનો આશરે ૬ લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કર્યો હોવાનું સૂત્રો પાસેથી જાણવા મળે છે. પ્રાથમિક તપાસમાં દારૂની હેરાફેરી 1 અને ગેરકાયદેસર રીતે પરિવહન કરાતું હોવાનું સામે આવતાં જીલ્લા એલસીબી પોલીસે આરોપીઓ સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. જોકે આ સમગ્ર ઘટનાને લઈ વિસ્તારમાં ચર્ચાનો વિષય બન્યો છે કે જો હજુ વધુ તપાસ કરવામાં આવે તો વિદેશી દારૂ પોલીસને હાથ લાગે તેમ છે પરંતુ દારૂનો જથ્થા ક્યાંથી લવાયો અને ક્યાં પહોંચાડવાનો હતો તે દિશામાં પોલીસે તપાસ શરૂ કરી છે.

## ત્રાલસામાં આહિર સમાજની ક્રિકેટ ટુર્નામેન્ટમાં ઝાડેશ્વર બેટની ટીમ ચેમ્પિયન

• ભરૂચ,




ભરૂચ જિલ્લા આહિર સમાજ દ્વારા ત્રાલસા ગામ ખાતે આયોજિત ક્રિકેટ ટુર્નામેન્ટમાં ઝાડેશ્વર બેટ ઈલેવનની ટીમે શાનદાર પ્રદર્શન કરી વિજેતા ટ્રોફી પર કબજો જમાવ્યો છે. ટુર્નામેન્ટની રવિવારે રમાયેલી ફાઈનલ મેચમાં ઝાડેશ્વર બેટ અને ભરૂચની શિવ શક્તિ ટીમ વચ્ચે રસાકસી જામી હતી. જેમાં ઝાડેશ્વર બેટની ટીમે ૧૦ ઓવરમાં ૬૨ રન બનાવ્યા હતા, જેના જવાબમાં શિવ શક્તિની ટીમ માત્ર ૭ ઓવરમાં ઓલઆઉટ થઈ જતાં ઝાડેશ્વરની ટીમ વિજેતા જાહેર થઈ હતી.ટુર્નામેન્ટના સમાપન પ્રસંગે ભરૂચ જિલ્લા આહિર સમાજના પ્રમુખ દિનેશ આહિર, મહામંત્રી બાલુભાઈ આહિર તથા અન્ય મહાનુભાવોના હસ્તે વિજેતા ટીમને ટ્રોફી એનાયત કરવામાં આવી હતી.

**કોંગ્રેસે આરોપ લગાવ્યો** જિલ્લા કલેક્ટર કચેરીને આવેદનપત્ર સુપરત કરવામાં આવ્યું હતું.

# બનાસકાંઠા જિલ્લાના થરાદમાં કોંગ્રેસ પાર્ટી દ્વારા મનરેગા કાયદામાં સૂચિત ફેરફારોના વિરોધમાં રેલી

## કોંગ્રેસે આરોપ લગાવ્યો છે કે કેન્દ્ર સરકાર મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી કાયદા (મનરેગા) ને નબળો પાડવાનો પ્રયાસ કરી રહી છે.

• અહેવાલ પ્રધાનજી ઠાકોર




બનાસકાંઠા જિલ્લાના વાવ-થરાદ જેવા વિસ્તારો આદિવાસી, અનુસૂચિત જાતિ અને અન્ય પછાત વર્ગની વસ્તી ધરાવતા ગ્રામીણ વિસ્તારો છે. અહીં મનરેગા હજારો ગરીબ પરિવારો માટે જીવનરેખા સમાન છે. બનાસકાંઠા જિલ્લા કોંગ્રેસ સમિતિએ કેન્દ્ર સરકાર સમક્ષ રજૂઆત કરી છે કે મનરેગા કાયદાના મૂળ અધિકાર આધારિત સ્વરૂપનું રક્ષણ કરવામાં આવે અને જિલ્લામાં મનરેગાના કામો સક્રિય રીતે ચાલુ રહે.

કોંગ્રેસે આરોપ લગાવ્યો છે કે કેન્દ્ર સરકાર મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી કાયદા (મનરેગા) ને નબળો પાડવાનો પ્રયાસ કરી રહી છે. સરકાર તેનું નામ અને સ્વરૂપ બદલીને 'રોજગાર અને આજીવિકા અશિયાન (ગ્રામીણ) કાયદો, ૨૦૨૫' લાવવા માંગે છે. કોંગ્રેસના મતે, આ પગલું ભારતના સૌથી સ્વીકૃત, અધિકાર આધારિત અને કલ્યાણકારી કાયદા પર સીધો હુમલો છે.

મનરેગા કાયદો 'હર હાથ કો કામ દી, કામ કા પૂરા દામ દી' ના સંકલ્પમાંથી ઉદ્ભવ્યો છે. તે ગ્રામીણ નાગરિકોને 100 દિવસની રોજગારીનો કાનૂની અધિકાર, મહિલાઓ અને જમીનવિહોણા શ્રમિકોના સશક્તિકરણ તેમજ ગ્રામીણ વિકાસની મજબૂત વ્યવસ્થા પૂરી પાડે છે. આ કાયદાના મૂળ સ્વરૂપમાં ફેરફાર થવાથી ગ્રામીણ ભારતની રોજગાર સુરક્ષા અને આજીવિકા પર ગંભીર અસર પડશે.

કોંગ્રેસે આરોપ મૂક્યો છે કે આ ફેરફારો દ્વારા પરોક્ષ રીતે મનરેગા યોજના બંધ કરવાની કોશિશ કરવામાં આવી રહી છે. આવેદનપત્ર દ્વારા કોંગ્રેસે મૂળ મનરેગા કાયદો પુનઃ લાગુ કરવાની, ગ્રામીણ વિસ્તારોમાં સ્થાનિક રોજગારી જળવાઈ રહે તેવી વ્યવસ્થા કરવાની અને પૂરતું બજેટ ફાળવવાની માંગ કરી હતી. કોંગ્રેસે ચેતવણી પણ આપી હતી કે જો તેમની માંગણીઓ પૂર્ણ નહીં થાય તો વિરોધ ચાલુ રહેશે.

આ ગંભીર પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને, કોંગ્રેસ વર્કિંગ કમિટીએ ૨૭ ડિસેમ્બર, ૨૦૨૫ ના રોજ 'મનરેગા બચાવો સંગ્રામ' હેઠળ દેશવ્યાપી ચળવળ શરૂ કરવાનો સર્વાનુમતે નિર્ણય લીધો છે.

જિલ્લા કોંગ્રેસ પ્રમુખ ગુલાબસિંહ રાજપૂતે જણાવ્યું હતું કે, ૨૦૦૫માં બનેલા મનરેગા કાયદા હેઠળ ગ્રામીણ વિસ્તારોના લોકોને પોતાના ગામમાં 100 દિવસની રોજગારીનો કાયદેસર હક મળતો હતો અને કામ ન મળે તો બેરોજગારી ભથ્થાની પણ જોગવાઈ હતી. તેમણે ઉમેર્યું કે, કેન્દ્ર સરકારે ઉતાવળમાં કાયદામાં ફેરફાર કરીને કેન્દ્રનો હિસ્સો 60% કર્યો છે અને 40% ભાર રાજ્ય સરકારો પર નાખ્યો છે, જેના કારણે યોજનાનો અમલ મુશ્કેલ બનશે.

# અંકલેશ્વરમાં ઉકાઈ કેનાલના સમાર કામ અર્થે 35 દિવસનો પાણીકાપ

## ઉદ્યોગો અને રહેવાસીઓને પાણીનો કરકસરભર્યો ઉપયોગ કરવા અપીલ

• અંકલેશ્વર,



અંકલેશ્વર જીઆઈડીસી અને નોટિફાઈડ રહેણાંક વિસ્તારને પાણી પૂરું પાડતી ઉકાઈ જમણા કાંઠાની કેનાલ પરના એક્વાડક અને સાયફનના નવીનીકરણ માટે 35 દિવસનું શટડાઉન જાહેર કરવામાં આવ્યું છે. ગત 27 ડિસેમ્બરથી અમલી બનેલા આ પાણીકાપને પગલે આગામી દિવસોમાં જળ કટોકટી ન સર્જાય તે માટે તંત્ર દ્વારા વૈકલ્પિક વ્યવસ્થાઓ ગોઠવવામાં આવી છે. કેનાલ બંધ રહેવાના ગાળા દરમિયાન અંકલેશ્વરની દૈનિક 35 MLD પાણીની જરૂરિયાતને પહોંચી વળવા માટે સ્ટોરેજ પોન્ડ અને ઝઘડિયા વિભાગના પુરવઠાનો આશરો લેવામાં આવી રહ્યો છે. વહીવટી તંત્ર દ્વારા કરવામાં આવેલા આયોજન મુજબ, નોટિફાઈડ વિસ્તારમાં રહેવાસીઓને સવારે 6 થી 9 વાગ્યા સુધી અને ઉદ્યોગોને સવારે 10 થી સાંજે 5 વાગ્યા સુધી પાણી પૂરું પાડવામાં આવી રહ્યું છે. અંકલેશ્વર ઉદ્યોગ મંડળના પ્રમુખ વિમલ જેઠવાએ જણાવ્યું હતું કે, હાલ સ્ટોરેજ પોન્ડમાં પૂરતો જથ્થો હોવાથી અછત સર્જાય તેવી શક્યતા ઓછી છે, તેમ છતાં સાવચેતીના ભાગરૂપે લોકોને પાણીનો બગાડ અટકાવી અત્યંત કરકસરપૂર્વક ઉપયોગ કરવા અનુરોધ કરાયો છે. કેનાલના જર્જરિત માળખાના સમારકામ બાદ જ પાણી પુરવઠો પૂર્વવત કરવામાં આવશે.

## ભાષા બની હતી અવરોધ પણ સંવેદના જીતી ગઈ: ભરૂચ પોલીસ અને સેવાયજ્ઞ સમિતિએ MPના પરિવારનો 'ખોવાયેલો આધાર' શોધી આપ્યો



• ભરૂચ

ભરૂચની સેવાયજ્ઞ સમિતિ અને પોલીસ વિભાગના માનવીય અભિગમને કારણે મધ્યપ્રદેશના અનૂપપુર જિલ્લાના ૫૫ વર્ષીય વૃદ્ધાનું ત્રણ વર્ષના લાંબા ગાળા બાદ તેમના પરિવાર સાથે ભાવુક પુનર્મિલન થયું છે. વર્ષ ૨૦૨૨માં માનસિક અસ્થિરતાને કારણે ઘરેથી ગુમ થયેલા આ વૃદ્ધા ભરૂચના શક્તિનાથ મહાદેવ મંદિર પાસેથી અજાણી હાલતમાં મળી આવ્યા હતા, જેમને સેવાયજ્ઞ સમિતિએ આશ્રય આપી અનાથ વૃદ્ધાશ્રમમાં સ્થાન આપ્યું હતું.વૃદ્ધા માત્ર મધ્યપ્રદેશની સ્થાનિક ભાષા સમજતા હોવાથી શરૂઆતમાં વતનની વિગતો મેળવવી મુશ્કેલ હતી. જોકે, તાજેતરમાં સંસ્થાના સ્વયંસેવક પાયલ ગાંધી અને હિમાંશુ પરીખના સતત પ્રયાસો તથા પોલીસની ત્વરિત તપાસથી તેમના પુત્ર અને જમાઈનો સંપર્ક શક્ય બન્યો હતો. પોતાના સ્વજનને જીવિત અને સુરક્ષિત જોઈ પરિવારજનોની આંખો હર્ષના આંસુથી છલકાઈ ઉઠી હતી. સેવાયજ્ઞ સમિતિની આ સેવાકીય પ્રવૃત્તિને સમગ્ર જિલ્લામાં બિરદાવવામાં આવી રહી છે. ભરૂચ પોલીસે કાયદેસરની કાર્યવાહી પૂર્ણ કરી વૃદ્ધાને તેમના પરિવારને સોંપ્યા હતા.

# બ્રહ્મકુમારીઝ સંસ્થા અને મોડેલ સામસામે: યુવતીનો 'અઘટિત' કૃત્યનો ગંભીર આક્ષેપ

## સંસ્થાએ કહ્યું- 'VIP ટ્રીટમેન્ટ ન મળતા બદનામ કરવાનું કાવતરું'

• ભરૂચ / અંકલેશ્વર,



વિશ્વવિખ્યાત આધ્યાત્મિક સંસ્થા બ્રહ્મકુમારીઝ હાલ વિવાદોના વમળમાં ફસાઈ છે. અંકલેશ્વરની એક એક્ટ્રેસ અને મોડેલે માઉન્ટ આબુના જ્ઞાન સરોવર સેન્ટરના સેવક અમિત પર પ્રસાદમાં નશીલું દ્રવ્ય ખવડાવી અઘટિત કૃત્ય કરવાનો અને વીડિયો વાયરલ કરવાની ધમકી આપી બ્લેકમેઈલ કરવાનો સનસનીખેજ આરોપ લગાવ્યો છે. યુવતીએ ઝાલોર (રાજસ્થાન) ખાતે પત્રકાર પરિષદ યોજી પોલીસ પર પણ ફરિયાદ ન નોંધવાનો આક્ષેપ કરી ન્યાયની માંગ કરી છે. ૨૦૨૪માં પણ આ યુવતી વિરુદ્ધ હેરાનગતિની પોલીસ અરજી અપાઈ હતી. હાલ આ મામલે સંસ્થા દ્વારા યુવતી વિરુદ્ધ માઉન્ટ આબુમાં કાયદેસરની પોલીસ ફરિયાદ નોંધાવવાની તજવીજ હાથ ધરવામાં આવી છે.સામે પક્ષે, બ્રહ્મકુમારીઝ સંસ્થાના ઝાડેશ્વર સેન્ટર ખાતે આબુ અને અંકલેશ્વરના સંચાલિકા દીદીઓએ વળતો પ્રહાર કરતા તમામ આરોપોને પાયાવિહોણા ગણાવ્યા છે. સંસ્થાના જણાવ્યા અનુસાર, આ યુવતી અગાઉ પણ વિવાદિત રહી છે અને તેનું માનસિક સંતુલન બરાબર નથી. એક્ટ્રેસ હોવાનો રોફ જમાવી સંસ્થામાં VIP એન્ટ્રી અને ટ્રીટમેન્ટની માંગણી કરતી આ યુવતીને પ્રવેશબંધી ફરમાવવામાં આવતા તે કિન્નાખોરી રાખી સંસ્થાની છબી ખરડાવી રહી હોવાનું સંસ્થાએ જણાવ્યું છે. અંકલેશ્વર સેન્ટરના અનિલા દીદીએ ઉમેર્યું હતું કે, ૨૦૨૪માં પણ આ યુવતી વિરુદ્ધ હેરાનગતિની પોલીસ અરજી અપાઈ હતી. હાલ આ મામલે સંસ્થા દ્વારા યુવતી વિરુદ્ધ માઉન્ટ આબુમાં કાયદેસરની પોલીસ ફરિયાદ નોંધાવવાની તજવીજ હાથ ધરવામાં આવી છે.

સાપુતારા સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ ખાતે

# દક્ષિણ ગુજરાત ડી.એલ.એડ અને બી.એડ. કોલેજોનો ઝોન કક્ષાનો રમતોત્સવ યોજાયો



• આહવા-ડાંગ

ગુજરાત રાજ્ય શિક્ષણ વિભાગ અને ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ ગાંધીનગર પ્રેરિત દક્ષિણ ગુજરાતના જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન સંલગ્ન બી.એડ. તથા ડી.એલ.એડ. કોલેજોનો ઝોન કક્ષાનો રમતોત્સવનું યજમાન પદ ડાંગને મળતા જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન વઘઈ દ્વારા સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ સાપુતારા ખાતે "ઝોન કક્ષાનો રમતોત્સવ - ૨૦૨૬" યોજાયો હતો. આ તબ્બકે ડાંગ જિલ્લા પોલીસ અધિક્ષક શ્રીમતી પૂજા યાદવે સાપુતારા સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ ખાતે ખો-ખો, વોલીબોલ, લાંબીકૂદ, ગોળા ફેંક, યોગાસન, ૧૦૦ મીટર દોડ, ચક્રફેક રમતોત્સવને ખુલ્લો મુકી પ્રેરણાદાયી સંદેશો આપી પ્રોત્સાહિત કર્યા હતાં. આ ઉપરાંત જીસીઈઆરટી - ગાંધીનગરથી સ્ટેટ લેવલ રમત કન્વીનર ડો. રવેસિંહ પરમાર તથા ડાંગ જિલ્લા પર્વતારોહક શ્રી ભવાન રાઠોડે પણ પ્રસંગોચિત ઉદબોધન કરી સૌ ખોલાડીઓને પ્રેરીત કર્યા હતાં.

## લુણાવાડા ટાઉન પો.સ્ટે વિસ્તારમાંથી પ્રતિબંધિત ચાઇનીજ દોરીના ફીરકા સાથે એક ઇસમને ઝડપી પાડવામાં સફળતા

• વીરભદ્ર સિંહ સિસોદીયા મહિસાગર

લુણાવાડા ટાઉન પો.સ્ટે વિસ્તારમાંથી પ્રતિબંધિત ચાઈનીજ દોરીના ફીરકા સાથે એક ઈસમને ઝડપી પાડવામાં સફળતા" પોલીસ અધિક્ષક.સફિન હસન કમલેશ વસાવા નાયબ પોલીસ અધીક્ષકલુણાવાડા વિભાગ લુણાવાડા નાઓએ મે.જીલ્લા મેજી.સા.નું જાહેરનામું એમ.એ.જી./ઉત્તરાયણ/જાહેરનામું/વશી/ ૧૮૪૦/૨૦૨૫ તા.૨૨/૧૨/૨૦૨૫ અન્વયે પ્રતિબંધિત ચાઈનીઝ દોરી હેરાફેરી/વેચાણ કરતા ઈસમો ઉપર વોચ રાખી અસરકારક કામગીરી કરવા સુચના કરેલ જે અન્વયે લુણાવાડા ટાઉન પોલીસ સ્ટેશનના પો.ઈન્સ જે.એસ.વળવી સાહેબનાઓની સુચના અને માર્ગ દર્શન હેઠળ લુણાવાડા ટાઉન પોલીસ સ્ટાફના માણસોની અલગ અલગ ટીમોની રચના કરવામાં આવેલ.દરમ્યાન લુણાવાડા ટાઉન પોલીસ ઈન્સપેક્ટર જે.એસ. વળવીને હ્યુમન સોર્સના આધારે બાતમી માહીતી મળેલ કે લુણાવાડા વિરણીયા અમદાવાદ હાઈવે રોડ ઉપર એક ઈસમ પ્રતિબંધિત ચાઈનીજ દોરી લઈને ઉભેલ હોય જે બાતમી આધારે બે પંચોના માણસો સાથે સદરી જગ્યાએ જઈ તપાસ કરતા એક પ્લાસ્ટીકના થેલામાં ચાઈનીઝ દોરી ફીરકી નંગ.૦૫ કીમત રૂ.૫,૦૦૦/- ના મુદ્દામાલ સાથે આરોપી ચિરાગકુમાર કનુભાઈ ચૌહાણ ઉ.વ.૧૯ રહેવાસી.ચૌહાણ ફળીયુ, વિરણીયા તા.લુણાવાડા જી.મહિસાગરનાનો મળી આવી મહે.જીલ્લા મેજીસ્ટ્રેટ સાહેબશ્રીના જાહેરનામાનો ભંગ કરેલ હોય તેઓના વિરુધ્ધ લુણાવાડા ટાઉન પોલીસ સ્ટેશન બી. પાર્ટ ગુ.ર.નં. ૧૧૧૮૭૦૦૬૨૬૦૦૧૮/૨૦૨૬ BNS કલમ ૨૨૩ મુજબ ગુન્હો રજીસ્ટર કરાવી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી.

**સુરત ક્રાઈમ બ્રાન્ચનું 'ઓપરેશન મધ્યપ્રદેશ'**

# ભોપાલના કુખ્યાત ઈરાની ડેરાનો મુખ્ય સૂત્રધાર રહેમાન ડકેત ઝડપાયો; દેશની 6 ગેંગનું કરતો હતો સંચાલન

• સુરત,




સુરત ક્રાઈમ બ્રાન્ચની ચેઈન સ્નેચિંગ સ્કોડ દ્વારા મધ્યપ્રદેશના ભોપાલ સ્થિત કુખ્યાત 'ઈરાની ડેરા' ના મુખ્ય સૂત્રધાર અને દેશભરમાં કાર્યરત 6 ગેંગના માસ્ટરમાઈન્ડ આબીદ ઉર્ફે રહેમાન ડકેતને સુરતના લાલગેટ વિસ્તારમાંથી દબોચી લેવામાં આવ્યો છે. રહેમાન ડકેત ભોપાલમાં પોલીસ પર પથ્થરમારો અને તેના જ સાથીદારના પરિવારને જીવતા સળગાવવાના પ્રયાસ સહિત અનેક ગંભીર ગુનાઓમાં વોન્ટેડ હતો.

પોલીસ તપાસમાં બહાર આવ્યું છે કે, આ ગેંગ CBI અધિકારી કે પોલીસનો સ્વાંગ રચી વૃદ્ધો ને નિશાન બનાવવી, નજર ચૂકવી ઘરેણાં પડાવવા અને બેંકની બહાર કેમિકલ નાખી લોકોનું ધ્યાન ભટકાવી લૂંટ ચલાવવાની મોડ્સ ઓપરેન્ડી ધરાવે છે. રહેમાન ડકેત પોતે ભોપાલમાં સેફ જગ્યાએ બેસી આખા ભારતમાં તેની ટીમો ઓપરેટ કરતો અને પકડાયેલા સાગરીતો માટે વકીલ તથા કોર્ટ-કચેરીની વ્યવસ્થા પણ કરતો હતો. ભોપાલ પોલીસના 150 જવાનોના દરોડા બાદ તે એમ.પી.થી નાસીને સુરતમાં કોઈ મોટી વારદાતને અંજામ આપે તે પહેલા જ ક્રાઈમ બ્રાન્ચે તેને ઝડપી પાડ્યો છે. આરોપી દિલ્હી, મહારાષ્ટ્ર, હરિયાણા અને પશ્ચિમ બંગાળ સહિતના રાજ્યોના અનેક ગુનાઓમાં વોન્ટેડ હતો.

**દબદબો** — **સમારોહના અંતે યુનિવર્સિટી ગીતનું પ્રેરણાદાયી ગાન કરવામાં આવ્યું હતું**

# ગણપત યુનિવર્સિટીના પ્રમુખ પદ્મશ્રી ગણપતભાઈ પટેલના જન્મદિવસને ‘ વિદ્યાયા સમજોત્કર્ષ દિન તરીકે ઉજવાયો

## ફાર્મા લીડર અને મોટીવેટર ડૉ. પથિક બ્રહ્મક્ષત્રિય અને એનસીસી ઑફિસર લેફ્ટનન્ટ ડૉ. સ્વાતિ નિગમ વિશેષ મહેમાન તરીકે ખાસ ઉપસ્થિત રહ્યા.

• અમદાવાદ



ગણપત યુનિવર્સિટીના દાતા અધિષ્ઠાતા અને પ્રમુખ પદ્મશ્રી ગણપતભાઈ પટેલનો જન્મદિવસ આજે ગણપત યુનિવર્સિટીના આંગણે ‘ વિદ્યાયા સમજોત્કર્ષ :દિવસ ‘ તરીકે ભારે દબદબા સાથે ઉજવાયો હતો. યુનિવર્સિટીના પ્રો ચાન્સેલર પ્રો. ડૉ. મહેન્દ્ર શર્માએ આ અવસરે યોજાયેલા સમારોહમાં આવકાર પ્રવચન દ્વારા સૌ મહેમાનોનું ભાવભીનું સ્વાગત કર્યું હતું અને સમગ્ર યુનિવર્સિટી પરિવાર વતી શ્રી ગણપતદાદાને અભિનંદન અને શુભ કામનાઓ પાઠવીને યુનિવર્સિટી માટેના દાદાના સમર્પિત સેવાના આટલાં વર્ષોના પ્રદાનની ભારે સરાહના કરતા જણાવ્યું હતું કે દાદાનું વિઝન તેમજ યુનિવર્સિટી માટેની દાદાની પ્રતિબધ્ધતા આજની યુવા પેઢી માટે જ નહીં, આગામી અનેક પેઢીઓના શિક્ષણ અને ચારિત્ર્યઘડતર ઉપર પોતાનો પ્રભાવ ઉભો કરશે. આ સમારોહમાં વિશેષ મહેમાન તરીકે ઉપસ્થિત રહેલા કમાન્ડર ઈન સેવન ગુજરાત બટાલિયન એન.સી.સી.ના લેફ્ટનન્ટ ડૉ. સ્વાતિ નિગમે ગણપત યુનિવર્સિટીની રક્ષાશક્તિ સ્કૂલની એન.સી. સી.ની વિદ્યાર્થીનીઓને સમારોહમાં હાજર જોઈને રાજીપો વ્યક્ત કરતા દીકરીઓને હિમ્મતવાન બનાવા કહ્યું હતું. એમણે ઓપેરશન સિંદૂરમાં પોતાનું મહત્વનું યોગદાન આપનાર આર્મીની બે બહાદુર મહિલાઓની વાત કરીને હવે સ્ત્રીઓ માટે પણ લશ્કરમાં અનેકવિધ તકો રહેલી છે એ તરફ નિર્દેશ કર્યો હતો. એમણે એમ પણ કહ્યું હતું કે શિસ્ત અને સમર્પણની ભાવના ભારતના લશ્કરનો આત્મા છે...ખરી શક્તિ છે. દાદાના જન્મ દિવસની ઉજવણીના અન્ય એક ખાસ મહેમાન દેશના અગ્રણી ફાર્મા લીડર અને આઈકનેક્ટર ફાર્મા ઈનોવેશન્સ કંપનીના ફાઉન્ડર સી.ઈ.ઓ. ડૉ. પથિક સુભાષચંદ્ર બ્રહ્મક્ષત્રિયે આજે સ્વામિ વિવેકાનંદનો પણ જન્મ દિવસ છે એવું કહીને સ્વામીજીને અને દાદાને જ્ઞાન દ્વારા માનવતાની નિસ્વાર્થ સેવા કરનારા ભેખધારીઓ તરીકે બિરાદાવ્યા હતા. એમણે ગીતાના નમ્ર અને જિજ્ઞાસુ થવાના બોધને જ્ઞાન પ્રાપ્તિ માટેના આવશ્યક ગુણો ગણાવ્યા હતા અને સમજાવ્યું હતું કે જ્ઞાનનું દાન સમાજ માટેનું શ્રેષ્ઠ દાન છે અને એટલે જ એમણે કહ્યું કે વિદ્યા દ્વારા સમાજ ઉત્કર્ષનું યુનિવર્સિટીનું ધેય એ ‘ સાચી ચેરિટી ‘ છે. શ્રી બ્રહ્મક્ષત્રિયજીએ જ્ઞાનને સૌથી વધુ શક્તિશાળી ગણાવ્યું હતું. પૈસાને એક મર્યાદા છે.. એનું મૂલ્ય એક સમય પૂરતું જ હોય છે જયારે જ્ઞાન અનંત છે..ટકાઉ છે. એમણે ‘ દાસ ‘ બનીને ‘ સેવા ‘ કરતા ‘ લીડર ‘ નું બહુ મોટું મૂલ્ય આંક્યું હતું અને આપણા માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીનું ઉદાહરણ એમણે આ કક્ષાના શ્રેષ્ઠ લીડર તરીકે ટાંક્યુ હતું. ગણપત દાદાની સેવાને પણ એમણે આ શ્રેણીમાં જ ગણાવી હતી. એમણે ગીતાના વિવિધ શ્લોકને ટાંકીને સેવા, સમર્પણ,સંવેદના, વિવેક અને પ્રેમ અને કરુણા જેવાં અનેક સદગુણોનો મહિમા કર્યો હતો અને આ સૌ ગુણોને દાદાની જેમ જીવનમાં ઉતારવાની શીખ આપી હતી. જેમના જન્મદિવસને ગણપત યુનિવર્સિટી દર વર્ષે ‘ વિદયા સમજોત્કર્ષ: ‘ દિવસ તરીકે ભારે હર્ષ અને ઉત્સાહ સાથે ઉજવે છે તે યુનિવર્સિટીના મુખ્ય દાતા અને પ્રમુખ પદ્મશ્રી ગણપત દાદાએ આ અવસરે પોતાના મનોગતને પ્રગટ કરતા જણાવ્યું હતું કે મને બધાં પદ્મશ્રી પદ્મશ્રી કહીને ખુબ માન, પ્રેમ અને આદર આપે છે પરંતુ હું એકલો એનો હકદાર નથી.... આપ સૌ પણ એમાં ભાગીદાર છો, સહયોગીઓ છો. હું પદ્મશ્રી, તો દાદી મિસિસ પદ્મશ્રી છે, તમે બધાં ફ્રેંડ્સ ઑફ પદ્મશ્રી છો, મારા વહાલા વિદ્યાર્થીઓ ગ્રાન્ડ ચિલ્ડ્રન ઑફ પદ્મશ્રી છે...! માટે આ મારી અંગત ઉજવણી નથી, આપણા સૌની છે. મારે માટે આ વિશેષ તો એક સ્મરણ છે - સમાજ માટેની સમર્પિત સેવાનું ! વિવેકાનંદજી કહે છે... અને આપણા મોદીજી પણ કહે છે -- અરાઈઝ, અવેઈક એન્ડ ડૉન્ટ સ્ટોપ અન્ટીલ યુ રિચ ઘી ગોલ ! ઉઠો, જાગો અને ધ્યેયપ્રાપ્તિ સુધી મંડી પડો...! પૂજ્ય દાદાએ શિક્ષણને માત્ર એક પદવી માત્ર નહીં પરંતુ ચારિત્ર્ય નિર્માણ પણ છે એ સમજવાની વિદ્યાર્થીઓને ભલામણ કરી હતી. એમણે યુનિવર્સિટીના નોંધપાત્ર ઉત્કર્ષમાં કુલગુરુ શ્રી મહેન્દ્ર શર્માના પ્રદાનને બહુમૂલ્ય ગણાવી સરાહના કરી હતી, તો પ્રાધ્યાપક મિત્રોને મૂલ્યો, પ્રેરણા અને હિમ્મત દ્વારા વિદ્યાર્થીઓનું સ્વસ્થ માનસ ઘડવાની અપીલ કરી હતી. યુનિવર્સિટીના ડાયરેક્ટર જનરલ પ્રો. ડૉ. આર. કે. પટેલ, પ્રો વાઈસ ચાન્સેલર પ્રો. ડૉ. સત્યેન પરીખ, પ્રો. ડૉ. સૌરભ દવે, પ્રો વાઈસ ચાન્સેલર અને એક્સિક્યુટીવ રજીસ્ટ્રાર ડૉ.ગિરીશ પટેલ, વિવિધ હેડ ઑફ ધી ડિપાર્ટમેન્ટ્સ, ડિન્સ, એક્સક્યુટિવ ડિન્સ, આચાર્યશ્રીઓ, પ્રાધ્યાપકો, ટ્રસ્ટીશ્રી જયંતીભાઈ પટેલ, શ્રી સોમભાઈ રાયકા, શ્રી પ્રવીણભાઈ પટેલ, બૉર્ડ મેમ્બર્સ અને આમંત્રિત મહેમાનો સહિત અનેક વિદ્યાર્થીઓએ આ અવસરે મોટી સંખ્યામાં ખાસ ઉપસ્થિત ઉજવણીને વધુ સાર્થક બનાવી હતી. સમારોહના અંતે યુનિવર્સિટી ગીતનું પ્રેરણાદાયી ગાન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનું ખુબ સુચારુ રૂપે સંચાલન પ્રો. ડૉ. દીપાલીએ કર્યું હતું.

**સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા પણીયાદરા તા વાગરા જી ભરૂચ દ્વારા**

# નશીલા દ્રવ્યોના દુરુપયોગ સામે જાગૃતિ લાવતો રોલ પ્લે - સમાજ માટે પ્રેરણારૂપ સંદેશ

**ગૌરવ** — ગુજરાત રાજ્યનું રાષ્ટ્રીય કક્ષાએ ગ્વાલિયર ખાતે પ્રતિનિધિત્વ કર્યું

• સૈફ અલી ભટ્ટી વાગરા
અમદાવાદ




આજના સમયમાં નશીલા દ્રવ્યોનું વધતું વપરાશ સમાજ માટે ગંભીર ચિંતાનો વિષય બની ગયું છે. યુવાનો ખાસ કરીને ખોટી સંગતમાં આવી પોતાના ઉજ્જવળ ભવિષ્યને અંધકારમય બનાવી રહ્યા છે. આ ગંભીર સમસ્યા સામે જાગૃતિ લાવવા માટે રાષ્ટ્રીય કક્ષાની રોલ પ્લે સ્પર્ધામાં “નશીલા દ્રવ્યોનો દુરુપયોગ અને તેની રોકથામ” વિષય પર એક અત્યંત અસરકારક નાટ્યરૂપ રજૂ કરવામાં આવ્યું. આ રોલ પ્લેની કથાવસ્તુ એક હોશિયાર અને મહેનતી વિદ્યાર્થી પર આધારિત હતી, જે મિત્રો ની ખોટી સંગતમાં આવી કોકેઈન જેવા ઘાતક ડ્રગ્સના વ્યસનમાં ફસાઈ જાય છે. શરૂઆતમાં તે આદતને ફેશન અને મોજ-મજા સમજીને સ્વીકારે છે, પરંતુ ધીમે ધીમે તેની જિંદગી પર તેની ખરાબ અસર થવા લાગે છે. અભ્યાસમાં મન ન લાગવું, વર્તનમાં ફેરફાર, પરિવારથી દૂર થવું અને સ્વાસ્થ્ય બગડવું - આ બધું તેના જીવનનો ભાગ બની જાય છે. સમય જતા તેને પોતાની ભૂલનો અહેસાસ થાય છે. ત્યારબાદ તે પોતાના શિક્ષક, ડોક્ટર અને પરિવારની મદદથી નશાના ચક્રવ્યૂહમાંથી બહાર નીકળે છે. કઠિન સંઘર્ષ અને મજબૂત મનોબળ દ્વારા તે ફરીથી પોતાનું જીવન સંવારી લે છે અને પોતાની પ્રતિભા દ્વારા ફરી પ્રથમ ક્રમ પ્રાપ્ત કરીને સાબિત કરે છે કે ઈચ્છાશક્તિ હોય તો કોઈ પણ વ્યસનથી મુક્તિ મેળવી શકાય છે. આ નાટ્યરૂપ દ્વારા સમાજની એક કડવી હકીકત પણ ઉજાગર કરવામાં આવી કે આજે કેટલાય યુવાનો ખોટી સંગતમાં આવી પોતાનું ભવિષ્ય બરબાદ કરી રહ્યા છે અને કેટલાય પરિવારો નશાની લતના કારણે તૂટી જઈ રહ્યા છે. આ રોલ પ્લે દ્વારા સમાજને સ્પષ્ટ સંદેશ આપવામાં આવ્યો કે “નશો ક્યારેય કરવો નહીં અને કોઈ દબાણ કરે તો મજબૂતીથી ‘ના’ કહેતા શીખવું.” જો આપણી આસપાસ કોઈ વ્યક્તિ નશાની લતનો શિકાર હોય તો તેને એકલા છોડવાને બદલે નશામુક્તિ કેન્દ્ર, નશામુક્તિ હેલ્પલાઈન નંબર અથવા ઉમંગ એપ્લિકેશનનો ઉપયોગ કરીને તેને મદદ પહોંચાડવી જોઈએ. આ પ્રસ્તુતિ માત્ર નાટક નહીં પરંતુ સમાજને જાગૃત કરતો એક અભિયાન બની રહ્યો, જે યુવાનોને સાચો માર્ગ પસંદ કરવાની પ્રેરણા આપે છે.

# હઝરત પીર ગેબનશાહ સરકારના સંદલ શરીફની ભવ્ય અને શાનદાર ઉજવણી

**વાગરાના સારણમાં આસ્થાનો રંગ છલકાયો**

• સૈફ અલી ભટ્ટી વાગરા

વાગરા તાલુકાના સારણ ગામે આવેલ હઝરત પીર ગેબનશાહ સરકાર (રહે.)ના પાવન દરબારમાં પરંપરાગત સંદલ શરીફની ઉજવણી અત્યંત ભક્તિભાવ અને ઉત્સાહભેર યોજાઈ હતી. આ ધાર્મિક પ્રસંગે આસપાસના ગામો સહિત દૂરદૂરથી શ્રદ્ધાળુઓ મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા, જેના કારણે સમગ્ર વિસ્તાર આસ્થાના રંગે રંગાઈ ગયો હતો. સંદલ શરીફની વિધિ દરમિયાન દરગાહ પર ફૂલોની સુગંધ, ધૂપ-અગરબત્તીની મહેક અને કલામોની ગુંજ સાથે આધ્યાત્મિક માહોલ સર્જાયો હતો. શ્રદ્ધાળુઓએ ચાદર ચઢાવી દુઆઓ માગી અને સૌહાર્દ તથા ભાઈચારાની ભાવના વ્યક્ત કરી હતી. આ પ્રસંગે નાત શરીફના સુમધુર પઠન સાથે સંદલ શરીફનું ભવ્ય ઝુલુસ પણ નીકળ્યું હતું. ઝુલુસ દરમિયાન નારા, કલામો અને નાત શરીફની ગુંજથી સમગ્ર સારણ ગામ ગુંજી ઉઠ્યું હતું. શ્રદ્ધાળુઓ ઝુલુસમાં જોડાઈ પીર સાહેબ પ્રત્યે પોતાની અતૂટ શ્રદ્ધા વ્યક્ત કરી રહ્યા હતા, જ્યારે માર્ગ પર ફૂલવર્ષા અને અગરબત્તીની સુગંધથી આધ્યાત્મિક વાતાવરણ વધુ મનોહર બન્યું હતું. સાંજના સમયે સૌ માટે આમ નિયાજનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં મોટી સંખ્યામાં લોકોએ નિયાજ ગ્રહણ કરી પીર સાહેબની બરકત મેળવી હતી. સમગ્ર કાર્યક્રમ શાંતિ, સુવ્યવસ્થા અને ધાર્મિક એકતાના સંદેશ સાથે સંપન્ન થયો હતો. સારણ ગામે યોજાયેલી આ સંદલ શરીફની ઉજવણી એકવાર ફરીથી સમાજમાં સ્નેહ, સમરસતા તથા ભાઈચારાની ભાવનાનું ઉત્તમ ઉદાહરણ બની રહી.



# નર્મદામાં ઉતરાણ પર્વે આદિવાસી ઓમાં મામાં ભાણેજ ને શેરડીનું દાન આપવાની અનોખી પ્રથા

• દીપક જગતાપ, રાજપીપલા

નર્મદામાં ઉતરાણ પર્વે આદિવાસી ઓમાં મામાં ભાણેજને શેરડીનું દાન આપવાની અનોખી પ્રથા છે. આજે રાજપીપલા બજાર માં આદિવાસી ઓએ શેરડીની ધૂમ ખરીદી કરી હતી શેરડી દાન કરવાથી મામાં ભાણેજ માં શેરડી જેવી કાયમી મીઠાશ આવે છે. અને આખુ વર્ષ શેરડી જેવા સબંધો મીઠા અને મજબૂત બને છે. ઉતરાણ પર્વે શેરડી દાન કરવા પાછળનો હેતુ એ છે કે આદિવાસીઓ દ્વારા શેરડીનું દાન કરવાથી મામાં ભાણેજ અને પરિવારોના જીવનમાં શેરડી જેવી કાયમી મીઠાશ આવે છે. અને આખુ વર્ષ શેરડી જેવા સબંધો મીઠા અને મજબૂત બને છે. આ સંબંધો મીઠાં કરવા ઉતરાણ પર્વે આદિવાસીઓ ર શેરડીનું દાન કરે છે.



બહેન અને ભાણેજોને શેરડીનું દાન કરવાથી સો બ્રાહ્મણોને આપેલા દાન બરાબર માનવામાં આવે છે.અને આ દાન પણ શ્રેષ્ઠ મનાય છે. જેને કારણે ઉતરાણ પર્વ ટાણે આજે રાજપીપલાના બજારમાં શેરડીનો નવો ઢગલો માલ ખડકાયો છે. શેરડીનો દાન નનો અને મંદિરોમાં પૂજા નું મહત્વ હોવાથી મોટી સંખ્યામાં લોકોએ આજે શેરડીની ખરીદી કરી હતી.

# જેતપુરના જેપુર ગામમાં જેટકો કંપનીની દાદાગીરીનો ભોગ બન્યા ખેડૂત

• સુરેશ ભાલીયા જેતપુર

જેતપુર તાલુકાના જેપુર ગામમાં જેટકો (JETCO) કંપની દ્વારા ખેડૂતોની સંમતિ વિના અને યોગ્ય વળતર આપ્યા વગર વીજ પોલ નાખવાની કામગીરી દરમિયાન એક આઘાતજનક ઘટના સામે આવી છે. ખેતરમાં બળજબરીથી થતી કામગીરી જોઈને આઘાત લાગતા ખેડૂત ભગવાનજીભાઈ (જગદીશભાઈ) રૂપાપરાનું હાર્ટ એટેકથી કરુણ મૃત્યુ નિપજ્યું છે. આ ઘટનાને પગલે સમગ્ર પંથકના ખેડૂતોમાં રોષ ફાટી નીકળ્યો છે. બળજબરીથી કામગીરી કરતા ખેડૂત હબક ખાઈ ગયા જેપુર ગામના ખેડૂત ભગવાનજીભાઈના ખેતરમાં શિયાળુ ઘઉંનો પાક ઉભો હતો. તે દરમિયાન જેટકો કંપની દ્વારા પોલીસ પ્રોટેક્શન સાથે કોઈપણ પૂર્વ મંજૂરી કે વળતર આપ્યા વગર વીજ લાઈન અને પોલ નાખવાની કામગીરી શરૂ કરવામાં આવી હતી. વર્ષોની મહેનતથી ઉછેરેલા પાકને નુકસાન થતું જોઈ અને કંપનીના અધિકારીઓની જોહુકમી સામે લાચાર બનેલા ખેડૂત ભગવાનજીભાઈને રાત્રિના સમયે છાતીમાં દુખાવો ઉપડ્યો હતો અને હોસ્પિટલ પહોંચે તે પહેલા જ તેમનું નિધન થયું હતું. આ ઘટનાની જાણ થતા જ વિસાવદર વિધાનસભાના આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ગોપાલભાઈ ઈટાલિયા મૃતક ખેડૂતના ઘરે સાંત્વના આપવા દોડી આવ્યા હતા. તેમણે પરિવારની મુલાકાત લીધા બાદ મીડિયા સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, ‘ગુજરાતમાં ભાજપ સરકાર અને ખાનગી કંપનીઓ મિલીભગત કરીને ખેડૂતો પર અત્યાચાર ગુજારી રહી છે.

**ધોળકાના ફ્રીડમ ડે કેર સેન્ટર ખાતે**

# મકરસંક્રાંતિ પર્વની પ્રેરણાદાયી ઉજવણી જનજાગૃતિ કાર્યક્રમ યોજાયો

• ધોળકા

ન્યુ વે એજ્યુકેશનલ એન્ડ રૂરલ ડેવલપમેન્ટ ટ્રસ્ટ સંચાલિત ’ફ્રીડમ ડે કેર સેન્ટર’, ધોળકા મુકામે તા-13 જાન્યુઆરી 2026, મંગળવાર મકરસંક્રાંતિના પર્વની હર્ષોલ્લાસ સાથે વિશેષ ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં પરંપરાગત ઉજવણીની સાથે સામાજિક જવાબદારી અને પક્ષી બચાવોના સંદેશ સાથે જનજાગૃતિ ફેલાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. ગુજરાત કોલેજથી ઈન્ટર્નશિપ માટે આવેલી વિદ્યાર્થીનીઓ દ્વારા કેન્દ્રના બાળકોને મકરસંક્રાંતિની સાથે સાથે દક્ષિણ ભારતના ’પોંગલ’ અને પંજાબના ’લોહરી’ પર્વનું મહત્વ સમજાવવામાં આવ્યું હતું. વિદ્યાર્થીનીઓએ બાળકોને પતંગ ચગાવતી વખતે રાખવાની સાવચેતીઓ વિશે માર્ગદર્શન આપ્યું હતું. ખાસ કરીને ’ચાઈનીઝ દોરીનો ઉપયોગ ન કરવો’ અને ’પક્ષીઓ પ્રત્યે કરુણા દાખવવી’ તે બાબત પર ભાર મૂકવામાં આવ્યો હતો.



આ પ્રસંગે ઈન્ટર્નશિપની વિદ્યાર્થીનીઓ અને બાળકોએ સાથે મળીને જનજાગૃતિ ફેલાવતા વિવિધ સ્લોગન જેવા કે:‘ગગનમાં ભલે પતંગ લહેરાય, કોઈ પંખી ઘાયલ ના થાય‘ ‘પક્ષી બચાવો, કરુણા દાખવો‘ ‘ચાઈનીઝ દોરીને કહો ના‘ આવા સૂત્રો સાથેની પ્લેકાર્ડ્સ બનાવી બાળકો સાથે સાંકળ રચીને જનજાગૃતિ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો, જે આકર્ષણનું કેન્દ્ર બન્યો હતો. ઉજવણીના અંતે તમામ બાળકો, સ્ટાફ મિત્રો અને ઈન્ટર્નશિપની વિદ્યાર્થીનીઓએ સાથે મળીને ગુજરાતી પરંપરા મુજબ ઊંધિયું-પૂરી અને જલેબીની જયાફત માણી હતી. કાર્યક્રમના સમાપન પર સંસ્થાના પ્રમુખ ભાવિનભાઈ પરમાર દ્વારા ઉપસ્થિત સૌને મકરસંક્રાંતિ પર્વની હાર્દિક શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

**આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃતિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, ફોટા, સામાજિક, ધાર્મિક પ્રવૃતિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070**

Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad - 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI